દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 118 ■ વિક્રમ સંવત ૨૦૮૨

અધિક જયેષ્ઠ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 May 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૦ મે ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘જોખમી’ રખડતા કૂતરાઓને આપો ‘શાંત’ મોતઃ સુપ્રીમ કોર્ટ

OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE
+ ₹250 PER GRAM EXTRA
ON EXCHANGE OF OLD GOLD
TODAY'S GOLD RATE
₹14,580/-
PER 1 GRAM OF 22KT
ANTARA
GOLD & DIAMONDS
*T&C Apply
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## ‘શ્વાન રસીકરણ અને વંધ્યીકરણ બાદ પાછા મૂળ જગ્યાએ આવવા ન જોઈએ’ દરેક જિલ્લામાં પ્રાણીઓના જન્મ-નિયંત્રણ કેન્દ્ર રાખવા આદેશ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે હડકાયેલા સહિત જોખમી કૂતરાને ‘શાંતિપૂર્વક’ મારી નાખવા મંગળવારે મંજૂરી આપી હતી.

ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ સંદીપ મહેતા અને ન્યાયાધીશ એન. વી. અંજારિયાની બૅન્ચે દેશમાં રખડતા કૂતરાના કહેવાતા દૂષણને ડામવા માટે અનેક સૂચના પણ આપી હતી.

સર્વોચ્ચ અદાલતે રખડતા કૂતરાને કોઇ ચોક્કસ સ્થળે જ રાખવા અને તેઓના વંધ્યીકરણ માટે પોતાના દ્વારા અગાઉ અપાયેલા આદેશને પાછો ખેંચવાનો મંગળવારે ઇનકાર કર્યો હતો.

બૅન્ચે જણાવ્યું હતું કે દેશના લોકોને કૂતરા કરડે નહિ, તે રીતે તેઓને રસ્તા પર મુક્ત રીતે ચાલવાનો અધિકાર છે.

સર્વોચ્ચ અદાલતે પશુ-પ્રેમીઓ અને અન્ય લોકો દ્વારા કરાયેલી અરજીઓના સંદર્ભમાં જણાવ્યું હતું કે દેશમાં રખડતા અનેક કૂતરા બાળકો, વૃદ્ધો અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને કરડ્યા હોવાના બનાવો નોંધાયા છે અને આ અદાલત આ દૂષણ સામે ચુપકીદી સેવી ન શકે.

તેણે જણાવ્યું હતું કે અમે રખડતા કૂતરાના દૂષણને રોકવા માટે નગરપાલિકાઓ અને અન્ય સંબંધિત સત્તામંડળના અધિકારીઓને પગલાં લેવા આદેશ આપીએ છીએ. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જ્યાં રખડતા કૂતરાની વસતિ ઘણી જ (જુઓ પાનું ૨) ▶▶

## બાન્દ્રામાં બુલડોઝર



મુંબઈના બાન્દ્રા પૂર્વમાં રેલવે સ્ટેશન પાસેના પરિસરમાં ગેરકાયદે બાંધકામોનો જાણે રાફડો ફાટ્યો હતો. બૉમ્બે હાઈ કોર્ટના આદેશ પછી આ બાંધકામો પર મંગળવારથી બુલડોઝર ફેરવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ માટે પોલીસ અને અન્ય સુરક્ષા દળોના ૪૦૦થી વધુ જવાનો સુરક્ષા-વ્યવસ્થા માટે તહેનાત કરી દેવામાં આવ્યા હતા. ભારે સુરક્ષા વચ્ચે પાંચ દિવસ સુધી બાંધકામના સફાયાની કામગીરી ચાલવાની છે.

(તસવીરઃ અમય ખરાડે) **(વિસ્તૃત અહેવાલો છેલ્લે પાને)**

## ગુજરાતમાં ૨૨૬ કરોડના ટેરર ક્રિપ્ટો સોદાઃ હમાસ સાથે કનેક્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સીઆઈડી ક્રાઈમે ૨૨૬ કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય ક્રિપ્ટોકરન્સી નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો, જેમાં એક વોન્ટેડ આરોપી આતંકવાદી સંગઠન હમાસના ફ્રન્ટ ઓર્ગેનાઈઝેશન સાથે સંકળાયેલો હોવાનું અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

સીઆઈડી ક્રાઈમે અમદાવાદના સાત અને મુંબઈ અને હરિયાણાના કરનાલના એક-એક આરોપી સહિત નવ આરોપીની ધરપકડ કરી હતી. સીઆઈડી ક્રાઈમના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ એ ખુલાસો કર્યો (જુઓ પાનું ૨) ▶▶

## હપ્તે-હપ્તે વધી રહી છે મોંઘવારીઃ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૯૦ પૈસા વધ્યા

નવી દિલ્હી : આ અઠવાડિયામાં બીજી વાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. શુક્રવારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ત્રણ રૂપિયાનો વધારો કર્યા બાદ મંગળવારે એમાં ફરી ૯૦ પૈસાની વૃદ્ધિ કરવામાં આવી છે. અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો ત્યાર બાદ આખા વિશ્વમાં ખનીજ તેલના ભાવમાં ભડકો થયો છે અને આને લીધે સરકારી રીટેલર કંપનીઓને થતા જંગી (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાન પરનું આક્રમણ ટ્રમ્પે છેલ્લી ઘડીએ રોક્યું

### કતાર, સઉદી અને યુએઇની વિનંતી પર અમેરિકી હુમલો હાલ પૂરતો મોકૂફ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે કતાર, સઉદી અરેબિયા અને યુએઈની વિનંતી પર ઇરાન પર નવા હુમલાઓ અટકાવી દીધા છે, અને ભારપૂર્વક જણાવ્યું છે કે તેહરાન સાથે ગંભીર ચર્ચા ચાલી રહી છે જે સ્વીકાર્ય કરાર તરફ દોરી શકે છે.

ટ્રમ્પે સોમવારે મોડી બપોરે ટ્રુથ સોશ્યલ પર આ જાહેરાત કરી હતી, જેમાં અમેરિકા-ઇરાન યુદ્ધમાં મધ્યસ્થી કરનાર પાકિસ્તાનનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. મને (જુઓ પાનું ૨) ▶▶

## વન-ડે ટીમમાંથી પંતની બાદબાકી, ટેસ્ટની વાઇસ-કૅપ્ટન્સી પણ ગુમાવી

### ગુર્નુર બ્રાર, હર્ષ દુબે, માનવ સુથાર સરપ્રાઇઝ ચૉઇસ, પ્રિન્સ યાદવને આઇપીએલમાં સારા દેખાવનો શિરપાવ

ગુવાહાટીઃ વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતને ભારતની વન-ડે ટીમમાંથી કાઢી નાખવામાં આવ્યો છે અને અગાઉ તેને ટેસ્ટ ટીમનું જે ઉપકપ્તાનપદ સોંપવામાં આવ્યું હતું એ પણ પાછું લઈ લેવામાં આવ્યું છે. આવતા મહિને ઘરઆંગણે અફઘાનિસ્તાન સામે ભારતનો એક ટેસ્ટમાં અને ત્રણ વન-ડેમાં મુકાબલો થશે અને એ માટેની બન્ને ટીમ મંગળવારે જાહેર કરવામાં આવી હતી.

આગામી છ જૂને ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં અફઘાનિસ્તાન સામે ભારતની એકમાત્ર ટેસ્ટ રમાશે. ત્યાર પછી ૧૪મી જૂનથી અફઘાનિસ્તાન સામે ધરમશાલા, લખનઊ અને ચેન્નઈમાં અનુક્રમે ત્રણ વન-ડે રમાશે અને એ માટે જાહેર કરવામાં આવેલી બન્ને ટીમનું સુકાન શુભમન ગિલને સોંપવામાં આવ્યું છે. અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં આ ટીમો (જુઓ પાનું ૨) ▶▶

### નવી મુંબઈના ઍરપોર્ટને નવું નામઃ સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

## યુવાનો શાંતિથી વિરોધ કરે ખરા, પણ રસ્તા પર ન ઊતરેઃ સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હીઃ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું નવું નામ આપવાની મહારાષ્ટ્ર સરકારની દરખાસ્ત અંગે ચોક્કસ સમયમાં નિર્ણય લેવાનો કેન્દ્રને આદેશ આપવાની દાદ ચાહતી અરજી હાથ ધરવાનો સર્વોચ્ચ અદાલતે મંગળવારે ઇનકાર કર્યો હતો.

અગાઉ, મહારાષ્ટ્ર સરકારે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું નવું નામ ‘લોકનેતા ડી. બી. પાટીલ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક’ રાખવાની દરખાસ્ત કેન્દ્રને મોકલી હતી.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે નવી મુંબઈના ઍરપોર્ટનું નવું નામ આપવા માટે દેખાવ કરી રહેલા લોકોના સંદર્ભમાં મંગળવારે જણાવ્યું હતું કે બધા ભારતીયોને શાંતિથી વિરોધ નોંધાવવા દેખાવ કરવાનો અધિકાર છે, પરંતુ યુવાનોએ આવા મુદ્દે રસ્તા પર દેખાવ યોજવા ન જોઇએ.

તેમણે આ મુદ્દે દેખાવ કરી રહેલા યુવાનોની (જુઓ પાનું ૨) ▶▶



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૂતરાના આતંકને રોકવો જરૂરી, માણસના ભોગે જીવદયા ના હોય

**ભારતમાં** રખડતાં કૂતરાંના મુદ્દે લાંબા સમયથી ઘમસાણ ચાલી રહ્યું છે ત્યારે સુપ્રીમ કોર્ટે બહુ મોટો ચુકાદો આપીને ખતરનાક અને બીમાર રખડતાં કૂતરાંને ઇન્જેક્શન આપીને મારવાની મંજૂરી આપી દીધી. સુપ્રીમ કોર્ટે પહેલાં રખડતાં કૂતરાંને જાહેર સ્થળેથી ખસેડવા ફરમાન કરેલું. તેના કારણે જીવદયા પ્રેમીઓને માઠું લાગી ગયેલું ને તેમણે કૂતરાં તરફ દયાભાવ બતાવવા માટે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી. સુપ્રીમ કોર્ટે આ અરજીઓને ફગાવી તો દીધી જ પણ પહેલાં કરતાં પણ વધારે આકરું વલણ લઈને કહ્યું છે કે, રખડતાં કૂતરાંના કારણે લોકોના જીવ પર ખતરો છે એ જોતાં ખતરનાક કૂતરાંને મારી નાખવામાં કશું ખોટું નથી.

સુપ્રીમ કોર્ટે નવેમ્બર ૨૦૨૫માં સ્કૂલો, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશનો વગેરે જાહેર સ્થળોએથી રખડતાં કૂતરાંને હટાવવા ફરમાન કરેલું. સુપ્રીમ કોર્ટે કૂતરાંને શેલ્ટર હોમમાં રાખવા અને ફરી પાછા નહીં છોડવા, રસ્તા પર રખડતાં કૂતરાંને ખવડાવવા પર પણ પ્રતિબંધ લગાવી દીધેલા. આ પ્રતિબંધોથી કકળી ઉઠેલા જીવદયા પ્રેમીઓએ આ આદેશોને રદ કરવા અરજીઓ કરેલી તેથી રાજ્ય સરકારોએ કશું કર્યું નહીં. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને પણ તતડાવી છે અને તાત્કાલિક રીતે પોતાના આદેશોનું પાલન કરવા ફરમાન કર્યું છે. આ ફરમાનનું પાલન નહીં કરનાર અધિકારી સામે અવમાનનાનો કેસ ચલાવાશે એવી ચીમકી પણ કોર્ટે આપી છે.

સુપ્રીમ કોર્ટનો આદેશ યોગ્ય છે કેમ કે કૂતરાંનો ત્રાસ વધી રહ્યો છે. રસ્તે રઝળતાં કૂતરાં નાનાં બાળકોને પણ છોડતાં નથી. કૂતરાં કરડવાના કારણે બાળકોનાં મોત થયાના કિસ્સા પણ નોંધાયા છે. વિચાર કરો કે, એકલા તમિલનાડુમાં જ વરસના પહેલા ચાર મહિનામાં કૂતરાં કરડવાના ૨ લાખ કેસ નોંધાયા છે. ૨૦૨૪માં આખા દેશમાં ૩૭ લાખ લોકોને કૂતરાં કરડી ગયેલાં એ જોતાં કૂતરાં આતંકી જ બની ગયાં છે. આ આતંકને ના રોકવામાં આવે તો કૂતરાં લોકોનું બહાર નિકળવું જ મુશ્કેલ કરી દેશે એ જોતાં આકરું વલણ જરૂરી છે. સરકારો પાસે પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી તેથી સરકારો કઈ રીતે આ આદેશોનું પાલન કરશે એ જોવાનું છે પણ લોકોની સુરક્ષાની જવાબદારી સરકારોની છે તેથી તેમણે ગમે તે રીતે અમલ કરવો જ પડશે.

સુપ્રીમ કોર્ટનો આદેશ ભારતમાં જીવદયાના નામે ચાલતા તૂતને મોટી લપડાક છે તેથી પણ આ ચુકાદો મહત્ત્વનો છે. જીવદયા સારો વિચાર છે પણ માણસોના જીવનના ભોગે જીવદયા ના બતાવી શકાય, માણસના અસ્તિત્વને ખતરામાં મૂકે એવી જીવદયા ના ચાલે. આ વાત થોડી સ્વાર્થથી ભરેલી લાગશે પણ અસ્તિત્વની વાત આવે ત્યારે માણસે સ્વાર્થી બનવું જ પડે. કૂતરાં કે બીજાં પ્રાણી માણસોને મારી નાખે ને સામે કશું ના કરી શકાય એવી જીવદયા જરાય સારો વિચાર નથી.

સેલ્ફ ડિફેન્સ એટલે કે આત્મરક્ષાના અધિકારને આપણા બંધારણે પણ સ્વીકાર્યો છે. દુનિયાના બધા સભ્ય દેશોમાં આત્મરક્ષાનો અધિકાર છે એ જોતાં કૂતરાં કે બીજાં પ્રાણીઓ માણસ પર હુમલો કરે ત્યારે બચાવ કરવામાં કશું ખોટું નથી. આ પ્રકારના હુમલા વધે તો હુમલાખોરનો ખાતમો કરવો એ પણ માણસનો અધિકાર છે એ જોતાં માનવજીવન માટે ખતરારૂપ કોઈ પણ પ્રાણીને મારવા આડે જીવદય ના આવવી જોઈએ.

ભારતમાં જીવદયાને ધર્મ સાથે જોડી દેવાઈ છે તેથી સંવેદનશીલ મુદ્દો બની ગયો છે. આ કારણે લોકો તેની વિરુદ્ધ બોલતાં નથી પણ વાસ્તવિક રીતે જોઈએ તો જીવદયાથી મોટું કોઈ તૂત નથી ને આ તૂતને પોષવા જઈએ તો માનવજાત જ ખતમ થઈ જાય. કૂતરાંનો મુદ્દો તો નાનો છે પણ આપણે ત્યાં જીવદયાના નામે માંસાહારનો વિરોધ કરવાથી માંડીને કતલખાનાં પર પ્રતિબંધ સુધીનાં જાત જાતનાં તૂત ચાલે છે. જે લોકો આવી વાતો કરે છે તેમને જીવદયા બતાવીને પશુઓની કતલ ના કરાય તો શું થાય તેનો અંદાજ જ નથી.

તમે વિચાર કરો કે, પશુઓની કતલ બંધ કરાય ને તમામ લોકો માંસાહાર છોડીને શાકાહાર તરફ વળે તો બધાંને પૂરું પડે એટલું અનાજ, શાકભાજી, કઠોળ વગેરે દુનિયામાં પાકે છે ખરું? દુનિયાની વાત છોડો પણ ભારતમાં જ તમામ લોકો શાકાહારી બને તો ભારતમાં તમામ લોકોને અનાજ, શાકભાજી, કઠોળ પૂરું પાડવાની આપણી ત્રેવડ છે ખરી ? બિલકુલ નથી. ભારતમાં જ કુલ વસતીમાંથી ૭૦ ટકાથી વધારે લોકો માંસાહારી છે અને શાકાહારીઓનું પ્રમાણ ૩૦ ટકાથી પણ ઓછું છે.

રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને ગુજરાત એ ચાર જ રાજ્યો એવાં છે કે જેમાં માંસાહારી કરતાં શાકાહારીઓની બહુમતી છે, બાકી દેશનાં બીજાં બધાં રાજ્યોમાં માંસાહારીઓ જ બહુમતીમાં છે. તેમાં પણ તેલંગાણા, આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, કેરળ અને તમિલનાડુમાં તો ૯૦ ટકાથી વધારે વસતી માંસાહાર કરે છે. રાજસ્થાન સૌથી વધારે શાકાહારી વસતી ધરાવે છે પણ ત્યાં પણ ૨૫ ટકા વસતી તો શાકાહારી છે જ. ગુજરાતમાં પણ ૩૦ ટકાથી વધારે પ્રજા માંસાહારી છે. આ બધાં લોકો માટે અનાજ, શાકભાજી, કઠોળ, દૂધ પેદા કરવા જેટલી જમીન જ આપણી પાસે નથી ને છતાં લોકો શાકાહારનાં પિપૂડાં વગાડે છે.

માનો કે, જીવદયા બતાવીને પશુઓની કતલ ના થાય તો આ પશુઓને રાખવાં ક્યાં ને તેમને ખવડાવવું શું ? આપણે ગાયને માતા ગણીએ છીએ પણ રસ્તે રઝળતી ગાયોના રહેવાની ને ખાવાની વ્યવસ્થા કરી શકતા નથી ત્યાં બધાં પ્રાણીઓની વ્યવસ્થા કઈ રીતે કરી શકીએ? ભારતમાં દરરોજ ૮૫ લાખ જમીન પરનાં પશુઓની કતલ થાય છે ને વરસે ૩૧૨ કરોડ પશુઓ કપાય છે. આમાં માછલીઓ કે બીજાં પાણીમાં રહેતાં પશુઓની તો ગણતરી જ કરી નથી. હવે તેમાંથી દસમા ભાગનાં પશુ જ જીવતાં રહે તો શું થાય? આપણાં ખેતરોમાં ભેલાણ કરીને માણસો માટેનું અનાજ ખાઈ જાય ને પછી એ બધું બહાર કાઢીને આ દેશને ઉકરડો બનાવી દે. ખેતરોમાં ખાવાનું કશું ના બચે તો ઝાડ-પાંદડાં પતાવી દે ને એ પતી જાય પછી આપણાં ઘરોમાં ઘૂસી જાય. તેમની પાશવી તાકાત સામે આપણે ઝીંક ઝીલી શકીએ? ના ઝીલી શકીએ ને એ વખતે આત્મરક્ષા માટે તેમને મારવાં જ પડે તો અત્યારે મરાય તેમાં શું ખોટું છે?

જીવદયાના ઝંડાધારીઓએ વાસ્તવવાદી બનવાની જરૂર છે. દુનિયા સિદ્ધાંતો પર નથી ચાલતી પણ તાકાત પર ચાલે છે. માણસો હથિયારો વાપરી શકે છે, મશીનો વાપરી શકે છે એ તેમની તાકાત છે. આ તાકાતને જોરે માણસો પશુઓને ખાઈ શકે છે ને દુનિયાનું સંતુલન જળવાય છે. બાકી માણસ જીવદયા બતાવીને હથિયારો ને મશીનોને બાજુ પર મૂકી દે તો પશુઓ જ માણસને ખાઈ જાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર ગ્રીષ્મ ઋતુ, બુધવાર, તા. ૨૦-૫-૨૦૨૬, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૩૦, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૦૬-૧૨ સુધી, પછી પુર્નવસુ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૧ સુધી (તા. ૨૧), પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૨-૩૮ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- - મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ-
- ભરતી : બપોરે ક. ૧૪-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૪ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૦૭-૫૫, રાત્રે ક. ૨૧-૦૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ - ચતુર્થી. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૦૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- પુરુષોત્તમ માસ મહિમાઃ જેમ આપણે ઘરની સફાઈ કરીએ છીએ તેમ આ મહિનો આત્માની સફાઈ માટે છે. પુરુષોત્તમ માસમાં કરેલું દાન ખાસ કરીને દીપદાન, અન્નદાન અક્ષય પુણ્ય આપે છે. ઘણાં લોકો આ માસમાં એકટાણું, ભૂમિશયન કે મૌન વ્રત જેવા નિયમો પાળીને માનસિક શિસ્ત કેળવે છે.
- પુરુષોત્તમ માસ મહિમાઃ ભગવાન કૃષ્ણએ આ મહિનાને પોતાનું નામ આપીને વરદાન આપ્યું હતું કે, 'જે વ્યક્તિ મારી ભક્તિ કરશે તેના તમામ કષ્ટો દૂર થશે.' પુરુષોત્તમ માસમાં દીપદાનનો મહિમા છે. દરરોજ શ્રી કૃષ્ણના મંદિરમાં, શ્રી રાધાકૃષ્ણના મંદિરમાં, શ્રી સત્યનારાયણ મંદિર કે હવેલી મંદિરમાં કોડિયામાં તેલનો દીવો અપર્ણ કરવો. શક્તિ હોય તો દરરોજ ચાંદીનો કે તાંબાનો દીવો, અથવા માટીનો દીવો પ્રગટાવીને જ અર્પણ કરવો. બંને એકાદશી, બંને પ્રદોષ, શિવરાત્રિ, અમાવસ્યા આ વિશિષ્ટ તિથિ પર્વ દિને અર્પણ કરવા અથવા બ્રાહ્મણને આવો દીવો અથ વા ચોક્કસ દિવસે અર્પણ કરવો.અધિક માસ એ ભગવાન પુરુષોત્તમ (શ્રીહરિ) નો પવિત્ર મહિનો છે, આ દિવસોમાં ભૌતિક સુખ પાછળ દોડવાને બદલે આત્મિક શુદ્ધિ પરધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ, સફળતા પ્રાપ્ત થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ. શુક્ર આર્દ્રા પ્રવેશ. ચંદ્ર પુનર્વસુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-વૃષભ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ફાલ્ટાની ફેરચૂંટણીમાંથી ખસી ગયો ટીએમસીનો જહાંગીર ખાન

ફાલ્ટાઃ ટીએમસીના ફાલ્ટા ઉમેદવાર જહાંગીર ખાને મંગળવારે જાહેરાત કરી હતી કે તે ૨૧ મેના રોજ વિધાનસભા ક્ષેત્રમાં યોજાનારી ફેર ચૂંટણી પ્રક્રિયામાંથી ખસી રહ્યા છે, અને કહ્યું કે મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીએ વિસ્તારના વિકાસ માટે આપેલા ખાસ પેકેજના વચને તેમને આ નિર્ણય લેવા માટે પ્રેરિત કર્યા હતા.

જોકે, મુખ્ય પ્રધાને દાવો કર્યો હતો કે ખાનને કોઈ મતદાન એજન્ટ નહીં મળે માટે એ ફેરચૂંટણીમાંથી ભાગી ગયો.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ખાને કહ્યું કે તેણે ફાલ્ટાના હિતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે.

હું ફાલ્ટાનો પુત્ર છું, અને હું ઇચ્છું છું કે આ વિસ્તાર શાંતિથી રહે અને વિકાસ પામે. મુખ્ય પ્રધાને ફાલ્ટાના વિકાસ માટે ખાસ પેકેજની જાહેરાત કરી છે, તેથી જ મેં મતવિસ્તારમાં પુનઃ મતદાન પ્રક્રિયાથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ટીએમસીના પ્રવક્તા અરૂપ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે અમે સાંભળ્યું છે કે જહાંગીર ખાને ફાલ્ટા વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી ન લડવાનો કે ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે. અમને હજુ પણ તેમના નામ પાછું ખેંચી લેવા પાછળનું કારણ ખબર નથી. ■

## 'ઓપનએઆઈ' સામેનો ઈલોન મસ્કનો કેસ કોર્ટે કાઢી નાખ્યો

### આઈપીઓ લાવવાનો માર્ગ મોકળો થયો

ઓકલૅન્ડઃ ઇલોન મસ્કે 'ઓપનએઆઇ' અને તેના ટોચના અધિકારીઓ પર દગો દેવાનો આરોપ મૂકીને તેઓ સામે કરેલા કેસને અહીંની એક ફેડરલ કોર્ટે સોમવારે કાઢી નાખ્યો હતો. તેને લીધે ઓપનએઆઇ માટે ઇતિહાસના સૌથી મોટા ઇનિશલ પબ્લિક ઑફરિંગ્સ (આઇપીઓ)માંનું એક લાવવાનો માર્ગ મોકળો થયો હતો. દુનિયાના સૌથી વધુ શ્રીમંત માણસ ઇલોન મસ્ક ૨૦૧૫માં શરૂ કરાયેલી 'ઓપનએઆઇ'ના સહસ્થાપક છે. બાદમાં, 'ચેટજીપીટી' શરૂ કરાઇ હતી. ઇલોન મસ્કે શરૂઆતમાં ઓપનએઆઇમાં ૩.૮ કરોડ ડૉલરનું રોકાણ કર્યું હતું. તેણે ઓપનએઆઇના સીઇઓ સૅમ અલ્ટમેન અને તેના ડેપ્યુટી પર આક્ષેપ કર્યો હતો કે આ લોકોએ મારી 'પીઠ પાછળ' (મને જણાવ્યા વિના) ઓપનએઆઇને નાણાં કમાવાનું સાધન બનાવી દીધું છે. નવ જણની જૂરી (પંચ)એ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે ઇલોન મસ્કે આ કેસ કરવા બહુ જ લાંબો સમય સુધી રાહ જોઇ હતી અને કેસ કરવા માટેની સમય-મર્યાદા ચૂકી ગયા હતા. (એજન્સી) ■

## બ્રિટનથી વાગ્દેવીની મૂર્તિ પાછી લાવવાની માગણી

### આ મૂર્તિ કોહીનૂર કરતાંય કિંમતી એમ અરજદારે કહ્યું

ઇન્દોરઃ મધ્ય પ્રદેશ હાઇ કોર્ટે ધાર સ્થિત ભોજશાળા સંકુલને દેવી વાગ્દેવી (દેવી સરસ્વતી)નું મંદિર જાહેર કર્યા પછી મશહૂર કોહિનૂર હીરો અને બ્રિટનમાં રહેલા અન્ય ભારતીય વારસાની જેમ દેવી વાગ્દેવીની મૂર્તિ પરત કરવાની માગણીઓ ઉગ્ર બની છે. કોર્ટના નિર્ણય બાદ હિન્દુ સમુદાયે પુરાતત્વીય સર્વેક્ષણ ઓફ ઇન્ડિયા (એએસઆઈ) દ્વારા સંરક્ષિત મધ્યયુગીન સંકુલમાં દેવી વાગ્દેવીની પ્રતિમાની પ્રતિકૃતિ સ્થાપિત કરીને તેની પૂજા અર્ચના શરૂ કરી હતી. હિન્દુ પક્ષના અરજદારો લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં રાખવામાં આવેલી મૂળ મૂર્તિને ભારતમાં પરત લાવીને તેને ભોજશાળામાં ફરીથી સ્થાપિત કરવાની માંગ કરી રહ્યા છે. અરજદારેએ કહ્યું હતું કે, હવે કોહિનૂરની જેમ દેવી વાગ્દેવીની પ્રતિમા પરત કરવાનો મુદ્દો હવે ગતિ પકડી રહ્યો છે, પરંતુ અમારા માટે આ પ્રતિમા કોહિનૂર કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. ■

## નોર્ડિક દેશોના વડાઓ સાથે પીએમ મોદીની સફળ બેઠક

ઓસ્લોઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે આઇસલેન્ડ, ફિનલેન્ડ અને ડેન્માર્કના વડાપ્રધાનો સાથે અલગ-અલગ બેઠકો દરમિયાન સ્વચ્છ ઊર્જા, વેપાર અને ડિજિટલાઇઝેશન જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષી સંબંધોને વધુ મજબૂત બનાવવાની રીતો પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને ત્રીજી ભારત-નોડિક શિખર સમિટ પહેલા આ બેઠકો યોજી હતી. આઇસલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટ્રન ફ્રોસ્ટાડોટીર, ફિનલેન્ડના વડાપ્રધાન પેટેરી ઓર્પો અને ડેન્માર્કના વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેન સાથેની તેમની વાતચીત દરમિયાન પીએમ મોદીએ ભારત અને ત્રણ નોડિક રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના પર ચર્ચા કરી હતી. આઈસલેન્ડના વડાપ્રધાન સાથેની બેઠક બાદ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે આઇસલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટ્રન ફ્રોસ્ટાડોટીર સાથે અદભુત બેઠક યોજાઈ હતી. ભારત આઇસલેન્ડ સાથેની મિત્રતાને ખૂબ મહત્વ આપે છે. તેમણે કહ્યું કે બંને પક્ષોએ સ્વચ્છ ઊર્જા, મત્સ્યઉદ્યોગ, ટકાઉપણું, ભૂ-ઉષ્મીય ઊર્જા અને કાર્બન કેપ્ચર અને સંગ્રહ જેવા ક્ષેત્રોમાં સંબંધો સુધારવાની રીતો પર ચર્ચા કરી હતી. બ્લૂ ઇકોનોમી સંબંધિત ક્ષેત્રોમાં આઇસલેન્ડની કુશળતા પ્રશંસનીય છે. અમને આશા છે કે ઐતિહાસિક ભારત-ઈએફટીએ ટીઈપીએ વેપાર અને રોકાણ જોડાણોને પણ પ્રોત્સાહન આપશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### રખડતા કૂતરાઓને

વધી ગઇ હોય અને અવારનવાર કૂતરા કરડવાની ઘટના બનતી હોય, તે વિસ્તારની નગરપાલિકાના અધિકારીઓએ આવા જોખમી કૂતરાને પકડીને ચોક્કસ જગ્યાએ લઇ જઇને 'શાંતિથી' મારી નાખવા જોઇએ.

બૅન્ચે જણાવ્યું હતું કે નગરપાલિકા અને અન્ય સંબંધિત સત્તામંડળના અધિકારીઓએ પ્રાણીઓ સામેની ક્રૂરતા રોકવા માટેના ૧૯૬૦ના કાયદા, પ્રાણીઓના જન્મ-નિયંત્રણને લગતા ૨૦૨૩ના કાયદા અને અન્ય સંબંધિત કાયદાની જોગવાઇને અનુસરીને પશુચિકિત્સકો તેમ જ અન્યની મદદથી પગલાં લેવા જોઇએ. દેશની રાજધાનીમાં રખડતા હડકાયેલા કૂતરા કરડવાથી લોકોને, ખાસ કરીને બાળકોને થતાં હડકવાને લગતા પ્રસારમાધ્યમના અહેવાલને પગલે સર્વોચ્ચ અદાલતે ગયા વર્ષની ૨૮ જુલાઇએ જાતે જ શરૂ કરેલા કેસમાં સંબંધિત ચુકાદો આપ્યો હતો. બૅન્ચે સર્વોચ્ચ અદાલત દ્વારા આ સંબંધમાં રખડતા કૂતરાને કોઇ ચોક્કસ સ્થળે રાખવાની વ્યવસ્થા કરવા અને વંધ્યીકરણ કરવા માટે અગાઉ આપેલા આદેશને પાછો ખેંચવાનો ઇનકાર કર્યો હતો.

તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પોતાના અગાઉના સંબંધિત આદેશનો અમલ કરવા તેમ જ રખડતા કૂતરાને રસી આપ્યા બાદ કે તેઓનું વંધ્યીકરણ કર્યા બાદ પાછા તેઓની મૂળ જગ્યાએ ન આવે તેનું ધ્યાન રાખવાની સૂચના આપી હતી.

બૅન્ચે જણાવ્યું હતું કે દેશના દરેક જિલ્લામાં ઓછામાં ઓછું એક પશુ જન્મ-નિયંત્રણ કેન્દ્ર રાખો. આ સેન્ટરમાં તાલીમ પામેલા કર્મચારીઓ, સર્જરી માટેની સુવિધા, જરૂરી આંતરિક-માળખું અને રખડતા કૂતરાને લાવવા-લઇ જવાની સગવડ રાખવી જરૂરી છે. તેણે જણાવ્યું હતું કે રખડતા કૂતરા બાળકો, આંતરરાષ્ટ્રીય મુસાફરો અને વૃદ્ધોને કરડતા હોય ત્યારે આ અદાલત ચૂપ રહી ન શકે. અગાઉ, સર્વોચ્ચ અદાલતે શૈક્ષણિક સંસ્થાઓ, હૉસ્પિટલો અને રેલવે સ્ટેશનો સહિતના અનેક સાર્વજનિક સ્થળે કૂતરા કરડવાની વધેલી ઘટનાની ગયા વર્ષની સાત નવેમ્બરે ગંભીર નોંધ લઇને આવા રખડતા કૂતરાને પકડીને ચોક્કસ સ્થળે રાખવા તેમ જ તેઓને રસી આપવા અને વંધ્યીકરણ કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

### હપ્તે-હપ્તે

નુકસાનને સરભર કરવા ભાવવધારો અપેક્ષિત હતો. નવી દિલ્હીમાં પેટ્રોલનો લિટરદીઠ ભાવ ૯૭.૭૭ રૂપિયાથી વધીને ૯૮.૬૪ રૂપિયા થયો હતો, જ્યારે ડીઝલનો લિટરદીઠ ભાવ ૯૦.૬૭ રૂપિયથી વધીને ૯૧.૫૮ રૂપિયા થયો હતો. મુંબઈમાં પેટ્રોલ હવે ૧૦૭ રૂપિયામાં અને ડીઝલ ૯૪.૦૮ રૂપિયામાં મળી રહ્યું છે.

કોમ્પ્રેસ્ડ નેચરલ ગૅસ (સીએનજી)નો ભાવ પણ આ સમયગાળામાં વધ્યો છે. ૧૫ મેએ દિલ્હી અને મુંબઈમાં આમાં કિલોદીઠ બે રૂપિયાનો અને રવિવારે એક રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

ભારતનો રીટેલ ફુગાવો એપ્રિલમાં માર્ચની સરખામણીમાં ૩.૪૮ ટકા વધ્યો હતો, જ્યારે હોલસેલ ફુગાવો ૪૨ મહિનાની સર્વોચ્ચ સપાટીએ એટલે કે ૮.૩ ટકાનો થયો હતો. અમેરિકા અને ઇરાન વચ્ચેના યુદ્ધ અને મહત્ત્વના જળમાર્ગ હોર્મુઝ સામુદ્રધુની બંધ થઈ જતા ફેબ્રુઆરીના અંતથી ખનીજ તેલનો ભાવ ૫૦ ટકા વધી ગયો છે.

વિશ્વમાં ભાવ વધ્યા છતાં સરકારી રીટેલરે અગાઉ ભાવ વધાર્યા નહોતા. સરકારે કહ્યું હતું કે ફુગાવા સામે નાગરિકને રક્ષણ આપવા આમ કરવામાં આવ્યું હતું. જોકે વિરોધ પક્ષોએ સરકાર પર આક્ષેપ કર્યો હતો કે ચાવીરૂપ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી હોવાથી ઈંધણના ભાવ વધારવામાં આવ્યા નહોતા. ભાજપે પાંચ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની ચૂંટણીમાં ત્રણમાં જીત મેળવ્યા બાદ શુક્રવારે ભાવવધારો કરવામાં આવ્યો હતો. કૉંગ્રેસે પ્રહાર કરતા કહ્યું હતું કે આ તો શરૂઆત છે અને હજી એમાં વધારો કરશે. અભી તો યે અંગડાઈ હૈ, આગે ઔર મંહગાઈ હૈ' ભાવવધારા છતાં સરકારી રીટેલરને હજી પણ નુકસાન થઈ રહ્યું છે. પેટ્રોલિયમ મંત્રાલયનાં સંયુક્ત સચીવ સુજાતા શર્માએ સોમવારે કહ્યું હતું કે ૧૫ મેના ભાવવધારા છતાં સરકારી તેલ કંપનીઓને દરરોજના ૭૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. (એજન્સી) ■

### ગુજરાતમાં

હતો કે સિન્ડિકેટના બાયનાન્સ એકાઉન્ટ્સ ૯૩૫ જેટલા સાયબર છેતરપિંડીના કેસોમાં સામેલ હતા, અને વૈશ્વિક આતંકવાદ ભંડોળ, નાર્કોટિક્સ અને ડાર્ક વેબ સાથે જોડાયેલા હતા.

સેન્ટરના ટેકનિકલ યુનિટે ક્રિપ્ટોકરન્સી વોલેટ્સ અને વ્યવહારોનું વિશ્લેષણ કરીને આ અત્યાધુનિક નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે આ સિન્ડિકેટ ડાર્ક વેબ પર નાર્કોટિક્સ ડિસ્ટ્રીબ્યુશન, મની લોન્ડરિંગ અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનોને ભંડોળ પૂરું પાડવા માટે કાર્યરત હતું, તેમ એક રિલીઝમાં જણાવાયું છે.

સેન્ટર અનુસાર , આરોપીઓ સીધા આતંકવાદી ભંડોળ સાથે જોડાયેલા હતા, આ કેસમાં વોન્ટેડ દુબઈસ્થિત કિંગપીન મોહમ્મદ ઝુબેર પોપટિયાનું વોલેટ ૨૦૨૫માં ઇઝરાયલના નેશનલ બ્યુરો ફોર કાઉન્ટર ટેરર ફાઇનાન્સિંગ દ્વારા સ્થગિત કરવામાં આવ્યું હતું.

આ સાથે પોપટિયાએ 'દુબઈ કંપની ફોર એક્સચેન્જ' સાથે સીધા વ્યવહારિક સંબંધો જાળવી રાખ્યા હતા, જેનો ઉપયોગ આતંકવાદી સંગઠન હમાસ દ્વારા કરવામાં આવતો હતો.

અમદાવાદમાંથી ધરપકડ કરાયેલા મોહસીન મોલાની પાસેથી મળેલી પૂછપરછ અને પુરાવાઓએ ૨૦૨૩ થી યુનાઇટેડ કિંગડમમાં ચાલી રહેલા મોટા પ્રમાણમાં ડ્રગની હેરાફેરીનો પણ પર્દાફાશ કર્યો હતો, એમ પણ રિલિઝમાં જણાવવામાં આવ્યું હતું. મોલાની યુકેમાં ડ્રગ્સ સપ્લાય માટે પોપટિયાના સંપર્કમાં હતો, અને સલમાન ગુલામ અલી અંસારી નામના એક વ્યક્તિ સાથે ઓર્ડર મેનેજ કરતો હતો, જેને ઓક્ટોબર ૨૦૨૪ માં ૭ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને હાલમાં તે યુકેની જેલમાં છે, જ્યાંથી તે ડ્રગ નેટવર્કનું સંચાલન કરવાનું ચાલુ છે, તેવી જાણકારી પણ મળી છે.

એક્સેલન્સ સેન્ટરના જણાવ્યા પ્રમાણે અંસારી અને પોપટિયાએ આ આતંકવાદી-નાણા અને મોનેરો રૂટીંગ માળખાના માસ્ટરમાઇન્ડ તરીકે કામ કર્યું હોવાનો આરોપ છે. (પીટીઆઈ) ■

### ઈરાન પરનું

કતારના અમીર, તમિમ બિન હમાદ અલ થાની, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ, મોહમ્મદ બિન સલમાન અલ સઉદ અને સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ, મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન દ્વારા ઈરાનના ઇસ્લામિક રિપબ્લિક પરના અમારા આયોજિત લશ્કરી હુમલાને રોકવા માટે કહેવામાં આવ્યું છે, જે આવતીકાલે (મંગળવારે) નક્કી કરવામાં આવ્યો હતો, તેવું ટ્રમ્પે કહ્યું. અમે આવતીકાલે ખૂબ જ મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હતા. મેં તેને થોડા સમય માટે મુલતવી રાખ્યો છે, આશા છે કે, કદાચ કાયમ માટે, પરંતુ કદાચ થોડા સમય માટે, કારણ કે આપણે ઈરાન સાથે ખૂબ મોટી ચર્ચા કરી છે અને આપણે જોઈશું કે તે શું પરિણામ આપે છે, તેવું ટ્રમ્પે વાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું. ટ્રમ્પે કહ્યું કે તેમને સાઉદી અરેબિયા, કતાર, યુએઈ અને કેટલાક અન્ય લોકોએ પૂછ્યું હતું કે શું અમેરિકા તેને બે કે ત્રણ દિવસ માટે મુલતવી રાખી શકે છે, ટૂંકા ગાળા માટે, કારણ કે તેઓ માને છે કે તેઓ સોદો કરવાની ખૂબ નજીક પહોંચી રહ્યા છે. ■

### યુવાનો શાંતિથી

સામે દાખલ કરાયેલા ફોજદારી કેસના સંબંધમાં જણાવ્યું હતું કે લોકોએ વિરોધ-દેખાવ કરતી વખતે કાયદો અને વ્યવસ્થાને હાનિ પહોંચાડવી ન જોઇએ. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બૅન્ચે અરજદાર 'પ્રકાશજ્યોત સામાજિક સંસ્થા'ના વકીલને જણાવ્યું હતું કે અગાઉ બોમ્બે વડી અદાલતે ૨૦૨૫ના નવેમ્બરમાં આવી અરજી કાઢી નાખી હતી અને તેને પડકારતી આ અરજીને અમે હાથ ધરવા નથી માગતા. આ બાબત નીતિને લગતી છે. તેણે સવાલ કર્યો હતો કે કોઇ વિમાનમથકનું નામ નક્કી કરવાની દાદ ચાહતી અરજી હાથ ધરવાનું કામ સર્વોચ્ચ અદાલતનું છે? (એજન્સી) ■

### વન-ડે ટીમમાંથી

નક્કી કરવામાં આવી હતી. નવેમ્બર, ૨૦૨૫માં ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ૦-૨થી પરાજય થયા બાદ જૂનમાં પહેલી જ વખત ભારતની ટેસ્ટ-મૅચ રમાશે.

#### બુમરાહને આરામ, શ્રેયસ ઉપ-કપ્તાન

ટેસ્ટ ટીમમાં પંતના સ્થાને કે. એલ. રાહુલને વાઇસ-કૅપ્ટન્સી સોંપવામાં આવી છે. શ્રેયસ ઐયરને વન-ડે ટીમનો વાઇસ-કૅપ્ટન બનાવાયો છે. રિષભ પંત પણ એ ટેસ્ટ ટીમમાં છે. ધાર્યા મુજબ પેસ બોલર જસપ્રીત બુમરાહને ટેસ્ટ અને વન-ડે, બન્ને સિરીઝમાંથી આરામ આપવામાં આવ્યો છે. વર્કલૉડ મૅનેજમેન્ટના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે ત્યાર પછી ઇંગ્લૅન્ડના પ્રવાસ માટેની ટીમમાં બુમરાહને સમાવવામાં આવશે. સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને પણ બન્ને ટીમમાં નથી સમાવવામાં આવ્યો. તેને નજીવી ઈજા થઈ છે.

#### કોને ડેબ્યૂનો મોકો?

બે પેસ બોલર પ્રિન્સ યાદવ તથા ગુર્નુર બ્રાર, લેફ્ટ-આર્મ સ્પિનર હર્ષ દુબે તેમ જ લેફ્ટ-આર્મ સ્પિન ઑલરાઉન્ડર માનવ સુથારને પહેલી વખત ભારત વતી રમવાનો મોકો મળી રહ્યો છે. બ્રાર અને સુથારને ટેસ્ટ ટીમમાં સમાવવામાં આવ્યા છે, જ્યારે વર્તમાન આઇપીએલમાં ચમકી ગયેલા લખનઊ સુપર જાયન્ટ્સના પ્રિન્સ યાદવ તેમ જ ગુર્નુર બ્રાર અને હર્ષ દુબેને વન-ડે ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

#### હાર્દિક-કિશનના કમબૅક, પણ અનેકની એક્ઝિટ

હાર્દિક પંડ્યા તેમ જ ઇશાન કિશનને અફઘાનિસ્તાન સામેની વન-ડે ટીમમાં સમાવવામાં આવ્યા છે. જોકે રિષભ પંત અને રવીન્દ્ર જાડેજા ઉપરાંત ધ્રુવ જુરેલ, આયુષ બદોની, હર્ષિત રાણા અને મોહમ્મદ સિરાજની વન-ડે ટીમમાંથી બાદબાકી કરવામાં આવી છે. તેઓ જાન્યુઆરીમાં જે વન-ડે ટીમમાં હતા એ ટીમનો ન્યૂ ઝીલૅન્ડ સામે ૧-૨થી પરાજય થયો હતો.

#### રોહિત-વિરાટ ફરી ભારત વતી રમતા જોવા મળશે

રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે. જોકે અફઘાનિસ્તાન સામે ૧૪મી જૂનથી જે વન-ડે શ્રેણી રમાશે એમાં તેઓ રમતા જોવા મળશે. ૨૦૨૭માં વન-ડે વર્લ્ડ કપ રમાશે અને એ પહેલાં રમાનારી પ્રત્યેક વન-ડે શ્રેણીમાં આ બે પીઢ ખેલાડી રમતા જોવા મળી શકે.

#### બન્ને ટીમમાં કયા ખેલાડીઓ?

ભારતની ટેસ્ટ ટીમઃ શુભમન ગિલ (કૅપ્ટન), કેએલ રાહુલ (વાઇસ-કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન, દેવદત્ત પડિક્કલ, નીતીશ કુમાર રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ ક્રિષ્ના, માનવ સુથાર, ગુર્નુર બ્રાર અને હર્ષ દુબે.

ભારતની વન-ડે ટીમઃ શુભમન ગિલ (કૅપ્ટન), શ્રેયસ ઐયર (વાઇસ-કૅપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), ઇશાન કિશન (વિકેટકીપર), રોહિત શર્મા, વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, નીતીશકુમાર રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, પ્રિન્સ યાદવ, ગુર્નુર બ્રાર અને હર્ષ દુબે. ■

# આઈએનએસ ગુલઝારની જળસમાધિ

## બે વર્ષમાં આ યુદ્ધ જહાજ દરિયાઇ પર્યટનનું કેન્દ્ર બનશે



મુંબઈઃ વિજયદુર્ગ બંદર પર છેલ્લા ૧૪ મહિનાથી પડી રહેલા નૌકાદળના એક ઐતિહાસિક જહાજે તેની છેલ્લી યાત્રા પૂર્ણ કરી. ભારતીય નૌકાદળમાંથી નિવૃત્ત થયેલા યુદ્ધ જહાજ આઈએનએસ ગુલઝારએ મંગળવારે સમુદ્રમાં જળસમાધિ લીધી હતી. અલબત્ત આ સાથે યુદ્ધ જહાજનો અંત નથી, પરંતુ એક નવા અને રોમાંચક પ્રકરણની શરૂઆત છે. આ જહાજથી હવે પ્રવાસીઓ માટે પાણીની અંદર એક અલાયદી દુનિયા તૈયાર કરવામાં આવશે.

આ ઐતિહાસિક ક્ષણની તૈયારીઓ છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહી હતી. મંગળવારે નિયુક્ત દરિયાઈ વિસ્તારમાં યુદ્ધ જહાજમાં પાણી ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. ધીમે ધીમે આ માનવરહિત યુદ્ધ જહાજ સમુદ્રના તળિયે સ્થિર થયું. આ સમગ્ર જટિલ પ્રક્રિયા મઝગાંવ ડોક એજન્સીના નિષ્ણાત એન્જિનિયરોની દેખરેખ હેઠળ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી.

આગામી દોઢથી બે વર્ષમાં સમુદ્રના તળિયે બેસી ગયેલા આ યુદ્ધ જહાજને પર્યટકો સમુદ્રના ઊંડાણમાં જઈ જોઈ શકશે.

આ યુદ્ધ જહાજ પર રંગબેરંગી પરવાળા અને દુર્લભ દરિયાઈ છોડ ઉગી શકે છે. સમુદ્રના તળિયે ગયેલું આ જહાજ હવે સેંકડો પ્રજાતિની માછલીઓનું હકદાર ઘર બનશે. અહીં સ્કુબા ડાઇવ કરનારા પર્યટકોને યુદ્ધ જહાજનો રોમાંચ અને દરિયાઈ દુનિયાનો મનોહર દૃશ્ય જોવા મળશે.

આ યુદ્ધ જહાજને પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં લગભગ બે વર્ષ લાગશે, દરિયાઈ પર્યટનમાં રસ ધરાવતા લોકો માટે આવનારા સમયમાં આ દેશનું સૌથી મોટું આકર્ષણ બનશે. ■




# ડેમમાં નહાવા ઉતરેલા ત્રણ નાના સગા ભાઈ ડૂબી ગયા

અમરાવતીઃ અમરાવતી જિલ્લાના વરુડ તાલુકાના પુસલી ડેમમાં ડૂબી ગયેલા ત્રણ નાના સગા ભાઈના ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. સોમવારથી ગુમ થયેલા ત્રણ ભાઈના મૃતદેહ મંગળવારે ડેમના પાણીમાં તરતા મળી આવ્યા હતા. એક જ પરિવારના ત્રણ હસતાં બાળકોનું એક જ સમયે મૃત્યુ થતાં સમગ્ર અમરાવતી જિલ્લામાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

મૃત્યુ પામેલા ત્રણ ભાઈના નામ પંકજ સંતુલાલ ઉઈકે (૧૦ વર્ષ), પ્રિયા સંતુલાલ ઉઈકે (૮ વર્ષ) અને પવન સંતુલાલ ઉઈકે (૭ વર્ષ) છે. ત્રણેય ભાઈઓ નરખેડની એક આશ્રમ શાળામાં અભ્યાસ કરતા હતા. તેમનો પરિવાર વરુડ તાલુકાના મનોહર નિમકરના ખેતરમાં એક ઝૂંપડીમાં રહેતો હતો. માતાપિતાને આર્થિક મદદ થાય એ હેતુથી ખેતમજૂરી કરતા ઉઈકે પરિવાર પર નિયતિએ ક્રૂર આઘાત કર્યો છે. ■

# 'વિદેશી મહેમાનો'ને આકર્ષે છે મુંબઈની ગંદકી!


(સંતોષ પરબ)

મુંબઈઃ મુંબઇ અજાણતાં જ ફલેમિંગો માટે એક પરફેક્ટ ફૂડઝોન બન્યું છે. અહીં બે પ્રકારના ફલેમિંગો રહે છેઃ લેસર ફલેમિંગો અને ગ્રેટર ફલેમિંગો. લેસર ફલેમિંગો નાના અને ગુલાબી હોય છે, જ્યારે ગ્રેટર ફલેમિંગો લાંબા અને હળવા ગુલાબી રંગના હોય છે. બંને પક્ષીઓની ચાંચ એ રીતે બનેલી હોય છે જે પાણી અને કાદવમાંથી સૂક્ષ્મ ખોરાકના કણોને ફિલ્ટર કરવાનું કામ કરે છે. તેમની ચાંચની અંદર કાંસકા જેવી રચના ખોરાકને ફિલ્ટર કરીને અલગ તારવે છે.

મુંબઈની થાણે ક્રીક અને નવી મુંબઈની વેટલેન્ડ્સ ફલેમિંગો માટે આદર્શ રહેઠાણ બની ગઈ છે. છીછરૂ પાણી, કાદવના મોટા મેદાનો અને મેન્ગ્રોવ જંગલો તેમને રહેવા અને ખાવા માટે આદર્શ વાતાવરણ પૂરું પાડે છે. પરંતુ વધુ રસપ્રદ વાત એ છે કે શહેરનું પ્રદૂષણ પણ આમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. વર્ષોથી મોટા પ્રમાણમાં શુદ્ધિકરણ વિનાનું ગટરનું પાણી થાણે ક્રીકમાં વહી રહ્યું છે. આનાથી પર્યાવરણને નુકસાન થયું છે, પરંતુ તેના કારણે પાણીમાં નાઇટ્રોજન અને ફોસ્ફરસનું સ્તર પણ વધ્યું છે. આનાથી વાદળી-લીલી શેવાળનો ઝડપીથી વિકાસ થાય છે, જેને ફલેમિંગો ખાવાનું પસંદ કરે છે. ખાસ કરીને નાના ફલેમિંગો લગભગ સંપૂર્ણપણે આ શેવાળ પર આધાર રાખે છે. આનો અર્થ એ છે કે મુંબઈની ગંદકીએ અજાણતાં જ તેને ફલેમિંગો માટે વિશ્વના સૌથી મોટા ફૂડકોર્ટ માંથી એક બનાવ્યું છે.

ફલેમિંગોનો ગુલાબી રંગ તેમના ખોરાકને આભારી છે. તેઓ વાદળી-લીલી શેવાળ અને નાના દરિયાઈ જીવો ખાય છે જેમાં કેરોટીનોઇડ્સ નામના રંગદ્રવ્યો હોય છે. આ જ રંગદ્રવ્યો ગાજરને નારંગી રંગ અને ટામેટાંને લાલ રંગ આપે છે. ■

## સરકારને ૪૯ કરોડનો ફટકો

# રાજ્યનાં વરિષ્ઠ મહિલા આઈએએસ અધિકારીની તપાસનો આદેશ

મુંબઈઃ રાજ્ય સરકારે મોટી કાર્યવાહી કરી મ્હાડાના જોઈન્ટ સીઈઓ વંદના સૂર્યવંશી સામે વિભાગીય તપાસનો આદેશ આપ્યો છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આ આદેશ જારી કરીને આરોપ કર્યો છે કે ૨૦૧૪માં જમીન નોંધણી કેસમાં મહેસૂલ વિભાગને ભારે નુકસાન થયું હતું.

માહિતી અનુસાર વંદના સૂર્યવંશી પર તત્કાલીન મુંબઈ સ્ટેમ્પ કલેક્ટર તરીકે કામ કરતી વખતે સંપત્તિનું ખોટું મૂલ્યાંકન કરવાનો સંશય છે. આ કેસને કારણે સરકારે સ્ટેમ્પ ડ્યુટીમાં ૪૯ કરોડ રૂપિયાનું જંગી નુકસાન કર્યું હોવાનો આરોપ છે.

આ કેસમાં તત્કાલીન સહાયક નગર નિયોજક પ્રકાશ મળે સામે પણ વિભાગીય તપાસ કરવામાં આવશે. બંને અધિકારીઓની ભૂમિકાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

સંબંધિત અધિકારીઓ પર ફરજમાં બેદરકારી, શિસ્ત ભંગ, ગેરવર્તણૂક અને પદના દુરુપયોગનો આરોપ પણ મૂકવામાં આવ્યો છે. મિલકતનું મૂલ્યાંકન કરતી વખતે નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે કેમ તે જાણવા માટે વિભાગીય સ્તરે તપાસ કરવામાં આવશે. મહેસૂલ વિભાગે આગામી દસ દિવસમાં ખુલાસો રજૂ કરવાનો આદેશ આપ્યો છે. ત્યારબાદ આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. ■

# નોકરીઓમાં ઘટાડો, પણ આઈઆઈટી-બૉમ્બેના સરેરાશ પગારમાં વધારો


## સરેરાશ પગાર ૨૬.૪૫ લાખ, ૭૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી મળી

મુંબઈઃ ૨૦૨૪ - ૨૫ના શૈક્ષણિક વર્ષ માટે આઈઆઈટી-બૉમ્બેના પ્લેસમેન્ટમાં ગયા વર્ષની સરખામણીમાં નોકરીની તકોમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, વિદ્યાર્થીઓને મળતા પગારમાં ૧૦ ટકાનો જંગી વધારો થયો છે. આ વર્ષે નોકરી મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૭૦ ટકા છે. આઈઆઈટી-બૉમ્બે દ્વારા જાહેર કરાયેલા વાર્ષિક અહેવાલ અનુસાર જુલાઈ ૨૦૨૪થી જૂન ૨૦૨૫ દરમિયાન યોજાયેલા પ્લેસમેન્ટ માટે બે હજાર ૪૬૯ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી બે હજાર ૪૦૦ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા અને એક હજાર ૪૨૨ વિદ્યાર્થીઓને નોકરી મળી હતી. એમાં ૬૫ આંતરરાષ્ટ્રીય નોકરીનો પણ સમાવેશ થાય છે. એ સિવાય ૨૬૦ વિદ્યાર્થીઓએ પ્રી-પ્લેસમેન્ટ નોકરી સ્વીકારી હતી. ડિસેમ્બર ૨૦૨૪ માં યોજાયેલા પ્રથમ તબક્કામાં એક હજાર ૨૭૨ વિદ્યાર્થીઓને અને બીજા તબક્કામાં ૧૫૦ વિદ્યાર્થીઓને નોકરી મળી હતી. એન્જિનિયરિંગ, ઇન્ફર્મેશન ટેક્નોલોજી, કન્સલ્ટિંગ, ફાઇનાન્સ, સંશોધન અને વિકાસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઉત્પાદન વ્યવસ્થાપન ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની ૪૧૭ કંપનીઓ સહભાગી થઈ હતી. તેમાંથી ૩૬૮ કંપનીઓએ વિદ્યાર્થીઓને નોકરી ઓફર કરી હતી.

આ વર્ષે નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં પાછલા વર્ષની સરખામણીમાં બે ટકાનો વધારો થયો છે. કેટલીક કંપનીઓએ ઓછી નોકરી આપતા નોકરી મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩.૫ ટકાનો ઘટાડો થયો છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે કંપનીઓએ ઓછી નોકરી આપી હોવા છતાં પગારમાં ૧૦ ટકાનો વધારો થયો છે. વિદ્યાર્થીઓને સરેરાશ વાર્ષિક પગાર ૨૬.૪૫ લાખ રૂપિયા મળ્યો છે. મધ્યમ શ્રેણીનો પગાર ૨૦ લાખ રૂપિયા છે. ■

### શ્રદ્ધાંજલિ




**બીરેન દિનેશ શાહ**

જન્મ : ૧૮/૦૩/૧૯૬૪
મરણ : ૨૦/૦૫/૧૯૯૯

સ્નેહ અને વાત્સલ્ય નું ઝરણું વહાવી આપ સૌના હદયને ભિંજવી ગયા. તમારા શુભ વિચારો, સદગુણો, સંસ્કાર અને આત્મીયતા અમારામાં રહે, આપનું સ્થાન સદાય અમારા દિલમાં છે

લિ. મિલન દિનેશ શાહ તથા સમસ્ત પરિવાર
M : 98219 36787







## ૭૦ કરોડ રૂપિયાના મની લૉન્ડરિંગનો કેસ

# 'ગૉડમૅન' ખરાતની ધરપકડની ઈડીને પરવાનગી

મુંબઈઃ નાશિકના 'ગૉડમૅન' અશોક ખરાતની ૭૦ કરોડ રૂપિયાના મની લૉન્ડરિંગ કેસ સંબંધે ધરપકડ કરવા માટે વિશેષ અદાલતે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)ને પરવાનગી આપી હતી. મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા અશોક ખરાત વિરુદ્ધ મહિલાઓની જાતીય સતામણી અને છેતરપિંડીના ગુના નોંધાયેલા છે. હાલમાં તે અદાલતી કસ્ટડીમાં હતો. મંગળવારે તેને નાશિક જેલમાંથી પ્રોડક્શન વૉરન્ટ પર સ્પેશિયલ પીએમએલએ કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. ખરાતની ધરપકડ માટે ઈડી દ્વારા પરવાનગી માગવામાં આવી હતી, જેને કોર્ટે મંજૂરી આપી હતી. જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી ઈડી દ્વારા વિધિસર રીતે ખરાતની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ માટે તેને કસ્ટડીમાં લેવા માટે બુધવારે કોર્ટમાં હાજર કરવામાં આવશે.

ઈડીએ છઠ્ઠી એપ્રિલે પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ ખરાત વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. નાશિક પોલીસે ખરાત વિરુદ્ધ નોંધેલા અનેક એફઆઈઆરની નોંધ લઈ ઈડીએ કાર્યવાહી હાથ ધરી હતી.

નાશિકની પરિણીત મહિલાએ ત્રણ વર્ષ દરમિયાન વારંવાર દુષ્કર્મ કરવાની ફરિયાદ નોંધાવ્યા પછી નાશિક પોલીસે ૧૮ માર્ચે ખરાતની ધરપકડ કરી હતી. બાદમાં તેની વિરુદ્ધ જાતીય શોષણ અને છેતરપિંડીના એફઆઈઆર નોંધાયા હતા.

ઈડી બેનામી બૅન્ક ખાતાંના માધ્યમથી ૭૦ કરોડ રૂપિયાના ખંડણી અને મની લૉન્ડરિંગના મોટા રૅકેટની તપાસ કરી રહી છે. અગાઉ ઈડીએ પ્રોડક્શન વૉરન્ટ માટેની અરજીમાં જણાવ્યું હતું કે આ મોટું કાવતરું છે અને છેવટના લાભાર્થીની ઓળખ જરૂરી છે. નાણાંનું પગેરું મેળવવું જરૂરી છે, જેનો રેલો સીમાપાર હોઈ શકે છે. ■

### ઝા. દશા. સ્થા. જૈન



જન્મ : ૨૫-૦૬-૧૯૭૯
સ્વર્ગવાસ : ૧૬-૦૫-૨૦૨૬

**કૌશલ મહેન્દ્રભાઈ શાહ** (ઉં.વ. ૪૭)

જીવનમાં હરપલ હસતા રહયા, સ્નેહથી સૌના હૈયે વસતા રહયા.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે

મુળી નિવાસી, હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન મણિલાલ ભાઈચંદ શાહના પૌત્ર તેમજ વર્ષાબેન મહેન્દ્રભાઈ શાહ ના પુત્ર ચિ. કૌશલ (ઉ.વ. 47) 16-5-26 શનિવાર ના અરિહંત શરણ પામેલ છે. તે મેઘના, રીષભના ભાઈ, કિંજલના જેઠ, દિયાના મોટા પપ્પા, તેમજ સ્વ.રંજનબેન, જીતુભાઈ, પૂર્ણિમાબેન,યતિનના ભત્રીજા, તે સ્વ.મધુબેન ઈન્દુલાલ ખાટડીયા, તેમજ જીતેનભાઈ,સ્વ કિરીટ ભાઈ, ભારતીબેન, તેમજ સ્વ.પલ્લવીબેનના ભાણેજ.

પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.







## દહાણુમાં સગાઈ માતમમાં ફેરવાઈ

# બેકાબૂ ટ્રેઈલર ડિવાઈડર પર ચડ્યું-ઊતર્યું એમાં કાળ બન્યું

### વિરુદ્ધ દિશામાં ટેમ્પો ચલાવનારા ડ્રાઈવરની ધરપકડઃ ટ્રેઈલરના જખમી ડ્રાઈવર સામે પણ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહાણુમાં વેવિશાળ માટે મુરતિયા સાથે જઈ રહેલા મહેમાનોથી ભરેલા ટેમ્પો પર કન્ટેનર ઊંધું વળવાની ઘટનામાં બન્ને ડ્રાઈવરોની ભૂલને કારણે ૧૩ જણે જીવ ગુમાવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. બેકાબૂ ટ્રેઈલર ડિવાઈડર પર ચડ્યા પછી તરત ડાબી તરફ વળવાને કારણે તેના પરનું કન્ટેનર છૂટું પડી ગયું હતું. પછી એ કન્ટેનર વિરુદ્ધ દિશામાંથી આવેલા ટેમ્પો પર ઊંધું વળતાં સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં ૧૪ ગંભીર રીતે ઘવાયા હતા. પોલીસે બન્ને ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી ટેમ્પો ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

કાસા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અમર પાટીલે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે દહાણુના કાસા પાટીલપાડા ખાતે રહેતા ટેમ્પોના ડ્રાઈવર રોહિદાસ પૂંજીરામ ધાત્રક (૪૬)ની મંગળવારની સવારે ધરપકડ કરવામાં આવી હતી. ધાત્રક સાથે મુંબઈના વડાલા ખાતે રહેતા ટ્રેલરના ડ્રાઈવર અવધેશકુમાર સીતારામ પાલ વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. અકસ્માતમાં પાલ ગંભીર રીતે ઘવાયો હોવાથી તેની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સારવાર બાદ તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. પોલીસના જણાવ્યા મુજબ દહાણુના બાપુગાંવમાં રહેતા બલરામ જયરામ દાંડેકરનાં લગ્ન ધાનીવરી ગામમાં રહેતી કન્યા સાથે નક્કી થયાં હતાં. બન્નેનું વેવિશાળ સોમવારે થવાનું હતું. પરિણામે બલરામ દાંડેકર સગાંસંબંધી અને ગામવાસીઓ સાથે સગાઈ માટે ધાનીવરી જવા નીકળ્યો હતો. બલરામ પિકઅપ વૅનમાં હતો, જ્યારે ૫૦ જણ એક ટેમ્પોમાં સવાર હતા.

ટેમ્પો મુંબઈ-અમદાવાદ હાઈવે પર ધાનીવરી ગામની હદમાં ઓવરબ્રિજ નજીક પહોંચ્યો ત્યારે કાળમુખું કન્ટેનર તેના પર ઊંધું વળ્યું હતું. આ ઘટનામાં ૧૩ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૨૦થી વધુ જખમી થયા હતા. ગંભીર રીતે ઘવાયેલા ૧૪ને સારવાર માટે વેદાંત હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ટ્રેઈલર અને ટેમ્પો બન્નેના ડ્રાઈવરની ભૂલને કારણે આ ભયાનક અકસ્માત થયો હતો. મુંબઈ તરફ પુરપાટ વેગે જઈ રહેલા ટ્રેઈલરના ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલું ટ્રેઈલર પહેલા ડિવાઈડર પર ચડ્યું હતું. પછી ડ્રાઈવરે વાહનને ઝડપથી ડાબી તરફ વાળ્યું હતું. ઝાટકા સાથે રસ્તા તરફ વળેલા ટ્રેઈલરના ડીલરના બોર્ડિંગ પરથી કન્ટેનર છૂટું પડી ગયું હતું.એકાએક ટ્રેઈલર જમણેથી ડાબે વાળવાને કારણે કન્ટેનર છૂટું પડી ગયું હતું અને રૉન્ગ સાઈડથી આવેલા ટેમ્પો સાથે ઘસાઈને ઊંધું વળું ગયું હતું. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શૉર્ટકટ મારવાના ચક્કરમાં ડ્રાઈવરે ટેમ્પો વિરુદ્ધ દિશામાં ચલાવ્યો હતો, જેને કારણે ટેમ્પોમાં બેસેલા લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. દરમિયાન ઘટનાની રાતે પાલઘરના પાલક પ્રધાન ગણેશ નાઈક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મૃતકના પરિવારજનોને મળી તેમણે સાંત્વના આપી હતી. બાદમાં હૉસ્પિટલમાં જખમીઓના ખબર પૂછવા પણ ગયા હતા. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવાને કારણે આ ઘટના બની હતી.

### પાલનપુર જૈન



**સરોજબેન સુધીરભાઈ કોઠારી**

તેમનું ૧૮ મે ૨૦૨૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
"જીવનની સુંદરતા મોટા પ્રસંગોમાં નહીં, પરંતુ નાની નાની ક્ષણોમાં વસે છે."

**પ્રાર્થના સભા**

૨૦ મે ૨૦૨૬, સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી
વંદન એપાર્ટમેન્ટ્સ - P5, ડોંગરસી રોડ,
સેન્ટ એલિઝાબેથ હોસ્પિટલ પાસે,
વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦૦૦૬

અમી અને સુનીલ | સ્નેહા અને સંજુ
પૂજા અને ધ્રુવ | સિદ્ધાંત
અરમાન અને નિશ્વા | સિમરન અને યશ
પ્રિયા અને સિદ્ધાર્થ

કોઠારી અને શાહ પરિવાર

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## યુદ્ધના ભણકારા વચ્ચે

# સંરક્ષણ શૅરોમાં ટંકશાળ

**આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂરાજકીય તણાવમાં વધારો થવા સાથે સંરક્ષણ ક્ષેત્રે સ્વદેશીકરણ અને નિકાસ તરફના વ્યૂહાત્મક પ્રયાસોને પરિણામે ભારતીય ડિફેન્સ સ્ટોક્સના ભાવમાં વાર્ષિક ધોરણે સરેરાશ ૬૭ ટકાનો અને કુલ માર્કેટ કેપમાં બે ટ્રિલિયન રૂપિયાનો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે**



આજે જ્યારે આખું જગત પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે એક યા બીજા યુદ્ધથી ઘેરાયેલું છે ત્યારે વ્યક્તિગત દેશના નહીં બલકે સમગ્ર વિશ્વના અર્થતંત્ર સામે સંકટ ઊભું થઇ ગયું છે. એક થીયરી એમ પણ કહે છે કે અમેરિકા કે ટ્રમ્પએ ઇરાનના યુરેનિયમ કે ન્યુક્લિઅર માટે નહીં પરંતુ તેના ધૂળ ખાઇ રહેલા શસ્ત્રો માટે યુદ્ધ શરૂ કર્યું છે. યુદ્ધ થાય એટલે શસ્ત્ર સંરજામનું વેચાણ સ્વાભાવિક રીતે વધવાનું જ છે!

આજનો વિષય પણ એ જ મુદ્દે છે, જોકે વાત ભારતની અને ડિફેન્સ સાથે સંકળાયેલી ભારતીય કંપનીઓની છે. જાણીને આશ્ચર્ય થશે, પરંતુ ડીફેન્સ ક્ષેત્રમાં આજે અનેક ખાનગી કંપનીઓ કાર્યરત છે અને તેઓ ભારતીય સશસ્ત્ર દળોને લશ્કરી સાધનો, શસ્ત્રો, રીવોલ્વરની બુલેટ્સ, રાઇફલ, ગન મશીન, મિસાઇલથી માંડીને યુદ્ધમાં વાપરવાના ડ્રોન અને અન્ય ડ્રોન પૂરી પાડવા સાથે તેની વિદેશમાં પણ નોંધપાત્ર નિકાસ કરે છે.

ભારતીય સંરક્ષણ ક્ષેત્રની કંપનીના શૅરોના ભાવમાં વાર્ષિક ધોરણે સરેરાશ ૬૭ ટકાનો તોતિંગ વધારો થયો છે, જેમાં ૧૮ કંપનીઓના સંયુક્ત બજાર મૂડીકરણમાં આશરે ૨.૩ ટ્રિલિયન રૂપિયાનો જબ્બર વધારો નોંધાયો છે. રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધ અને ઓપરેશન સિંદૂર પછી ડિફેન્સ સેક્ટરમાં રોકાણકારોની જાગેલી નવી રુચિ બાદ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અસ્થિરતા સહિતના વૈશ્વિક ભૂરાજકીય તણાવમાં વધારો થવાને કારણે આ તેજી આવી છે.

નિફ્ટી ઇન્ડિયા ડિફેન્સ ઇન્ડેક્સ ઉપરોક્ત સમયગાળા દરમિયાન ૩૨ ટકા વધ્યો હતો, જેણે નિફ્ટી ૫૦, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ જેવા બેન્ચમાર્ક ઇન્ડેક્સને પાછળ છોડી દીધા હતા. ડિફેન્સ સ્ટોક્સની આ તેજી પાછળ સરકારની સ્વદેશીકરણ અને આત્મનિર્ભરતા પર ભાર મૂકનારી નીતિ, બજેટ ફાળવણી અને નિકાસલક્ષી અભિગમ કારણભૂત છે.

અખાતી દેશોમાં હજુ પણ ગમે ત્યારે યુદ્ધ ભભૂકવાની સંભાવના છતાં તાજેતરમાં કેટલાક ડિફેન્સ સ્ટોક્સમાં ઝડપી ઘટાડો પણ જોવા મળ્યો હોવાથી કેટલાક વિશ્લેષકો ભવિષ્યમાં વૃદ્ધિને ધ્યાનમાં રાખીને ચેતવણી પણ આપી રહ્યા છે, પરંતુ સ્વદેશીકરણ, મજબૂત ઓર્ડર પાઇપલાઇન્સ અને નિકાસ ક્ષમતાને કારણે લાંબાગાળાનું ભવિષ્ય સકારાત્મક જણાય છે.

વાસ્તવમાં ખાસ કરીને ઓપરેશન સિંદૂર પછી સંરક્ષણ ક્ષેત્રમાં નવી રુચિ જાગૃત થવા સાથે વૈશ્વિક ભૂરાજકીય તણાવમાં વ્યાપક વધારો થવાથી પાછલા ૧૨ મહિનામાં ડિફેન્સ સેગમેન્ટના શૅરોમાં રોકાણકારોનું આકર્ષણ વધ્યું હોવાથી ઉક્ત ૧૮ સ્ટોક્સના શૅરોમાં વાર્ષિક ધોરણે સરેરાશ ૬૭ ટકાનો વધારો નોંધાયો છે.

આ પેકમાંના એક શૅરમાં તો ૩૫૫ ટકા, બીજા શૅરમાં ૧૭૨ ટકા અને ત્રીજા શૅરમાં ૧૬૫ ટકાનો વધારો થયો હતો. આ સેગમેન્ટના બે સ્ટોક્સ સિવાય કથિત સમયગાળા દરમિયાન આ બધા શૅરોએ સકારાત્મક વળતર આપ્યું છે. સરવાળે આ ૧૮ કંપનીઓના સંયુક્ત બજાર મૂડીકરણમાં ૨.૩ ટ્રિલિયનનો વધારો થયો છે.

બજારના વિશ્લેષકો કહે છે કે તાજેતરમાં ભારતીય ઇક્વિટી બજારો, કોર્પોરેટ ક્ષેત્રની નબળી કામગારી વચ્ચે નફામાં નોંધાઇ રહેલા ઘટાડા, ભારત-યુએસ ટૅરિફ તણાવથી ઉદ્‌ભવતી અશાંતિ અને પશ્ચિમ એશિયામાં યુદ્ધ સહિત અનેક અવરોધોનો સામનો કરી રહ્યા હોવા છતાં, ડિફેન્સ સેકટરના શૅરો સ્થિતિસ્થાપક રહ્યા છે. ટ્રમ્પ અને ઇરાન વચ્ચે વહેલી તકે સુલેહ થાય એવા કોઇ સંકેત ના મળતા હોવાથી રોકાણકારો આ સેગમેન્ટમાં રોકાણ વધારી રહ્યા છે.

આ તેજીનો ખ્યાલ એ વાત પરથી આવી શકે કે, ડિફેન્સ કંપનીઓના શૅરનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડિયા ડિફેન્સ ઇન્ડેક્સ, પાછલા એક વર્ષ દરમિયાન ૩૨ ટકા વધ્યો હતો, અને આ સાથે છેલ્લા ૧૨ મહિનામાં તેના ઘટકોના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. ૨.૪ ટ્રિલિયનનો વધારો થયો હતો.

જ્યારે આની સામે ઉપરોક્ત સમયગાળા દરમિયાન, એક્સચેન્જના મુખ્ય બેન્ચમાર્ક, નિફ્ટી ૫૦ ઇન્ડેક્સમાં ૦.૩ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ ઇન્ડેક્સમાં માત્ર ૧૩ ટકા સુધીનો વધારો થયો હતો.

આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી લશ્કરી અથડામણો અને તણાવને કારણે પણ ઝડપી અને તાત્કાલિક ટેકો મળ્યો છે, જેમાં રશિયા-યુક્રેનના લાંબા યુદ્ધ, પશ્ચિમ એશિયાની અસ્થિરતા અને અમેરિકા તથા ચીન જેવી મહાસત્તાઓ વચ્ચે વધતી વ્યૂહાત્મક સ્પર્ધાનો સમાવેશ થાય છે, આ બધાના કારણે વિશ્વભરમાં સંરક્ષણ ખર્ચમાં વધારો થયો છે.

ભારતનો સંરક્ષણ ઉદ્યોગ એક વળાંક પર છે, જે મોટાભાગે આયાત-આધારિત ઇકોસિસ્ટમથી વધુ આત્મનિર્ભર અને નિકાસલક્ષી મૉડેલ તરફ આગળ વધી રહ્યો છે. સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (ડીપીએસયુ)ની સાથે ખાનગી ખેલાડીઓની ભાગીદારીમાં વધારો સ્પર્ધાને મજબૂત બનાવી રહ્યો છે, અમલીકરણ ક્ષમતાઓમાં સુધારો કરી રહ્યો છે અને મૂલ્ય શ્રૃંખલામાં નવીનતાને પ્રોત્સાહન આપી રહ્યો છે.

ગ્લોબલ સેન્ટિમેન્ટ પણ ખૂબ જ સહાયક બની રહ્યું છે. વિશ્વના વિવિધ પ્રદેશોમાં ચાલી રહેલા ભૂરાજકીય તણાવને કારણે વિશ્વભરમાં સંરક્ષણ ખર્ચમાં વધારો થવાનું સ્પષ્ટ વલણ જોવા મળ્યું છે, જે સ્વાભાવિક રીતે આ ક્ષેત્રને ફાયદો કરાવે છે.

ભારતીય સંરક્ષણ કંપનીઓ હવે વૈશ્વિક સ્તરે શસ્ત્ર સરંજામની માગમાં વધારો જોઈ રહી છે, નિકાસ ઝડપથી વધી રહી છે અને સ્થાનિક માગથી આગળ એક નવો માર્ગ ખુલી રહ્યો છે. કેટલાક વિશ્લેષકો જોકે એવું માને છે કે, આ ક્ષેત્રની ભવિષ્યમાં મોટાભાગની વૃદ્ધિ પહેલાથી બજારમાં ડિસ્કાઉન્ટ થઇ ગઇ હોય એવું શક્ય છે તે જોતાં આગામી સમયમાં જો ભૂરાજકીય તણાવ ઓછો થાય, તો સંરક્ષણ શૅરોની કામગીરી નબળી પડી શકે છે.

વર્તમાન સ્તરે પ્રવેશ કરવાનું વિચારી રહેલા રોકાણકારો માટે, રાહ જોવી સમજદારીભર્યું હોઈ શકે છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, કંપનીઓ તેમની ઓર્ડર બુકને અસરકારક રીતે અમલમાં મૂકી રહી છે કે નહીં તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કંપનીઓની આ પ્રવાહને વાસ્તવિક આવક અને નફામાં રૂપાંતરિત કરવાની ક્ષમતા પણ મહત્ત્વની છે.

માત્ર ઓર્ડર મેળવવા મહત્ત્વના નથી પરંતુ તેના એક્ઝિક્યુશન ક્ષમતા કંપનીની કામગીરીનો મુખ્ય નિર્ણાયક બની રહેશે. જોકે, આગામી એકાદ દાયકા સુધી, સ્વદેશીકરણ, મજબૂત ઓર્ડર પાઇપલાઇન્સ અને નિકાસ સંભાવનાનું સંયોજન સૂચવે છે કે એકંદર સંરક્ષણ ક્ષેત્રની કામગીરી સારી રહી શકે છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ઈરાન પર લટકતી ‘હેમર સ્લેજ’ની તલવાર...

## અમેરિકા-ચીન સંબંધ વચ્ચે વિશ્વની બાયપોલર વાસ્તવિકતા



અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ - ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ

મે ૨૦૨૬નો આ મહિનો વૈશ્વિક રાજકારણના ઇતિહાસમાં એક અત્યંત રોમાંચક, અભૂતપૂર્વ અને નિર્ણાયક વળાંક તરીકે નોંધાઈ રહ્યો છે. એક તરફ પશ્ચિમ એશિયાના રણમેદાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલો યુદ્ધ વિરામ કાચના વાસણ જેવો તકલાદી સાબિત થઈ રહ્યો છે તો બીજી તરફ વૉશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચે રમાઈ રહેલી નવી શતરંજે સમગ્ર વિશ્વને શ્વાસ અદ્ધર કરીને જોવા મજબૂર કર્યું છે. પેન્ટાગોન દ્વારા લશ્કરી વ્યૂહરચનાના ભાગરૂપે જો યુદ્ધવિરામ તૂટે તો ઈરાન સામે એક અત્યંત વિનાશક અને આક્રમક સૈન્ય કાર્યવાહીની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે, જેને ‘ઑપરેશન હેમર સ્લેજ’ નામ આપવામાં આવ્યું છે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને ‘ફિનિશ ધ જૉબ ‘એટલે કે કામ તમામ કરવાની ખુલ્લી ધમકી આપીને અમેરિકાની સૈન્ય સાર્વભૌમત્વ અને આક્રમક વિદેશ નીતિનો પરચો આપવાનો પ્રયાસ કર્યો છે. બરાબર આ જ ગરમ વાતાવરણની વચ્ચે, ટ્રમ્પની ૧૪-૧૫ મે ૨૦૨૬ની બેઈજિંગની ઐતિહાસિક મુલાકાતે વૈશ્વિક કૂટનીતિના મંચ પર એક નવો સળગતો અધ્યાય શરૂ કર્યો છે.

લગભગ નવ વર્ષના લાંબા સમયગાળા પછી કોઈ અમેરિકી પ્રમુખની આ પ્રથમ ચીનની સત્તાવાર મુલાકાત હતી, જેણે દુનિયાને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે વૈશ્વિક સત્તાનાં સમીકરણો ભલે બદલાયાં હોય, પરંતુ સુપરપાવર અમેરિકા હજુ પણ આ વૈશ્વિક રમતમાં પોતાનો દબદબો જાળવી રાખવા માગે છે.

આ હાઈ-પ્રોફાઇલ અને ભારે ચર્ચાસ્પદ મુલાકાત પાછળનાં વાસ્તવિક પરિણામો વૈશ્વિક મીડિયાની સનસનાટીભરી હેડલાઇન્સ કરતાં તદ્દન અલગ અને જટિલ ચિત્ર રજૂ કરે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાની આગવી શૈલીમાં ભલે આ મુલાકાતને અત્યંત સફળ ગણાવીને ફૅન્ટાસ્ટિક ટ્રેડ ડીલ્સ થઈ હોવાના મોટા-મોટા દાવા કર્યા હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય બાબતોના સ્વતંત્ર વિશ્લેષકો અને ભૌગોલિક-રાજકીય નિષ્ણાતો આ દ્વિપક્ષીય બેઠકને માત્ર એક મર્યાદિત અથવા આંશિક સફળતા તરીકે જ મૂલવી રહ્યા છે. આ મહાસત્તાઓની બેઠકમાં વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી મૂકે તેવા વેપાર કરારો, ક્રૂડ ઑઇલની સપ્લાય ચેઇન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના નિયમો અને હોર્મુઝ સ્ટ્રેટમાં તેલનાં ટૅન્કરોની સુરક્ષા જેવા અત્યંત સંવેદનશીલ મુદ્દાઓ પર કલાકો સુધી ઊંડી ચર્ચાઓ થઈ હતી. ટ્રમ્પે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગને ઈરાન પર પોતાના આર્થિક અને રાજદ્વારી પ્રભાવનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી, જેથી વૈશ્વિક ઊર્જા માર્કેટમાં સ્થિરતા જળવાઈ રહે, પરંતુ પોતાની આર્થિક તાકાત પર ગર્વ અનુભવતા ચીને અમેરિકાની આ વિનંતીને નકારી કાઢી અને સ્પષ્ટપણે કહી દીધું કે તે પશ્ચિમી હિતોને સાધવા માટે ઈરાન પર કોઈ પણ પ્રકારનું આડકતરું દબાણ લાવશે નહીં.

આ તમામ ઘટનાક્રમ એ વાસ્તવિકતા તરફ આંગળી ચીંધે છે કે એકવીસમી સદીનું વિશ્વ હવે ઝડપથી અને સંપૂર્ણપણે ‘બાયપોલર’ (દ્વિ ધ્રુવીય) વાસ્તવિકતા તરફ આગળ વધી રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય ફલક પર હવે સ્પષ્ટપણે બે શક્તિશાળી ધ્રુવો અથવા બ્લોક સામસામે આવી ગયા છે. એક તરફ અમેરિકા, નાટો, યુરોપિયન યુનિયન અને તેમના પશ્ચિમી સાથીદારોનું પરંપરાગત અને મજબૂત સૈન્ય ગઠબંધન છે, જે લોકશાહી અને જૂની વૈશ્વિક વ્યવસ્થાના રક્ષણના નામે પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા મથે છે. તો બીજી તરફ, ચીન અને રશિયાની ધરી પર વિકસી રહેલો એક નવો, અત્યંત મહત્ત્વાકાંક્ષી અને સામર્થ્યવાન ‘ઍન્ટિ-વેસ્ટર્ન બ્લૉક’ (પશ્ચિમ વિરોધી જૂથ) છે, જે વિશ્વના આર્થિક અને રાજકીય કેન્દ્રને એશિયા તરફ ખેંચી લાવવા માટે કટિબદ્ધ છે.

ટ્રમ્પની આ બેઈજિંગ મુલાકાતે વિશ્વ સમક્ષ એક વાત બહુ જ સાફ કરી દીધી છે કે દ્વિતીય વિશ્વયુદ્ધ કે સોવિયેત યુનિયનના પતન પછીનો ‘યુનિપોલર’ (એક ધ્રુવીય) યુગ, જ્યાં માત્ર વૉશિંગ્ટનનો જ સિક્કો ચાલતો હતો, તે હવે હંમેશાં માટે ઈતિહાસનાં પાનાંઓમાં દફન થઈ ચૂક્યો છે. ચીન આજે માત્ર સસ્તી વસ્તુઓ બનાવતું કારખાનું નથી રહ્યું, પરંતુ તે આર્થિક સમૃદ્ધિ, અત્યાધુનિક ડિજિટલ ટેક્નૉલૉજી, સેમિકન્ડક્ટર્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મિલિટરી મોર્ડનાઇઝેશન અને ગ્રીન એનર્જી માટેના ક્રિટિકલ મિનરલ્સના વૈશ્વિક સપ્લાય પર પોતાનું મજબૂત નિયંત્રણ સ્થાપીને અમેરિકાની આંખમાં આંખ પરોવીને ઊભું રહે તેવો સમકક્ષ અને ખતરનાક હરીફ બની ગયું છે. સાઉથ ચાઇના સીમાં ચીનનું વધતું જતું સૈન્ય પ્રભુત્વ આ વાતની સાક્ષી પૂરે છે. ટ્રમ્પે પોતાની મુલાકાત દરમિયાન આ કડવી આંતરરાષ્ટ્રીય વાસ્તવિકતાને સ્વીકારીને જ ચીન સાથે એક સ્થિર અને સંઘર્ષમુક્ત સંબંધ (જાળવી રાખવાનો મજબૂત પ્રયાસ કરવો પડ્યો છે.

આવા અત્યંત તણાવપૂર્ણ અને વિભાજિત વૈશ્વિક પરિદૃશ્યમાં ભારત, યુરોપના કેટલાક અગ્રણી દેશો અને મધ્ય-પૂર્વના દેશો માટે રાજદ્વારી કસોટીનો સમય શરૂ થયો છે. આ દેશો કોઈપણ એક મહાસત્તાના બ્લૉકમાં આંખ બંધ કરીને જોડાઈ જવાને બદલે પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવા માટે એક અત્યંત જટિલ ‘બૅલૅન્સિંગ ઍક્ટ’ (સંતુલન જાળવવાની પ્રક્રિયા) કરી રહ્યા છે. ભારત જેવા દેશો માટે એક તરફ ચીનનો સરહદી વિસ્તારમાં વધતો જતો પ્રભાવ ચિંતાનો વિષય છે જેના કારણે અમેરિકા સાથે સંરક્ષણ ભાગીદારી મજબૂત કરવી જરૂરી છે, તો બીજી તરફ રશિયા અને ગ્લોબલ સાઉથના દેશો સાથેના પરંપરાગત આર્થિક અને વ્યાપારી સંબંધો પણ એટલા જ મહત્ત્વના છે.

અંતે, ટ્રમ્પની આ ચીન મુલાકાતે એ હકીકત પર મહોર મારી દીધી છે કે અમેરિકા હજુ પણ વિશ્વનું એક મોટું પાવરહાઉસ છે, પરંતુ હવે તેણે ગ્લોબલ ઑર્ડર ચલાવવા માટે ચીનની હાજરી, તેની શક્તિ અને તેનાં હિતોને ફરજિયાતપણે સ્વીકારવાં જ પડશે અને તેની સાથે વાટાઘાટો કરીને જ આગળ વધવું પડશે. જો આગામી સમયમાં અમેરિકા દ્વારા ઈરાન વિરુદ્ધ કોઈપણ પ્રકારની ઉતાવળી કે અવિચારી સૈન્ય કાર્યવાહી કરવામાં આવશે અને ‘ઑપરેશન હેમર સ્લેજ’ જેવી સ્થિતિનું નિર્માણ થશે, તો તેનાથી માત્ર મધ્ય-પૂર્વ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા ખોરવાઈ જશે. ક્રૂડ ઑઇલના ભાવો આસમાને પહોંચશે અને વૈશ્વિક સપ્લાય ચેઇન ઠપ થતાં મોટી આર્થિક મંદી આવી શકે છે. વર્તમાન ૨૦૨૬ના ગ્લોબલ સિનેરિયોમાં જો માનવતાને ત્રીજા વિશ્વયુદ્ધ અથવા કોઈ મોટા વિનાશક સંઘર્ષના જોખમથી બચાવવી હશે, તો વિશ્વના આ બંને સુપર પાવર્સે પોતાના આંતરિક અહંકાર અને સત્તાની ભૂખ છોડીને માત્ર ને માત્ર પરિપક્વ કૂટનીતિ પરસ્પર સંવાદ અને વૈશ્વિક સંતુલનનો જ માર્ગ અપનાવવો પડશે, નહીંતર આ બાયપોલર વિશ્વ સમગ્ર માનવજાત માટે અત્યંત જોખમી અને વિનાશક સાબિત થઈ શકે છે. ■

## આ તો સ્કેમ છે...




# નોન-બેન્કિંગ ફાઇનાન્સ કંપની સેક્ટરને સી. આર. ભંસાલી સ્કેમનો આંચકો

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

સ્કેમ, કૌભાંડ કે ગોટાળાની દુનિયા કે દેશને નવાઈ નથી. માનવીય લાલચ અને લુચ્ચાઈ એકેય ચીજમાં અનૈતિક, અણછાજતી કે ગેરકાયદે કમાણીની તક છોડતી નથી. એટલું જ નહિ, એ નીતનવા ક્ષેત્ર અને નુસખા શોધી કાઢે છે ખોટી રીતે અધધ રૂપિયા કમાઈ લેવાના. જોઈએ એક વધુ કૌભાંડ.

મ્યુચ્યુઅલ ફંડ્સ પ્રમાણમાં સલામત રોકાણ હોવાના દાવા થતા આવ્યા છે, પરંતુ તેમાં ય જોખમો અને અનિશ્ચિતતા પણ હોવાનું સામે આવ્યું છે. આવો કે એટલે ૧૯૯૭નું સી. આર. ભંસાલી( ચેન રૂપ ભંસાલી) સ્કેમ. અમુક મીડિયામાં એનો ઉલ્લેખ સીઆરબી સ્કેમ તરીકેય છે.

સૌ પ્રથમ સી. આર. ભંસાલી વિશે થોડું જાણીએ. મૂળ ચેન રૂપ ભંસાલી રાજસ્થાનના સુજાનગઢ રહેવાસી. પછીથી કોલકાતા પહોંચી ગયા. જ્યુટ(કંતાન)નો વેપાર કરતા મધ્યમવર્ગીય પરિવારના આ ફરજંદ ૧૯૮૯માં બી. કોમ. થયા. પછી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બન્યા. તેમણે પોતાના નામે સી. આર. બી. કન્સલ્ટન્સી નામની ફર્મ શરૂ કરી. આ ફર્મ લોકોને નાણાકીય સહાય અને માર્ગદર્શનની સેવા પૂરી પાડતી હતી. શરૂઆતથી જ ભંસાલી એકદમ સક્રિય હતા અને અનેક ક્ષેત્રોમાં સારી ઓળખાણ પણ ખરી. કોલકાતામાં જ તેમને એવા ક્લાયન્ટ્સ મળવા માડ્યા કે જેને તેઓ ઇશ્યૂ મેનેજમેન્ટ (શેર બજારમાં લિસ્ટિંગ વગેરે) સર્વિસિસ આપવા લાગ્યા હતા.



**વ્યાવસાયિક પ્રવૃત્તિ અને પ્રગતિ સાથે**

સમય સાથે ચેન રૂપ ભંસાલીએ એ.સી.એસ. (એસોસિએટ કંપની સેક્રેટરી), પી.એચ.ડી. સહિતની ભારતીય વત્તા અમેરિકન ડિગ્રી મેળવી. એટલું જ નહિ તેમણે તો પત્રકારિતામાં ડિપ્લોમા પણ કર્યો હતો.

ભંસાલીની કમાણી સારી હતી, પરંતુ તેમની મહત્ત્વાકાંક્ષા મસમોટી હતી. એ સાકાર કરવા કોલકાતા નાનું લાગ્યું. આથી તેમણે દેશની રાજધાની દિલ્હી તરફ નજર દોડાવી.

અને દિલ્હીમાં તેમણે એક મોટી રજિસ્ટ્રાર કંપનીમાં નોકરી કરી, પણ ત્યાં કેટલીક ગેરરીતિઓના આરોપને લીધે આ કંપની છોડવી પડી હતી.

તેમણે ૧૯૮૫માં નવી દિલ્હીમાં સી.આર.બી. કન્સલ્ટન્ટસ નામની નવી પ્રાઈવેટ લિમિટેડ કંપની સ્થાપી. ત્યારબાદ તેઓ દેશની અગ્રણી રજિસ્ટ્રાર કંપનીઓમાંની એક સાથે જોડાયા, જ્યાં ગ્રાહકો પાસેથી ઓછી ફી વસૂલવાના મામલે ઝડપાઈ જતા તેમને કંપની છોડવી પડી.

અંતે તેમણે ૧૯૯૨માં સી.આર.બી. મ્યુચ્યુઅલ ફંડ અને સી.આર.બી. શેર કસ્ટોડિયલ સર્વિસિઝ નામના સાહસ શરૂ કર્યા. એટલું જ નહિ, સાથે ૧૩૪ અનલિસ્ટેડ કંપનીઓ અને સબસિડિયરીઓ પણ ઊભી કરી.

એ સમયે નોન-બેન્કિંગ ફાઇનાન્સ કંપની (એન.બી.એફ.સી.) ક્ષેત્રમાં જબરી તેજી આવી હતી. ભારતીય અર્થવ્યવસ્થામાં આ પ્રમાણમાં નવી બાબત હતી. ચેન રૂપ ભંસાલીએ નિમયનના અભાવ અને એમાં રહેલી છટકબારીનો કેવી રીતે, કેટલો અને કેવો લાભ લીધો હતો? પણ ૧૯૯૭ સી. આર. ભંસાલી ( ચેન રૂપ ભંસાલી) સ્કેમે સરકારને નાણાકીય કંપનીઓ માટેનું નિયમનકારી માળખું વધુ મજબૂત બનાવવા જરૂરી પગલાં લેવાં કેવી રીતે મજબૂર કરી? (ક્રમશ:)■

## સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# પાકિસ્તાનમાં આ બે મહિલાની ધરપકડથી કેમ જાગ્યો છે વિવાદ?

### આમાંથી એક છે કરાચીના હાઈફાઈ વિસ્તારમાં ડ્રગ્સનો ધંધો કરતી ક્વીન મૅડમ પિન્કી અને બીજી છે ભારતીય નૃત્યો પાકિસ્તાનમાં જીવંત રાખનારાં ૭૫ વર્ષનાં શાસ્ત્રીય નૃત્યાંગના શીમા કેરમાણી

**પાકિસ્તાનમાં** મહિલાઓની સ્થિતિ ખૂબ કફોડી છે, પણ કઈ મહિલાઓની? જે સારું કામ કરે છે તેમની... ને જે ખરાબ કામ કરે છે તેની ધરપકડ થાય છે તો પણ તેને જલસા છે!

આ બન્ને મહિલાઓની ધરપકડે પાકિસ્તાનમાં ખળભળાટ સર્જ્યો છે. પહેલાં વાત કરીએ ક્વીન મૅડમ પિન્કીની. ૧૩ મેએ કરાચીમાં કોકેઇન વેચતાં એ ઝડપાઈ હતી, પરંતુ તેની ધરપકડ પછી વિવાદ સર્જાયો છે. ૩૦ વર્ષની મૅડમ પિન્કી કરાચીમાં સૈનિકો રહે છે તે વિસ્તારોમાં કોકેઇન સપ્લાય કરે છે, તેમાં ડિફેન્સ હાઉસિંગ ઑથોરિટી (ડીએચએ)નો પણ સમાવેશ થાય છે. સૈનિકોના આ અમીર ગણાતા વિસ્તારમાં મેડમ પિન્કી ઉચ્ચ (!) ગુણવત્તાનું ડ્રગ્સ પૂરું પાડતી હતી. તેનું એ બહુ જાણીતું સૂત્ર છે : 'ક્વીન મૅડમ પિન્કી ધ નેમ ઇઝ એલોન ઇનફ, એન્જોય.' કરાચીમાં ડ્રગ્સ પૂરું પાડતી મૅડમ પિન્કીનું નેટવર્ક જોકે ઇસ્લામાબાદ, લાહોર અને અન્ય શહેરોમાં પણ વિસ્તરેલું છે.

પ્રશ્ન એ થાય કે આ વિવાદ કેમ સર્જાયો?

તેની ધરપકડનો જે વીડિયો પ્રસારિત થયો તેમાં આ પિન્કી ન્યાયાલયના કૉરિડોરમાં પોતે આરોપી નહીં ,પણ કોઈ વીઆઈપી હોય એમ પોલીસરક્ષણ સાથે દેખાઈ!

આ વિવાદ થયો પછી સિંધના ગૃહ પ્રધાન ઝિયા ઉલ હસન લંજારે સંકળાયેલા અધિકારીઓ સામે શિસ્તનાં પગલાં લેવાનો આદેશ આપી દીધો.

'ધુરંધર' દિગ્દર્શક આદિત્ય ધર જો આના પર ફિલ્મ બનાવશે તો પાકિસ્તાન તો ઠીક, પણ ભારતના કેટલાક લોકોને આની સામે વાંધો આવશે કે આદિત્યની ફિલ્મ નફરત ફેલાવે છે.

હવે આ પણ જાણી લો કે આ જ પાકિસ્તાનમાં એક ૭૫ વર્ષીય શાસ્ત્રીય નૃત્યાંગના, જેમણે પોતાના નૃત્યથી ભારતીય નૃત્ય શૈલીઓને પાકિસ્તાનમાં જીવંત રાખી છે તેમની ધરપકડ થઈ છે!

આ મહિલા છે શીમા કેરમાણી. તે પાકિસ્તાનનાં બહુ જ સન્માનનીય સાંસ્કૃતિક હસ્તી છે. શાસ્ત્રીય નૃત્ય, રંગમંચ અને


મૅડમ પિન્કી


શીમા કેરમાણી

મહિલાઓના અધિકારોની ચળવળ માટે ખૂબ જ જાણીતાં છે. ૧૬ જાન્યુઆરી ૧૯૫૧એ જન્મેલાં શીમાજી એકાદ નહીં, પરંતુ ત્રણ-ત્રણ શાસ્ત્રીય નૃત્યમાં પારંગત છે. તે ભરત નાટ્યમ, કથક અને ઓડિશીનાં નિષ્ણાત છે. પાકિસ્તાનમાં એક સમયે જ્યારે ભારતીય શાસ્ત્રીય નૃત્યો સામે સામાજિક અને રાજકીય પ્રતિબંધો હતા તેવા કપરા સમયમાં પણ તેમણે નીડર રીતે શાસ્ત્રીય નૃત્યો કરવાનું ચાલુ રાખ્યું હતું. કળા દ્વારા પ્રતિકારનું તે પ્રતીક બની ગયું હતું. તેમણે 'તેહરિક એ નિશ્વાન' નામનું સાંસ્કૃતિક કાર્ય જૂથ બનાવ્યું છે. તેમણે રંગમંચ, નૃત્ય અને સામાજિક જાગૃતિની પહેલો દ્વારા મહિલા સશક્તીકરણની તરફેણ કરી છે, પરંતુ જોવાની વાત એ છે કે શીમાજીની ધરપકડ સમયે તે હિન્દુ પોશાક અને પ્રતીકો સાડી અને કપાળ પર ગોળ ચાંદલા સાથે હતાં, જ્યારે તેમને પકડવા આવેલી મહિલા પોલીસ બુરખામાં હતી... આ છે પાકિસ્તાનનું મહિલા સશક્તીકરણ!

શીમાજીની ધરપકડના સમયે તેમની સાથે એવું વર્તન કરાઈ રહ્યું હતું જાણે કે તે રીઢા અપરાધી ન હોય! શીમા કેરમાણીની ધરપકડ અને તેમની સાથે થયેલા વર્તનની પાકિસ્તાનના સાશ્યલ મીડિયામાં ખૂબ જ ટીકા થઈ. પાકિસ્તાનની એક 'ઍક્સ' વપરાશકાર ટૂબા સૈયદે લખ્યું છે : પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની લોકશાહી જુઓ. ૭૫ વર્ષનાં વૃદ્ધા, દેશમાં સૌથી સન્માનનીય પૈકીનાં એક મહિલા કલાકાર, શીમા કેરમાણી સાથે એવી રીતે (પોલીસ દ્વારા) વર્તન કરાઈ રહ્યું છે જાણે રીઢા અપરાધી હોય. તે ત્યાં 'ઔરત માર્ચ' દ્વારા આયોજિત પત્રકાર પરિષદ માટે આવ્યાં હતાં.'

આ બધા વચ્ચે ભારતમાં આ મહિલાની ધરપકડના કોઈ પડઘા નથી. ભારતની ફેમિનિસ્ટો મૌન છે. તેમને મન ભારતમાં હિન્દુ મહિલાનું દુઃખ જ દુઃખ છે. તેમના માટે પાકિસ્તાનની મલાલા યુસૂફઝાઈ તો એક આદર્શ મોડલ છે, પરંતુ તમે ક્યારેય શીમા કેરમાણીનું નામ નહીં સાંભળ્યું હોય. મલાલા યુસૂફઝાઈ જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર થાય તેનો વિરોધ કરે છે. ભારતની ફેમિનિસ્ટ હિન્દુ મહિલાઓને જે કપડાં પહેરવાં હોય તે પહેરવાની છૂટની તરફેણ કરે છે. દીપિકા પદુકોણ 'માય લાઇફ માય ચૉઇસ'નો વિડિયો બનાવે છે. પરંતુ મલાલા યુસૂફઝાઈ કર્ણાટકમાં મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરવાની છૂટ અંગે કહે છે કે 'મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂકવો કેટલું ભયાનક છે!'

આવી મલાલા યુસૂફઝાઈને મીડિયાના એક વર્ગે ભારતની મહિલાઓ માટે આદર્શ બનાવી દીધી છે, જ્યારે અહીં શીમા કેરમાણી અંગે ન તો સમાચાર છે, ન તો ભારતના સોશ્યલ મીડિયામાં હોહા.

બાય ધે વે, 'ઔરત માર્ચ' એ કોઈ સંગઠન નથી. એ ફેમિનિસ્ટ ચળવળ છે. તેનું સૂત્ર છે :

'જબ તક ઔરત તંગ રહેગી, જંગ રહેગી, જંગ રહેગી.' ■

## ઔર યે મૌસમ હંસીં...


દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બ્રશ કરતી વખતે આપણને કેવા વિચારો આવે છે?

**મોટાભાગના** લોકો સવારમાં ઊંઘમાંથી ઉઠ્યા પછી પણ જાગ્યા હોય એવી લાગણીનો અનુભવ કરતા નથી. એમને જાગ્રત અવસ્થામાં લાવવા માટે ચા તૈયાર છે એવું કહેવા છતાં જાગ્રત અવસ્થા ધારણ કરતા નથી પણ એ બ્રશ કરે છે, બ્રશ કરવું એ ફક્ત દાંત સાફ કરવાનો પ્રોસેસ નથી પણ જાગી ગયાની નિશાની છે. બ્રશ કરવું એટલે દિવસની શરૂઆત થયાનો માનસિક સંકેત છે. તે એક પ્રકારની રોજેરોજની એવી પ્રણાલી બની ગઈ છે, જે મગજને સંકેત આપે છે કે હવે તમારા માટે દિવસ શરૂ થઈ ચૂક્યો છે.

યસ, તમે બરાબર સમજી ગયા. આજે બ્રશની કથાઓ કરવી છે. પોતાના બ્રશ માટે માણસ અનન્ય લાગણી ધરાવતો હોય છે. ઘણા લોકો પોતાનો ટૂથબ્રશ કોઈ બીજાને અડવા પણ દેતા નથી, કારણ કે માનવ મગજ તેને પર્સનલ પ્રોપર્ટી સાથે જોડે છે. જે રીતે કેટલાક લોકોને પોતાનો કાંસકો કે તકિયો ખાસ લાગે છે તેમ ટૂથબ્રશ પણ તેમની વ્યક્તિગત ઓળખનો ભાગ બની જાય છે. કેટલાક લોકો મુસાફરીમાં પણ પોતાનું જ ટૂથબ્રશ લઈને જાય છે. બીજાનું બ્રશ વાપરવાનો વિચાર પણ ગમતો નથી. હોટલમાં બ્રશ આપવામાં આવે એનો પણ ઉપયોગ કરવાનું ટાળતા હોય છે.

ટૂથબ્રશ માટે એવું મમત્વ હોય છે કે તેના છોડિયાં ઘસી નાખે છતાં લકી સમજીને બ્રશ બદલવા તૈયાર ન હોય. ઘણા દેશોમાં એવી પણ માન્યતા છે કે વ્યક્તિનું ભાગ્ય તેના બ્રશ સાથે જોડાયેલું હોય છે. આ ભાગ્ય ચોરવું હોય તો તેના બ્રશને ચોરવું જોઈએ જેવી અંધશ્રદ્ધાની દુનિયામાં માનનારાઓનો ખાસ વર્ગ છે. ભારતીય અને ચીની પરિવારોમાં લાલ બ્રશને શુભ માનવામાં આવે છે, કારણ કે લાલ રંગ શક્તિ અને સુખનું પ્રતીક છે. વિપરીત રીતે, કાળા અથવા ઘાટા રંગના બ્રશને કેટલાક સ્થળોએ




અશુભ માનવામાં આવે છે. કાળા કલરના બ્રશનું વેચાણ લગભગ નહિવત છે. પશ્ચિમી દેશોમાં સફેદ બ્રશને સ્વચ્છતા અને શુદ્ધતાનું પ્રતીક માનવામાં આવે છે. કેટલાક લોકો માને છે કે સફેદ બ્રશ વાપરવાથી દાંત વધુ સફેદ થાય છે, આમને કોણ સમજાવે?

આમ તો દુનિયાભરમાં દર વર્ષે ૩.૫ અબજથી વધુ ટૂથબ્રશ વેચાય છે. આમાંથી મોટાભાગના પ્લાસ્ટિકના હોવાથી તે બધા ૪૦૦ વર્ષ સુધી ડિગ્રેડ- નાશ નથી થતા પામતા! દરિયાના જાણકારોના અભ્યાસ અનુસાર દર વર્ષે સમુદ્રમાં ૧.૫ અબજ ટૂથબ્રશ પહોંચે છે, જે સમુદ્રી જીવો માટે મોટું જોખમ છે. આજ કારણોથી પ્રજામાં જાગૃતિ વધી છે અને છેલ્લા એક બે વર્ષથી યુરોપ અને અમેરિકામાં બાયોડિગ્રેડેબલ બ્રશ એટલે કે વાંસ, ઝાડ અને કેસ્ટર ઓઇલથી બનેલા બ્રશની ડિમાન્ડ વધી છે.

માણસે દાંત સાફ કરવાની રીતો હજારો વર્ષ પહેલાં શોધી લીધી હતી. પ્રાચીન ઇજિપ્ત કે મેસોપોટેનીયામાં નાની લાકડીઓને ચાવીને તેમાંથી રેસા બનાવીને દાંત સાફ કરતા, ભારતની લીમડાના દાતણ કરવાની પદ્ધતિનો સ્વીકાર તો દુનિયાભરના આરોગ્યના જાણકારોએ કર્યો છે. આધુનિક બ્રશની પ્રારંભિક શોધ ચીનમાં થઇ હોવાનું માનવામાં આવે છે. ચીનમાં પ્રાણીઓના વાળને હાડકાના હેન્ડલમાં ફસાવીને પ્રથમ બ્રશ બનાવવામાં આવ્યા. યુરોપમાં તેનો પ્રચાર થયો અને ધીમે ધીમે પ્લાસ્ટિકના ટૂથબ્રશ આવ્યાં.

બ્રશ વાપરતી દુનિયા જાતજાતના લોકોની બનેલી છે એટલે જ બ્રશની જાહેરાતમાં તેના કલર અને ડિઝાઇન પર ભાર મૂકવામાં આવતો હોય છે. આમ તો ટૂથબ્રશ સાવ નાનકડું છે, પરંતુ તેની પાછળ મનોવિજ્ઞાનનું એક વિશાળ વિશ્વ છુપાયેલું છે. આપણે જે બ્રશ પસંદ કરીએ છીએ તે માત્ર આપણી સ્વચ્છતાની આદત પર જ નહીં, પણ આપણા અર્ધજાગ્રત મન, લાગણીઓ, વય અને સેક્સ પર આધારિત હોય છે. માર્કેટિંગ નિષ્ણાતો અને મનોવૈજ્ઞાનિકો વર્ષોથી આ વિષય પર સંશોધન કરી રહ્યા છે, કારણ કે બ્રશની ડિઝાઇન, રંગ અને આકાર આપણને કેવી રીતે આકર્ષે છે અને તેનાથી આપણી ખરીદી અને વપરાશની આદત કેવી રીતે બદલાય છે, આ અત્યંત રસપ્રદ વિષય છે.

તાજેતરમાં થયેલા એક અભ્યાસ મુજબ ગોળાકાર અને મોટા હેન્ડલવાળા બ્રશ બાળકોને વધુ સમય સુધી બ્રશિંગ કરાવે છે, કારણ કે તે તેમના નાના હાથમાં સરળતાથી પકડાય છે અને તેમને રમત જેવો અનુભવ આપે છે. સ્ત્રીઓમાં સ્લીમ અને કર્વ્ડ હેન્ડલવાળા બ્રશ વધુ આકર્ષક છે, કારણ કે તે તેમને આરામ અને નજાકતની લાગણી આપે છે. પુરુષોમાં મોટા અને મજબૂત હેન્ડલવાળા બ્રશ વધુ પસંદ કરાય છે, કારણ કે તે તેમને મજબૂતાઇનો અનુભવ કરાવે છે. આ તફાવત ફક્ત ડિઝાઇનનો નથી, પણ મગજની સેન્સરી પ્રોસેસિંગ અને ટચ સેન્સેશન સાથે જોડાયેલો છે. આ પસંદગીનો ઉપયોગ જાહેરાત અને માર્કેટિંગમાં મનોવિજ્ઞાનનો સિદ્ધાંત સાથે કરવામાં આવે છે. કંપનીઓ બાળકો માટે કાર્ટૂન કેરેક્ટર્સ, લાલ, વાદળી, પીળો, લીલો જેવા રંગોને બ્રશની જાહેરાતમાં દર્શાવે છે, જેથી તે બ્રશને રમત તરીકે જુએ. સ્ત્રીઓ માટે સુંદરતા, નરમાશ અને સ્વચ્છતાના ઇમેજ બતાવવા પિંક, લાવેન્ડર, પેસ્ટલ શેડ્સના રંગો દર્શાવવામાં આવે છે. જ્યારે પુરુષો માટે મજબૂતી, ટેક્નોલોજી અને પર્ફોર્મન્સના ઇમેજ સાથે ડાર્ક કલરના બ્રશની જાહેરાત થાય છે.

હકીકત બીજી પણ છે, જે લોકો બ્રશ કરતી વખતે આયનામાં પોતાને જુએ છે તેઓ ૨૨% વધુ સમય સુધી બ્રશ કરે છે. જેમનો મૂડ આઉટ છે એમાં ચોથાભાગના લોકોને બ્રશ કરવાનું મન જ થતું નથી, એટલે તેમને હજુ જાગવું જ નથી

વિશ્વ આરોગ્ય સંસ્થાનું માનવું છે કે એક બ્રશને ૩ થી ૪ મહિના સુધી જ વાપરવું જોઈએ. તે પછી તે દાંતને સારી રીતે સાફ કરી શકતા નથી અને બેક્ટેરિયા જમા થવાનું જોખમ વધારે છે. વિશ્વમાં લોકો ૪ થી ૬ મહિના અથવા તેનાથી વધુ સમય સુધી એક જ બ્રશ વાપરે છે. ભારતીયો સરેરાશ છ મહિના સુધી એક જ બ્રશ વાપરે છે. આંકડા દર્શાવે છે કે ભારતમાં બ્રશ કરવાની આદત અને તેને સમયસર બદલવાની વૃત્તિ નબળી છે બ્રશ કરવા માટે બીજી ઘણી રીતે પણ 'જાગવા'ની જરૂર હોય એવું નથી લાગતું?! ■

**ધ એન્ડ**

*તમે જે ખાઓ છો તે જ તમે છો.*
*-હિપોક્રેટીસ*

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# હેં? ખર્ચ વધશે કે ખર્ચ ઘટશે?



...સરકાર પાસેથી તાજેતરમાં બે વાત એકસાથે સામે આવી છે. પહેલી વાત એ કે વહીવટી ખર્ચમાં ઘટાડો થશે અને બીજી વાત એ કે સંસદના સભ્યોને જે દર મહિને પૈસા મળી રહ્યા છે, એમાં વધારો કરાશે. સંસદના સભ્યોના પૈસા વધશે તો થોડા દિવસમાં વિધાનસભાના સદસ્યોના પૈસા પણ વધી જશે. એટલે હાલ પૂરતો ઠરાવ એ છે કે અધિકારી તંત્રને થોડી તકલીફમાં રાખીએ અને નેતા લોકોને થોડાં ખુશ કરીએ. આવી જ વાતોથી આપણને દેશના સ્પષ્ટ આર્થિક વલણની ખબર પડે છે.

વહીવટી ખર્ચમાં ઘટાડો શું હાઈ શકે? કાગળ પર પિન ઓછી લગાવવામાં આવશે, એક જ કાર્બન પેપરનો વધારે વખત ઉપયોગ કરવામાં આવશે, એક જ ફાઈલમાં બે કેસના કાગળો રહેશે, અધિકારી પ્રવાસે જશે નહીં અથવા જશે તો વહીવટી ખર્ચમાં ઘટાડાના કારણે અડધે રસ્તે ઊતરી જશે. તો શું આજકાલ સમિતિની બેઠકમાં પણ ચા સાથે બે બિસ્કિટ જ અપાશે? ખર્ચને પહોંચી વળવા માટે સરકારી કચેરીઓનો થોડોક ભાગ પ્રાઈવેટ પાર્ટી માટે, બૅન્કોને અથવા ભાડેથી આપી દેવામાં આવશે. જે પગાર મળે છે એમાં વધારે કામ કરાશે. બે લોકો ત્રણ લોકો જેટલું કામ કરશે. ટેન્ડરો છપાશે નહીં, મૌખિક આપવામાં આવશે. સ્ટોર માટે સામાન ખરીદવાને બદલે વેચવામાં આવશે. પુસ્તકાલય માટે પુસ્તકો ખરીદાશે નહીં, દાનમાં માગવામાં આવશે. ખુરસી તૂટી જાય તો રીપેર કરાશે નહીં. આ સિવાય વહીવટી ખર્ચમાં ખોટ શું હોય? પૈસાની ખોટના કારણે પોલિસના ડંડાની લંબાઈ તો ઓછી નહીં થાય. પણ શું ટીયર ગૅસ છોડવામાં કરકસર કરવામાં આવશે?

જો સંસદના સભ્યોને વધારે પૈસા મળી ગયા તો આગામી ચૂંટણી લડવા માટે શું પૈસાની બચત કરશે? સંસદના સભ્યોને સસ્તામાં સરસ ખાવાનું મળે છે. દૂધ, દવાઓ, માખણ, ચિકન અને મધ વગેરે ઓછા ભાવે લઈ શકે છે. નેતા લોકો કપડાં સસ્તામાં ખરીદી શકે એટલા માટે આખા દેશમાં લાંબા સમય સુધી ખાદી ભંડારમાં સેલ ચાલતું રહે છે. સંસદના સભ્યોની યાત્રાઓ મફત થાય, મકાન મફતમાં મળે, સમાચારપત્ર મફતમાં મળે, નોકરો મફતમાં મળે, ફોન મફતમાં મળે...

કોણ જાણે બીજું શું શું મફતમાં મળે છે? ભથ્થું લીધા વગર એ લોકો સંસદની બેઠકમાં બેસતા નથી. બિલ વસૂલ કર્યા વગર સંસદમાંથી ઘરે પાછા આવતા નથી. ચૂંટણીમાં હારી ગયા પછી પણ સરકારી મકાનમાં અને કામ વગરના થયા પછી પણ રાજકારણમાં ટકી રહે છે. છતાં પણ આપણે એમને બે લાખ નહીં, પાંચ લાખ રૂપિયા આપવા જોઈએ. જેથી એ લોકો માથું ઊંચું રાખીને ફરે અને દરેક પૈસાવાળા, ફૅક્ટરીવાળા અથવા વેપારીને જોઈને ભીખ માગવા લાગે નહીં. એ લોકોને અમીરોના પગ પાસે બેસી રહેવા માટે થોડા ચૂંટવામાં આવ્યા છે!?

ગમે તે કહો, આપણો દેશ એ આપણો દેશ છે! સરકાર, આખરે સરકાર છે! ક્યાંક પૈસા વધારી રહી છે તો ક્યાંક ઘટાડો કરી રહી છે. જેને જરૂર નથી એને પૈસા આપી રહી છે. જેને પૈસા જોઈએ છે એના રોકીને વિચાર કરી રહી છે. કોઈ ઓછા પૈસા મળવા પર રડી રહ્યું છે તો કોઈ વધારે મળવા પર હસી રહ્યું છે, પણ તમે એ નહીં કહી શકો કે આપણી સરકાર આર્થિક બાબતોમાં સાવ વિચાર્યા વગર કામ કરે છે. સરકાર વિચાર તો કરે જ છે. પછી તો જેણે જે સમજવું હોય તે સમજે અને જે વિચારવું હોય તે વિચારે બાકી જેવા જેના નસીબ!

(મૂળ લેખ ૧૯૮૬નો હાલમાં સરકારે ખર્ચ કાબૂ માટે જે જે વિવિધ હાકલ કરી એના સંદર્ભે) ■

## કચ્છી ચોવક

__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ખરાબ કૃત્યોનાં પરિણામ તો ભોગવવાં જ પડે

**જીવનમાં** વાતાવરણ સંવર્ધક જોઈએ. જો એ સંવર્ધક હોય તો જીવનમાં ખીલવા જેવું બધું જ ખીલી ઊઠે! ગુજરાતીમાં ઘણીવાર એક ઉક્તિનો ઉપયોગ બોલવા-ચાલવામાં થતો જોવા મળે છે. 'મન વગરનો મેળો, ને વન વિનાનો વેલો'. એ જ અર્થ સાથે એક ચોવક પણ પ્રચલિત છે કે 'મન વૉણુ મેળો, ને વન વૉણુ વેલો' જેનો ભાવાર્થ એવો પણ થઈ શકે છે કે, મન રાજી ન હોય તો મિલનમાં પણ ખુશી નથી ખીલતી! શાયરે પણ કહ્યું છે ને કે, 'દિલ વિના લાખો મળે, તેને સભા નથી કહેતા!' બસ એવું જ! મિલન પણ મનપૂર્વક, મનોસભર હોવું જોઈએ. તેવું જ વન માટે કહી શકાય, જેનો ચોવકમાં ઉલ્લેખ છેઃ 'ને વન વૉણુ વેલો.' અહીં ભાવાર્થ સુધી પહોંચવા મોટાં વૃક્ષને બદલે 'વન' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે, એટલું જ નહીં વર્ણાનુપ્રાસ માટે પણ... 'મન' અને 'વન' શબ્દોનો ઉપયોગ થયો છે. એ મોટાં વૃક્ષ ન હોય તો 'વેલ' ક્યાંથી પાંગરે? એટલે જ વાતાવરણ સંવર્ધક હોવું જરૂરી છે. જો ખીલવું હોય તો એની આવશ્યકતા રહેવાની જ! એ મૂળભૂત આવશ્યકતા છે, એ ન હોય તો બધું અધૂરું જ નહીં, નકામું બની જાય છે.

આ ચોવકો કેમ રચાતી હશે? બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. કોઈ તાગ નથી પણ કારણો જે તગતગે છે, તે કંઈક આવાં હોઈ શકે! એ સર્વસામાન્ય જવાબ છે કે, તેની ઉત્પતિમાં લોકજીવન તથા લોકસમાજના વિસ્તૃત કાર્યક્ષેત્ર અને કાર્યપ્રવૃત્તિનો પણ ઘણો મોટો ફાળો છે. જે લોકસમાજનાં વિવિધ પાસાંઓની ઝલક પણ દેખાડે છે. જેમકે ઘણા બધા અર્થ ધરાવતી ઉક્તિ છેઃ 'ક્તર હલાયણી' (કાતર ચલાવવી) 'કલઈ કરાયણી' (કલઈ કરાવવી) 'કચી તંધ ત્રુટણી (કાચા સૂતરનો તાંતણો તૂટવો). 'બાજરખેણી' અને બાજર ખુટણી (બાજરો ખાવો કે બાજરો ખૂટવો).



આ બધું જ સમાજના વિધ-વિધ વર્ગના લોકો દ્વારા થતી કાર્ય પ્રવૃત્તિમાંથી જન્મતી હોય તેવું સ્પષ્ટપણે લાગે છે. ઘણું વ્યાપક અને વિસ્તૃત ક્ષેત્ર છે. આ ઘરકામ કરતી કે, બાળકના ઉછેરમાં વ્યસ્ત ગૃહિણીથી માંડીને વિવિધ વેપાર-ધંધામાં કે અન્ય વ્યવસાયોના લોકો ગ્રામજીવનમાં એકરૂપ થઈને સૌ પોતપોતાનાં કાર્યમાં પોતાના ભાવ કે વિચારો વ્યક્ત કરતા તેમાં જોવા મળે છે. ખાસિયતો અને જીવનપદ્ધતિના આધારે પોતાની પ્રતિક્રિયાઓ રજૂ કરતા હોય છે, જેમાં વ્યંગ અને પ્રશંસાના સ્વર સંભળાય છે. આ બધાં પરિબળો ચોવકોની ઉત્પતિ અને વિકાસમાં યથેચ્છ ફળો આપે છે. જેમ કે કચ્છમાં પશુપાલનનો ધંધો કરતા માલધારીઓ ઘણીવાર કહેતા હોય છે કે 'ઉન ઉતારી ગિનાણી'! ઘેટાં-બકરાંની ઊન ઉતારી તેનો યોગ્ય ઉપયોગ કરવો એ અર્થમાં બોલાવેલા એ ત્રણ શબ્દો કાળક્રમે રૂઢ બની, લાક્ષણિક રૂપે બોલચાલમાં વપરાવા લાગ્યા ત્યારે તેનો અર્થ પ્રગટ થયો 'કસ કાઢી લેવો'! આમ જન્મતી હશે ચોવકો!

એક જમાનામાં માટીની બનાવેલી કોઠીમાં અનાજ-ધાન રખાતાં. હવે સમયાંતરે જ્યારે નવું ધાન ભરવાની મોસમ આવે ત્યારે એ કોઠી ધોઈને સાફ કરવામાં આવતી. માટીની કોઠી, સ્વાભાવિક રીતે માટીની કોઠી અને સંગ્રહેલાં ધાનની માટી પલળે એટલે ગારો બનીને જ નીકળે! તેના પરથી ચોવક બનીઃ 'કોઠી ધૂઓ ત ગારો નિકારે' શબ્દો સરળ છે, તેના અર્થમાં ન જતાં ભાવાર્થમાં જઈએ... કેટલીક વાતો ભૂતકાળની એવી હોય કે તેને ઉખેળવાની કે ઉલેચવાની ન હોય! તેનાથી મન, કોઠીની જેમ સારું નથી થતું પણ વધુ 'ગારો' થાય છે! ડાહ્યા માણસો એટલે જ એવી વાતો ઉખેળે નહીં, તેને ઉખેળવાથી બંને પક્ષોને નુકસાની જ થાય! કેટલીક અદ્‌ભુત શીખામણ આપે છે, ચોવક!

હા, તેના જેવું જ કે, 'વાડ મેં હથ વિજોં ત કંઢા જ લગેં' વાડમાં હાથ નાખીએં તો કાંટા જ લાગે. અર્થનો ભાવ એવો પણ થાય છે કે, ખોટાં અને ખરાબ કૃત્યો કરીએં તો, તેનાં પરિણામ ભોગવવાં જ પડે!

એક જ સ્વરૂપની બે ચોવકો, અને બન્નેના અર્થ અલગ થાય એવું પણ બને! તેમાંથી એક છેઃ 'ભિત ડિસી ચિતર કઢાજે' અને બીજી છે, 'ભિત વગર ચિતર ન નિકરે' પહેલી ચોવકનો શબ્દાર્થ થાય છેઃ ભીંત પ્રમાણે ચિતરામણી કરાય અને બીજી ચોવકનો શબ્દાર્થ છે 'ભીંત વગર ચિત્ર ન દોરાય'. 'ભિત' એટલે ભીંત કે દિવાલ અને 'ચિતર' એટલે ચિત્ર. 'ડિસી'નો અર્થ થાય છે, જોઈએ. બન્ને ચોવકમાં સમાન શબ્દોનો પ્રયોગ થયો છે.

પહેલી ચોવકનો ભાવાર્થ કંઈક આવો નીકળી શકે કે, માણસની યોગ્યતા પ્રમાણે તેની સાથે વાત કરાય કે કામ સોંપાય. એ વ્યક્તિની સમજ કે આવડત બહારનું કશું કહીયે તો એ નિરર્થક નીવડે! અને બીજી ચોવક કહે છે કે 'જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ તો હોય જ.' કોઈ વાતમાં જરૂર તથ્ય હોય અને તો જ એ આગળ વધે કે આગની જેમ ફેલાય!

આ ચોવકનો વિશિષ્ટ સંદર્ભ એવો પણ છે કે, કોઈ વ્યક્તિ પર તેના ચારિત્ર્ય અંગે આળ આવે અને સાંભળનાર વિશ્વાસપૂર્વક કહે છે કે 'ના, એ બની જ ન શકે, એ વ્યક્તિ એવી નથી.' ત્યારે આળને સમર્થન આપનાર કહે જ કે 'ભિત વગર ચિતર થોડ દારાજેં તા?' મતલબ કે, કંઈક તો છે, વાત એમને એમ થોડી જ ફેલાય.' 'ભિત વગર કીં ચિતર નિકરેં?'

એ જ સંદર્ભમાં ઘણીવાર બીજી એક ચોવક પણ વપરાય છે કે, 'ધરા' વિગર ધાંઈ ન થીએં'! ધરા એટલે જમીન અને 'ધાંઈ' એટલે અનાજ, પણ મોટા ભાગે તેનો ભાવાર્થ લોકો એવો કરે છે કે, સારી જમીન વગર, અનાજ પેદા થતું નથી! ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ચાહ કરતાં વધુ તાકાત ચા પાસે છે



દાર્શનિક દૃષ્ટિએ અઢી અક્ષરના શબ્દો પ્રભુ અને પ્રેમનું મનુષ્ય જીવનમાં ગજબનાક પ્રભુત્વ છે. સૂતેલાને જગાડવાની, જાગી ગયેલાને બેસાડી દેવાની, બેઠેલાને ઊભા કરી દેવાની, ઊભા હોય એને ચાલતા કરી દેવાની અને ચાલતા હોય એને દોડતા કરી દેવાનું સામર્થ્ય અઢી અક્ષરમાં રહેલું છે. જોકે, ભારતીય પ્રજા અને ખાસ કરી ગુજરાતીઓને પૂછશો તો કહેશે કે પ્રભુ અને પ્રેમ પછી સૂતેલાને સીધો સડસડાટ દોડતો કરવાની તાકાત ચાહ કરતા એક અક્ષરી 'ચા'માં વધારે છે. આવતીકાલે ૨૧ મે, આંતરરાષ્ટ્રીય ચા દિન. સવારે ચાની ચુસ્કી સાથે 'મુંબઈ સમાચાર' વાંચતા હશો ત્યારે યાદ રાખજો કે વિશ્વના સૌથી વધુ ચા ગટગટાવી જતા પહેલા પાંચ દેશમાં ભારતનું નામ નથી. ચોંકી ગયા ને.?! હેરત થાય એવી વાત એ છે કે વિશ્વના પ્રતિ વર્ષ મહત્તમ ચા ઉત્પાદક દેશોની યાદીમાં ચીન (૨૪ લાખ ટન) પછી ભારત બીજા ક્રમે (નવ લાખ ટન) આવે છે, પણ વ્યક્તિદીઠ ચા ગટગટાવી જતા દેશોની યાદીમાં ૩.૧૬ કિલોગ્રામ સાથે ટર્કી પહેલા નંબરે છે જ્યારે આયર્લેન્ડ ૨.૧૯ કિલો સાથે બીજા નંબરે અને ૨.૧૦ કિલો સાથે અઝરબાઈજાન ત્રીજા ક્રમે છે. જોકે, આંકડા ઘણી વાર ગેરમાર્ગે દોરનારા હોય છે. ચા ઉત્પાદનમાં વિશ્વના પ્રથમ બે દેશ હોવા છતાં પીવામાં ચીન ૫૭૦ ગ્રામ સાથે બાવીસમા નંબરે અને ૩૩૦ ગ્રામ સાથે ભારત ત્રીસમા નંબરે છે.

આ વિચિત્રતાનું કારણ છે ચીન અને ભારતની અધધ વસતિ. ટર્કીમાં દર વર્ષે બે લાખ ૭૦ હજાર ટન ચા પીવાય છે, જ્યારે આપણે ત્યાં ૬૦ લાખ ટન ચા પેટમાં પધરાવાય છે. ટૂંકમાં બાવીસ ટર્કી જેટલી ચા પીવે એટલી ચા એકલું ભારત ગટગટાવી જાય છે. આવતી કાલે સવારે એક હાથમાં 'મુંબઈ સમાચાર' અને એક હાથમાં ચાનો કપ રાખી હરખાઈને આ સિદ્ધિનું સ્મરણ કરી કિશોર કુમાર - લતા મંગેશ્કરનું યુગલ ગીત 'શાયદ મેરી શાદી કા ખયાલ દિલ મેં આયા હૈ, ઈસીલીએ મમ્મીને મેરી તુમ્હે ચાય પે બુલાયા હૈ' સાંભળજો, ટેસડો પડી જાશે.

## એક અચ્છા મચ્છર જંગલ કો બચા લેતા હૈ



દરેક દેખાતા ચહેરાની પાછળ બીજો એક ચહેરો છુપાયેલો હોય છે એવું કહેવાય છે. મચ્છર છે તો નાનો અમથો જીવ પણ કેવો કાળો કેર વર્તાવવાની ક્ષમતા ધરાવે છે એ વાતથી આપણે બધા સુપેરે પરિચય છે. મચ્છરનો ઉલ્લેખ થાય અને નાના પાટેકરની ભુલાઈ ગયેલી 'યશવંત' ફિલ્મનો ક્યારેય ન ભુલાય એ ડાયલોગ 'એક સાલા મચ્છર આદમી કો હીજડા બના દેતા હૈ' યાદ આવી જાય.

મચ્છરોની દુનિયાની મજેદાર વાત એ છે કે લોહી પીવાનું કામ માત્ર માદા જ કરે છે, અહિંસામાં માનતો બિચારો નર તો ફૂલ અને છોડમાંથી રસપાન કરીને ગુજરાન ચલાવી લે છે. આ આખીય વાતને તમે જો મનુષ્ય જીવનની ફિલસૂફી સાથે જોડવાનો પ્રયત્ન કરતા હો તો તમે તમારું જાણો. એના જે પણ પરિણામ આવે એ ભોગવવા તૈયાર રહેવાનું, ફરિયાદ નહીં કરવાની...


વૈજ્ઞાનિક અભ્યાસ જણાવે છે કે માદાને બચ્ચાના વિકાસ માટે મનુષ્યના લોહીની જરૂર પડે છે. બીમારી ફેલાવતા મચ્છરને પૃથ્વી પરથી નામશેષ કરવા અબજો રૂપિયા ખર્ચાયા છે, આંશિક સફળતા મળી હશે, પણ સંપૂર્ણ સફળતા હાથ નથી લાગી. આપણે આજે વિલન તરીકે ઓળખ મેળવનાર મચ્છરના સારા કામની વાત કરવી છે.

વૈજ્ઞાનિકોના કહેવા અનુસાર આ કાતિલ માદા મચ્છર દુનિયાભરમાં જોવા મળતા વર્ષાવનની (રેઇન ફોરેસ્ટની) રક્ષાની અને એની સારસંભાળની જવાબદારી પણ પાર પાડે છે. મતલબ કે પુણ્યનું કામ કરે છે. સંશોધન અનુસાર એમેઝોન અને દક્ષિણપૂર્વ એશિયાનાં જંગલો આ મચ્છરના ઉપદ્રવને કારણે જ ટકી રહ્યા છે. હવે હેરત પમાડનારી બીજી વાત પણ જાણો. મચ્છર બહુ બદનામ જંતુ કહેવાય છે, પણ હકીકત એ છે કે એની ત્રણેક હજાર જાતમાંથી ગણીને ત્રણ જાત જ રોગચાળો ફેલાવવા માટે કુખ્યાત છે.

હેં ?હોય નહીં....!

## પિત્તળના ભાવમાં સોનું ને જર્મન સિલ્વરના દામમાં સિલ્વર

આપણે ગાયને માતા તરીકે પૂજીએ છીએ અને ગાયની જેમ વાગોળવામાં પણ આપણને આનંદ આવતો હોય છે. 'હમારે ઝમાને મેં' આજના યંગસ્ટર્સને અકળાવનારો વડીલોનો એવરગ્રીન ડાયલોગ છે. સોનાના ભાવ છાપરું ફાડવાની કોશિશ કરી રહ્યા છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક વર્ષ સુધી સોનું નહીં ખરીદવાની અપીલ દેશવાસીઓને કરી છે ત્યારે સોશ્યલ મીડિયા પર ૫૬ વર્ષ જૂનું બિલ વાયરલ થયું છે જે જોઈને એ સમયે લીધેલું ૧૦ ગ્રામ સોનું પણ સાચવી રાખ્યું હોત તો આજે કેટલા પૈસા મળ્યા હોત એવા ખયાલી પુલાવ અનેક ઘરમાં રંધાઈ ગયા હશે. આજની તારીખમાં બાવીસ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ દોઢ લાખ રૂપિયાની આસપાસ છે જ્યારે ૧૯૭૦ના બિલમાં ૨૦ ગ્રામ સોનું ૩૭૦ રૂપિયામાં - મતલબ ૧૦ ગ્રામના ૧૮૫ રૂપિયા- ખરીદ્યું હોવાનું દેખાય છે. મેકિંગ ચાર્જીસ પેટે માત્ર ૧૫ રૂપિયા જ લેવામાં આવ્યા છે. ૨૦ ગ્રામની સોનાની ચેન, ૧૦ ગ્રામની વીંટીના મેકિંગ ચાર્જિસ સાથે કુલ ૫૭૦ રૂપિયા ચુકવવામાં આવ્યા હતા. જોકે એ સમયે ૫૦૦ રૂપિયાના પગારમાં પાંચ વ્યક્તિના પરિવારના આખા મહિનાનો ખર્ચ નીકળી જતો એ ન ભૂલવું જોઈએ. ૧૦૦ ગ્રામ ચાંદી માટે તો ૬૦ રૂપિયા જ થયા છે. એટલે કે કિલો ચાંદીનો ભાવ થયો ૬૦૦ રૂપિયા. આજે ભાવ છે પોણા ત્રણ લાખ રૂપિયા. અલબત્ત, કેટલાક લોકોએ દલીલ કરી છે કે આ બિલ ઓરિજિનલ નથી, એઆઈની મદદથી તૈયાર કરવામાં આવ્યું છે. એ હોઈ શકે છે, પણ ૧૯૭૦ના ભાવ સાચા છે અને 'ગાલિબ'ની સ્ટાઈલમાં કહેવું હોય તો કહી શકાય કે 'દિલ કો બેહલાને કે લિયે યે ખયાલ અચ્છા હૈ.'



प्रो. रेशम चन्द सोनी फोन : 2227

श्याम ज्वैलर्स

सोने एवं चाँदी के आभूषण निर्माता एवं विक्रेता
सर्राफा बाजार, जयपुर

बिल नं. 0327 दिनांक 15/7/1970


श्रीमान कैलाश चन्द जी

| विवरण | शुद्धता | मात्रा | दर (प्रति 10 ग्राम) रु. पै. | राशि रु. | पै. |
|---|---|---|---|---|---|
| — सोना — | | | | | |
| 1. सोने की चैन (22 कैरेट) | 22 K 916 | 20 ग्राम | 185-00 | 370- | 00 |
| 2. सोने की अंगुठी (22 कैरेट) | 22 K 916 | 10 ग्राम | 185-00 | 185- | 00 |
| — चांदी — | | | | | |
| 3. चांदी की पायल (925) | 925 स्टर्लिंग सिल्वर | 100 ग्राम | 6-00 | 60- | 00 |
| | | | कुल राशि | 615- | 00 |
| | | | मेकिंग चार्ज | 15- | 00 |
| | | | कुल देय राशि | 630- | 00 |

राशि (शब्दों में) छः सौ तीस रुपये मात्र।

धन्यवाद ! फिर पधारें !! हस्ताक्षर Resham Chand Soni

## કાન ડરાવવાનું કામ પણ કરે, રશિયામાં



નાક ઘ્રાણેન્દ્રિય છે તો કાન શ્રવણેન્દ્રિય છે. કાનનું કામ સાંભળવાનું છે, પણ ઘણી વાર એ સાંભળવાની વાત પ્રત્યે આંખ આડા કાન કરે છે તો અનેક વાર નહીં સાંભળવાની વાત કાન સરવા કરી સાંભળે છે. કાન અંગે ઘણી કહેવતો - રૂઢિપ્રયોગો ભાષામાં છે. કાચા કાનનો એટલે ભોળવાઈ જાય એવો જ્યારે સૂપડા જેવા કાન એટલે વધુ પડતા મોટા કાન. ગણેશજીનું નામ પડે તો વંદન થાય અને સુપડકન્નો રાજાની વાર્તા યાદ આવે એટલે હસવું આવે. પણ તમે ફ્લાવર કે ફૂલગોબી - ફૂલકોબી તરીકે ઓળખાતા શાક જેવા કાન વિશે તો નહીં જ જાણતા હો.

રશિયામાં ઝપાઝપી - બથ્થમબથ્થીના બોક્સિંગ, રેસલિંગ કે રગ્બી જેવા ખેલમાં પ્રહારને કારણે થતી આઘાતજનક ઈજાથી કાનનો આકાર બદલાઈ જતા કોલીફ્લાવર ઈયર શારીરિક ખોડ ગણાય છે. એવા કાન ધરાવતી વ્યક્તિ સામે સૂગથી જોવામાં આવતું હતું. જોકે, આજકાલ એને આદર સાથે જોવામાં આવી રહ્યા છે. આ ભાવપલટાનું કારણ એવું છે કે અનેક રશિયન પુરુષ અન્ય પુરુષોમાં ભય ઉત્પન્ન કરવાના હેતુથી ફ્લાવર જેવા કાન પૈસા ખર્ચી બનાવી રહ્યા છે. એક અહેવાલ અનુસાર કાન બદલવાની આ પ્રક્રિયા એટલી લોકપ્રિય બની છે કે નોંધણી કરાવવા જાઓ તો એક મહિના પછીની તારીખ મળે, બોલો... ! આ સર્વિસ આપનારી વ્યક્તિ કાન દીઠ ૬ હજાર રૂબલ (આશરે ૮ હજાર રૂપિયા) ચાર્જ કરે છે. જોકે, 'શરતો લાગુ' જેવી વાત પણ કરે છે કે અનુભવી ફાઈટર કે કસાયેલા કુસ્તીબાજ જેવા લુક માટે બીજી કેટલીક પ્રક્રિયા પણ કરવી પડે અને એટલે બિલની રકમમાં વધારો થઈ શકે છે. ધાક જમાવવા માગતા રશિયન પુરુષોમાં કાનેશ્રી થવાની ઉત્સુકતામાં ઉછાળો આવ્યો છે અને રૂઆબ માટે રૂબલની ચિંતા નથી કરતા. જોકે, નિષ્ણાતોએ એક ચેતવણી પણ ઉચ્ચારી છે કે જો સમગ્ર પ્રક્રિયામાં સાવચેતી ન રાખવામાં આવે તો શ્રવણ શક્તિ જતી રહે કે સ્નાયુ સૂઝી જાય અથવા બીજી કોઈ ખોડની સંભાવના રહેલી છે. એક ફિલોસોફિકલ દલીલ પણ કરવામાં આવી છે કે પૌરુષત્વ માટે બાહરી દેખાવ કરતા મજબૂત મન વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. જોકે, બાહ્ય દેખાડાનું મહત્ત્વ ધરાવતી આજની દુનિયામાં...

## લ્યો કરો વાત

*'જાના થા જાપાન પહુંચ ગયે ચીન' જેવો અનુભવ આ દુનિયામાં અનેક લોકોને થયો હશે. કોક વીરલા એવા હોય કે ચીન પહોંચી ગયા પછી પણ જાપાન પહોંચવાનું મનોબળ રાખી એ સફર પૂરી કરતા હોય છે.*

*યુએસના રહેવાસી નેથન મોરિસને સંગીતની દુનિયામાં કામ કરી નામ અને દામ મેળવવા હતા. જોકે,નિષ્ફળતા મળતા એ વતન પાછો ફર્યો. અહીં એની મુલાકાત ભાવિ પત્ની સાથે થઈ. પત્નીનો પરિવાર 'ફ્યુનરલ હોમ' (સ્મશાન ઘર) ચલાવવાનો વ્યવસાય કરતો હતો. કામ મુશ્કેલ હતું, પણ નેથને ૨૫ વર્ષની ઉંમરે અંગત જીવન, પાર્ટી, રજાઓમાં સહેલસપાટા વગેરેને તિલાંજલિ આપી વ્યવસાયમાં જાતને જોતરી દીધી. પોતાની માલિકીનું 'ફ્યુનરલ હોમ' પણ બનાવ્યું. મૃતદેહ સાથે આવતા પરિવારજનો સાથેની વાતચીત પછી નેથનનું હૃદય પરિવર્તન થયું. લોકોના અધૂરા રહી ગયેલા સપનાંની વીતકકથા સાંભળી તેને પણ પોતાનું સંગીતનું અધૂરું રહી ગયેલું સપનું સાંભર્યું. એક દિવસ સોલો ચડ્યો અને ફ્યુનરલ હોમ વેચી સંગીતની દુનિયામાં રત થઈ ગયો અને આજે એના ગીત ધૂમ મચાવે છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ડાહી ગાંડીને કેમ શિખામણ આપતી હશે?**
* ડાહીનું કોઈ સાંભળતું ના હોય એટલે.

**બાથરૂમમાં હું સારું ગાવ છું... હવે શું કરું?**
* હવે ઠંડા પાણીથી ન્હાતા શીખો.

**મુંહ દિખાઈ ક્યારે માથે પડે?**
* માનુનીના બદલે મજનૂ નીકળે ત્યારે...!

**જલસા ક્યારે મોંઘા લાગે?**
* પોતાના પૈસે કરવાના હોય ત્યારે.

**શું ચોરાયા પછી ખુશી થાય?**
* આપણું દિલ... !

**દગો કોઈનો સગો કેમ ના થાય?**
* કારણ કે મોટા ભાગના સગા દગાખોર નીકળે છે...

**આખિર ઈસ દર્દ કી દવા ક્યા હૈ?**
* કો'ક માટે એક 'બાર' ખુદ કે કે લિયે...

**હવે કઈ ચલણી નોટ બંધ થવી જોઈએ?**
* નકલી નોટ...

**'આવ રે વરસાદ' બોલ્યા પછી વરસાદ કેમ નથી આવતો?**
* ખરાબ નેટવર્ક ... મેસેજ નહીં મળ્યો હોય.

**શાંતિ ડહોળાયા પછી શું થાય?**
* ૧૪૪ ની કલમ લાગુ કરવી પડે..

**લાલો સદા કોને સહાય કરે?**
* લાલીને....

**કયા મણીથી બનાવટ થાય?**
* છેતરામણીથી...

**કઈ માસી અળખામણી?**
* બદમાશી!

**પાસાં ઊંધા પડે તો શું કરવું?**
* અંચઈ કરવાની...

**ખાઈ શકાય એવું કયું આસન?**
* હલવાસન.

**કોઈ જ્યોતિષીની આગાહી ખોટી પડે તો?**
* તો એ જ્યોતિષીના જોષ જોવરાવો !

## તસવીરની આરપાર

___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ઉનાળામાં વસંત લાગતો ગરમાળો છે ગોલ્ડન ટ્રી



ગરમાળો ઉનાળાની ઋતુનું વસંતી વૃક્ષ છે, તે વૃક્ષની શોભા અપાર છે તેનાં ફૂલોનું ઝૂમખું. ઝૂમખું મળી આખું વૃક્ષ ગોલ્ડન ટ્રી બની જાય છે. આવું બીજું વૃક્ષ છે કેશુડો જેને ખાખરો કહે છે, તેમાં કેશુડા કેસરી રંગથી વૃક્ષ ભરાય જાય છે, પણ ગરમાળો તો ભર ઉનાળે બધાં ઝાડ, પાનમાં પાનખર હોય ત્યારે આ ગરમાળામાં વસંત સોળે કળાએ ખીલેલ હોય છે. વાંકાનેરની સરકારી હૉસ્પિટલ રોડ પર આવેલ આ વૃક્ષને જોઈ તનમનમાં વસંત ખીલી જાય છે. તો ગરમાળા વિશે અવગત થઈએ...

ગરમાળો (વૃક્ષ): દ્વિદળી વર્ગમાં આવેલ છે. એ ભારતીય ઉપખંડમાં જોવા મળતું પીળાં ફૂલોવાળું એક વૃક્ષ છે. જે ઔષધીય ઉપયોગ માટે પણ જાણીતું છે. ગરમાળાને સંસ્કૃતમાં વ્યાધિઘાત, નૃપ્રદ્રુમ વગેરે, હિન્દીમાં અમલતાસ, બંગાળીમાં સોનાલૂ તેમ જ લેટિનમાં કૈસિયા ફિસ્ચલા કહેવાય છે.

ગરમાળાનું વૈજ્ઞાનિક નામ Cassia fistula Linn. છે. તે પર્ણપાતી (deciduous), મધ્યમ કદનું, ૨૪.૦ મી. સુધીની ઊંચાઈ અને ૧.૮ મી.નો ઘેરાવો ધરાવતું અને ૧૫.૦ મી. સુધીના મુખ્ય થડવાળું વૃક્ષ છે; તથા વન્ય સ્થિતિમાં કે શોભન વનસ્પતિ તરીકે સમગ્ર ભારતમાં થાય છે. છાલ ભૂખરી, લીસી અને ૧.૫ સેમી. જાડાઈવાળા, નાના, કાષ્ઠમય શલ્કો સ્વરૂપે ખરી પડે છે અને પર્ણદંડ ગ્રંથિવિહીન હોય છે. પર્ણિકાઓ જોડીમાં, સ્પષ્ટપણે દંડવાળી, ૫-૧૫ સેમી. લાંબી, લંબચોરસ કે અંડાકાર અને રૂપેરી, ખરી પડતા કોમળ રોમો વડે આચ્છાદિત હોય છે. પુષ્પો ચળકતાં પીળાં સુવાસિત અને લટકતી શિથિલ કલગી (raceme) સ્વરૂપે ગોઠવાયેલાં હોય છે. પુષ્પનિર્માણ માર્ચ-જુલાઈમાં થાય છે. ફળ અસ્ફોટનશીલ (indehiscent) શિંબી પ્રકારનાં, નળાકાર, લટકતાં, સખત, ઘેરા બદામીથી માંડી કાળા રંગનાં અને ૬૦ સેમી. સુધી લાંબાં અને ૨૫-૩.૦ સેમી. વ્યાસવાળાં અને અનુપ્રસ્થ પડદાઓ વડે વિભાજિત થયેલાં હોય છે. આવા ગરમાળાની સિંગમાંથી બનતા ગોળને તેનાં અનેકાનેક ફાયદા છે. ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# મંચની ભવ્યતા જ્ઞાનીજનોથી રળિયાત બને, નહીં કે ધનાઢ્ય મહાનુભાવોથી...!




**પૈસાને** પ્રથમ હરોળમાં બેસાડવાની અને જ્ઞાનને મંચની નીચે ઉતારી દેવાની જે નવી 'સંસ્કૃતિ' ઊભી થઈ છે, તેને આજે લોકો ગર્વથી 'પ્રગતિ' કહે છે. હકીકતમાં આ પ્રગતિ નથી, આ તો વિચાર શક્તિનું દેવાળિયું છે. એક સમય હતો જ્યારે મંચ પર જ્ઞાન બેસતું હતું અને પૈસા તેની સેવા કરતા હતા. આજે પરિસ્થિતિ એટલી બદલાઈ ગઈ છે કે પૈસા મંચના માલિક બની ગયા છે અને જ્ઞાનને દરવાજા પાસે ઊભું રાખવામાં આવે છે.

પ્રાચીન સમયમાં જ્ઞાનને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવતું હતું. ગુરુઓને દેવ તુલ્ય માનવામાં આવતા અને શિષ્યો જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ત્યાગ અને સંયમનો માર્ગ અપનાવતા હતા. તે સમયનો સમાજ આદર્શ, સંસ્કાર અને જ્ઞાનના આધાર પર આગળ વધતો હતો, પરંતુ હવે આર્થિક વિકાસ અને વૈશ્વિકીકરણના યુગમાં પૈસા એ સફળતાનું મુખ્ય માપદંડ બની ગયું છે.

આજના સમયમાં જો કોઈ વ્યક્તિ ધનવાન હોય તો તેને સમાજમાં વિશેષ માન-સન્માન મળે છે, ભલે તેની પાસે જ્ઞાન કે સંસ્કારનો અભાવ હોય. બીજી તરફ, જો કોઈ વ્યક્તિ ખૂબ જ્ઞાની હોય, પરંતુ આર્થિક રીતે નબળો હોય તો તેને યોગ્ય માનપાન મળતાં નથી. આ વિસંગતિ આપણા સમાજનાં મૂલ્યોમાં આવેલા પરિવર્તનનું પ્રતિબિંબ છે.

પૈસાનું મહત્ત્વ સ્વીકારવું ખોટું નથી. પૈસા જીવન જીવવા માટે જરૂરી છે. તે આપણી આવશ્યકતાઓ પૂરી કરવા, આરોગ્ય, શિક્ષણ અને સુખાકારી માટે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ જ્યારે પૈસા જ જીવનનું મુખ્ય લક્ષ્ય બની જાય અને જ્ઞાનને પાછળ ધકેલવામાં આવે, ત્યારે સમસ્યાઓ ઊભી થાય છે.

સમાજના કાર્યક્રમોમાં નજર કરીએ તો દૃશ્ય ખૂબ સ્પષ્ટ છે. મંચ પર કોણ બેસશે તે હવે વિચાર, પ્રામાણિકતા કે અનુભવથી નક્કી થતું નથી. તે નક્કી કરે છે બેંક બેલેન્સ ! ખીસું જેટલું ભારે, ખુરશી એટલી આગળ. પરાકાષ્ઠા તો જુઓ એ જ મંચ પરથી જ્ઞાન, સંસ્કાર અને મૂલ્યોનાં ભાષણો પણ આપવામાં આવે છે !

આ પરિસ્થિતિ સમાજ પર સૌથી મોટો કટાક્ષ છે. હકીકતમાં જે સમાજમાં જ્ઞાનને તાળી મળે અને પૈસાને માર્ગદર્શન લેવું પડે, તે સમાજ જ વિકાસ પામે છે. જ્યારે પૈસા તાળી મેળવે અને જ્ઞાન માર્ગ પૂછતું રહે, ત્યાં વિકાસ નહીં, માત્ર દેખાવની ઉજવણી થાય છે.

સૌથી દુઃખદ વાત એ છે કે આ આગને લોકો પોતે જ પ્રગટાવી રહ્યા છે અને તેને ઉજવણી માની રહ્યા છે.આજના શિક્ષણ પ્રણાલીમાં પણ આ અસર જોવા મળે છે. ઘણા વિદ્યાર્થીઓ શિક્ષણને માત્ર નોકરી મેળવવા અને પૈસા કમાવવા માટેનું સાધન માને છે. તેઓ જ્ઞાન મેળવવાની ભાવનાને ભૂલી જાય છે. પરિણામે, તે ડિગ્રી તો મેળવી લે છે, પરંતુ સાચું જ્ઞાન અને મૂલ્યો તેમના જીવનમાં નથી ઊતરતાં. આ પરિસ્થિતિ સમાજ માટે ચિંતાજનક છે.

સોશ્યલ મીડિયા પણ આ માનસિકતાને પ્રોત્સાહન આપે છે. ધનવાન લોકોની જીવનશૈલીને ગ્લેમરસ રીતે રજૂ કરવામાં આવે છે, જ્યારે જ્ઞાની અને વિદ્વાન લોકોના યોગદાનને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. આથી યુવાનોમાં પણ પૈસા કમાવાની દોડ વધી રહી છે અને જ્ઞાન પ્રત્યેનો રસ ઘટી રહ્યો છે.

આ પરિસ્થિતિને સુધારવા માટે સમાજમાં મૂલ્યોનું પુનઃસ્થાપન જરૂરી છે. શિક્ષણમાં માત્ર માહિતી નહીં, પરંતુ મૂલ્ય શિક્ષણ અને વિચારશક્તિ પર ભાર આપવો જોઈએ.

ટૂંકમાં એવું કહી શકાય કે પૈસા અને જ્ઞાન બંનેનું જીવનમાં પોતપોતાનું સ્થાન છે. જ્ઞાન એ મૂળ છે અને પૈસા એ તેના ફળ છે. જો મૂળ મજબૂત હશે, તો ફળ સ્વાભાવિક રીતે મળશે. ■


# પ્રિન્સને આઈપીએલના પરાક્રમે તાબડતોબ ટીમ ઈન્ડિયામાં પહોંચાડ્યો

## ▶ પિતાએ પુત્રને ચિંતા બતાવી હતી કે 'મયંક, આવેશ, મોહસિન અને અર્જુન તેંડુલકર લાઈનમાં છે... તારો નંબર કેવી રીતે લાગશે?'

*અમિત શાહ*

મુંબઈ: 'મયંક યાદવ, આવેશ ખાન, મોહસિન ખાન અને અર્જુન તેન્ડુલકર લાઈનમાં છે... તારો નંબર કેવી રીતે લાગશે?' આવી ચિંતા લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) ટીમમાં ફાસ્ટ બોલરોની આખી ફોજ જોઈને રામ વિલાસ યાદવના મનમાં પોતાના દીકરા માટે હતી અને એ ચિંતા થવી સ્વાભાવિક હતી. રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)માં નોકરીને કારણે ઘણાં વર્ષો સુધી ઘર અને પરિવારથી દૂર રહ્યા પછી, પોતાના બાળકોનું શું થશે તેની ચિંતા રામ વિલાસ યાદવને સતાવતી હતી. પરંતુ મંગળવારે જાણે તેમના દીકરાએ તેમના માથેથી બધો જ બોજ હળવો કરી દીધો હતો.

નિયતિએ તેના માટે કંઈક અલગ જ લખ્યું હતું. બધાને પાછળ છોડીને આ વર્ષની આઇપીએલ સીઝનમાં શાનદાર બોલિંગ કરીને આ યુવાને ભારતીય ટીમમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે અને પિતાનો બોજ ઓછો કર્યો છે. આપણે વાત કરી રહ્યા છીએ દિલ્હીના ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવ વિશે, જેણે પોતાની શાનદાર બોલિંગ શૈલીથી સિલેક્શન કમિટીનું ધ્યાન ખેંચ્યું અને ભારતીય ટીમમાં પોતાના માટે એક ખાસ સ્થાન મેળવ્યું. ૧૪મી જૂનથી અફઘાનિસ્તાન સામે શરૂ થઈ રહેલી ત્રણ વન-ડે મૅચની સિરીઝ માટે પ્રિન્સ યાદવની ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી છે.



પ્રિન્સ યાદવે સાતમી મેએ બેંગ્લૂરુના વિરાટ કોહલીની પ્રાઈઝ વિકેટ લીધી હતી.

(આઈપીએલ–બીસીસીઆઈ)




લખનઊની ટીમના માલિક ડૉ. સંજીવ ગોયેન્કાએ સોશ્યલ મીડિયામાં પ્રિન્સ યાદવને ભારતની વન–ડે ટીમમાં સિલેક્ટ થવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

### ૧૬ વિકેટ સાથે લખનઊના બોલર્સમાં મોખરે

૨૪ વર્ષના પ્રિન્સ યાદવે આ વખતની આઇપીએલમાં મંગળવારની રાજસ્થાન સામેની મૅચ પહેલાં લખનઊ વતી ૧૨ મૅચમાં કુલ ૧૬ વિકેટ લીધી છે. તમામ બોલર્સમાં તેનું નામ છઠ્ઠા નંબરે અને લખનઊના બોલર્સમાં પ્રથમ સ્થાને છે.

### પ્રિન્સનું ફૉકસ ૧૮૦ ગ્રામના લેધર બૉલ પર જ હતું

દિલ્હી નજીકના 'દરિયાપુર ખુર્દ' જેવાં નાનાં ગામની આસપાસ કોઈ ક્રિકેટ એકેડેમી નહોતી. પણ પ્રિન્સે જીદ પકડી હતી કે તેને ગમે તેમ કરીને ક્રિકેટ કોચિંગ કેમ્પમાં જવું જ છે. આ પહેલા પ્રિન્સના પરિવારમાં દૂર-દૂર સુધી કોઈએ ક્રિકેટમાં કરિયર બનાવવાનું સપનું પણ જોયું નહોતું. ક્યારેય પૂરું ન થઈ શકે તેવા સપના પાછળ ભાગવા માટે પરિવાર તેને આર્થિક મદદ કરી શકે તેવી સ્થિતિમાં પણ નહોતો. રામ વિલાસ યાદવની ઈચ્છા હતી કે પ્રિન્સ ભારતીય સેના અથવા પોલીસમાં ભરતી થાય અને એ માટે પ્રિન્સે દિલ્હી પોલીસની શારીરિક કસોટી (ફિઝિકલ ટેસ્ટ) પાસ પણ કરી લીધી હતી. જોકે ક્રિકેટના પાગલપનને કારણે તેણે લેખિત પરીક્ષા આપવાનો ઇનકાર કરી દીધો. તેના મનમાં તો ૧૮૦ ગ્રામના લેધર બૉલને પોતાના ઈશારે નચાવવાનું સપનું હતું. પ્રિન્સની માતા સંતોષ યાદવ હંમેશા ટોણાં મારતી કે, 'તમે તેને રમાડીને તેનું જીવન બગાડી રહ્યા છો.'

પરંતુ પ્રિન્સની જીદ કંઈક અલગ જ હતી. વહેલી સવારે અંધારામાં સરકારી બસોમાં અડધું દિલ્હી પાર કરતો, સાંજે થાકી-હારીને ઘરે પાછો ફરતો અને બીજા દિવસે ફરી એ જ ઉત્સાહથી દોડતો... પ્રિન્સની આ મહેનતનું ફળ જો તેને નહીં મળે તો શું થશે? ૨૦-૨૧ વર્ષની ઉંમરે જ્યારે અન્ય યુવાનો ખાકી વર્દી પહેરીને નોકરીમાં આગળ વધી રહ્યા હતા, ત્યારે પ્રિન્સને હાથમાં બૉલ લઈને ગામના મેદાનો પર બોલિંગ કરતો જોઈને તેના માતા-પિતાને હંમેશા દુઃખ થતું હતું.

### કાકાએ પાડ્યું હતું પ્રિન્સ નામ

ઉત્તર દિલ્હીના કોચિંગ ગ્રાઉન્ડ પર જવા માટે થતી ત્રણ કલાકની મુસાફરી અને અમિત વસિષ્ઠ નામના કોચે જ્યારે કહ્યું કે 'આ છોકરામાં કંઈક ખાસ છે', ત્યારે તેનાં માતા-પિતાને આ વાત પર વિશ્વાસ નહોતો બેસતો. પરંતુ કાકા વિક્રમ યાદવે આપેલું 'પ્રિન્સ' નામ વાસ્તવિક જીવનમાં કેવી રીતે સાર્થક કરવું, તે સપનું પૂરું કરવા માટે પ્રિન્સ રાત-દિવસ મહેનત કરી રહ્યો હતો.

જોકે તેને ૨૦૧૯માં એક મોટો ઝટકો લાગ્યો હતો. દિલ્હી અંડર-૧૯ ટીમમાં રમવા માટે પ્રિન્સે ઉંમરના ખોટા દસ્તાવેજો રજૂ કર્યા હતા. કાગળ પર તેની ઉંમર ચાર વર્ષ ઓછી દર્શાવવામાં આવી હતી. પરિણામે, બીસીસીઆઇએ તેના પર બે વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો હતો. હવે જાણે તેના પર આભ તૂટી પડ્યું. કોઈ મૅચ નહીં, કોઈ પ્રૅક્ટિસ નહીં, કંઈ જ નહીં. પરિવારને લાગ્યું કે બસ! હવે પ્રિન્સની રમત પૂરી થઈ ગઈ. આવા છોકરાને ફરી કોણ તક આપશે? પરંતુ ૨૦૨૪માં જ્યારે 'દિલ્હી પ્રીમિયર લીગ' (ડીપીએલ) શરૂ થઈ ત્યારે પ્રિન્સને તક મળી અને તેણે પોતાની ઘાતક બોલિંગથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું.

### ગોયેન્કાનો કૉલ આવ્યો, પરિવાર ભાવુક થયો

એ ટૂર્નામેન્ટ તેના માટે નસીબના દ્વાર ખોલનારી સાબિત થઈ. 'પુરાની દિલ્હી-૬' (રિષભ પંતની ટીમ) તરફથી રમતા પ્રિન્સે ૧૩ વિકેટ લીધી હતી. ડીપીએલના ઈતિહાસમાં પ્રથમ હૅટ-ટ્રિક લેવાનો રેકૉર્ડ પણ તેણે પોતાના નામે કર્યો હતો. નવેમ્બરમાં 'લખનઊ સુપર જાયન્ટ્સ' એ તેના પર ૩૦ લાખ રૂપિયાની બોલી લગાવી હતી.

આઈપીએલ હરાજીના દિવસે પ્રિન્સનો આખો પરિવાર ટીવી સામે બેઠો હતો. જ્યારે ઑક્શનમાં પ્રિન્સનું નામ આવ્યું ત્યારે સ્ક્રીન પર કોઈ બીજો જ ચહેરો આવ્યો, જે ગાઝિયાબાદના એક બૅટ્સમૅનનો હતો. પરિવારના ધબકારા થોડી ક્ષણો માટે થંભી ગયાં હતાં. આવાં મૂંઝવણભર્યાં વાતાવરણમાં પ્રિન્સના મોબાઈલ પર એક ફોન આવ્યો અને એ ફોન ખુદ લખનઊ સુપર જાયન્ટ્સ ટીમના માલિક સંજીવ ગોયેન્કાનો હતો. તેમણે સીધો પ્રિન્સનો સંપર્ક કર્યો અને પોતાની ટીમમાં સામેલ થવા બદલ તેને અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે પ્રિન્સે ઘરે ફોન કર્યો ત્યારે પરિવારજનો ભાવુક હતા અને તેમના મનમાંથી તણાવનું વાતાવરણ દૂર થયું હતું. એ રાત દરિયાપુર ગામ ક્યારેય નહીં ભૂલે. અડધી રાત સુધી આખા ગામમાં જશનનો માહોલ હતો કે તેમના ગામનો છોકરો આઈપીએલની ટીમમાં સિલેક્ટ થયો છે.

### ન રમવા મળ્યું એટલે પણ ચિંતા હતી!

શરૂઆતના બે વર્ષ એક પણ મૅચ ન રમવા મળવી એ પ્રિન્સ અને તેના પરિવાર માટે ખૂબ જ કષ્ટદાયક હતું. પૈસા તો મળી રહ્યા હતા, પણ મૅચ નહોતી મળી રહી એટલે ભવિષ્યમાં શું થશે તેની ચિંતા તેમને સતાવતી હતી. જોકે આ વર્ષની આઈપીએલ સીઝનમાં પ્રિન્સ લખનઊના મુખ્ય ફાસ્ટ બોલર તરીકે ઊભરી આવ્યો. તેણે ફ્રેન્ચાઈઝી તરફથી વિકેટ લેનારાઓની યાદીમાં ભારતીય ટીમના મુખ્ય બોલર મોહમ્મદ શમીને પણ પાછળ છોડી દીધો છે.

થોડાં વર્ષો પહેલાં પોતાના પેન્શનથી પરિવારનું ઘર કેવી રીતે ચાલશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરનારા રામ વિલાસ યાદવ આજે પોતાના ડ્રોઇંગ રૂમમાં રાખેલા મોટા ટીવી પર પોતાના દીકરાની રમત જોઈ રહ્યા છે. નાના ગામમાંથી પ્રિન્સે જોયેલું સપનું પૂરું થઈ ગયું છે, તેના પર હજી પણ તેમને વિશ્વાસ નથી બેસતો. પરંતુ ત્રણ વર્ષ પહેલા ડ્રોઇંગ રૂમની જે દીવાલો ખાલી હતી, આજે ત્યાં સજાવેલી ચમકતી ટ્રૉફીઓ જોઈને માતા-પિતા બંનેની આંખો ગર્વથી છલકાઈ આવે છે. ■

# વૈભવ સામે લખનઊ હાર્યું, રાજસ્થાન પ્લે-ઑફની નજીક

## ૧૫ વર્ષીય ઓપનરે ૯૩માંથી ૮૮ રન છગ્ગા-ચોગ્ગામાં જ બનાવ્યા, સેન્ચુરી ચૂકી ગયા પછી રડી પડ્યો

જયપુર: રાજસ્થાન રૉયલ્સ (આરઆર)એ અહીં મંગળવારે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ને મહત્ત્વપૂર્ણ લીગ મૅચમાં સાત વિકેટે હરાવીને પ્લે-ઑફની વધુ નજીક પહોંચવામાં સફળતા મેળવી હતી. બેંગ્લૂરુ, ગુજરાત અને હૈદરાબાદ પ્લે-ઑફમાં પહોંચી ગયા છે અને છેલ્લા (ચોથા) સ્થાન માટે પંજાબ, રાજસ્થાન તેમ જ નહીંવત સંભાવના ધરાવનાર દિલ્હી, ચેન્નઈ, કોલકાતા સહિત જે પાંચ ટીમ વચ્ચે તીવ્ર હરીફાઈ હોવાનું કહેવાતું હતું એમાં રાજસ્થાનની સંભાવના આ વિજયને લીધે વધી ગઈ છે. પૉઇન્ટ્સમાં રાજસ્થાને પંજાબને ઓવરટેક કર્યું છે. પંજાબ પહેલી વખત ટૉપ-ફોરની બહાર આવ્યું છે. લખનઊએ પાંચ વિકેટે ૨૨૦ રન બનાવ્યા પછી રાજસ્થાને ૧૯.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૨૨૫ રન કર્યા હતા. ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી (૯૩ રન, ૩૮ બૉલ, દસ સિક્સર, સાત ફોર) સામે લખનઊની ટીમે ઘૂંટણિયા ટેકવ્યાં હતાં. તે આ વખતની ટૂર્નામેન્ટમાં બીજી સદી ચૂકી ગયો હતો, પરંતુ સૌથી વધુ નવાઈ એ વાતની છે કે તેણે ૯૩માંથી ૮૮ રન છગ્ગા-ચોગ્ગામાં જ બનાવ્યા હતા. તે સદી ચૂકી જતાં રડી પડ્યો હતો.



**આજે કઈ મૅચ?**
**મુંબઈ – કોલકાતા**
ઈડન ગાર્ડન્સમાં, સાંજે ૭.૩૦

વૈભવે કાર્યવાહક સુકાની અને સાથી ઓપનર યશસ્વી જયસ્વાલ (૨૩ બૉલમાં ૪૩ રન) સાથે ૭૫ રનની અને પછી વિકેટકીપર ધ્રુવ જુરેલ (૫૩ અણનમ, ૩૮ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) સાથે બીજી વિકેટ માટે ૧૦૫ રનની ભાગીદારી કરી હતી. એ પહેલાં, લખનઊએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૦ રન બનાવ્યા હતા. ઓપનર મિચલ માર્શ (૯૬ રન, ૫૭ બૉલ, પાંચ સિક્સર, અગિયાર ફોર) સતત બીજી મૅચમાં સદી ચૂકી ગયો. તેને રાજસ્થાનના કાર્યવાહક સુકાની યશસ્વીએ સીધા થ્રોમાં રનઆઉટ કર્યો હતો. ■

# ટીમ ઈન્ડિયાનો કોણ છે નવો ખેલાડી ગુર્નુર બ્રાર?

નવી દિલ્હી: આ વખતની આઇપીએલમાંથી ટીમ ઇન્ડિયાને અઢળક નવા ફાસ્ટ બોલર મળી શકે એમ છે અને એવા બે પ્લેયરને તો મંગળવારે જ ટીમ ઇન્ડિયામાં જગ્યા મળી ગઈ હતી અને એમાં પચીસ વર્ષના ગુર્નુર બ્રાર તથા ૨૪ વર્ષીય પ્રિન્સ યાદવનો સમાવેશ હતો. આ બે ઝડપી બોલરને ભારતીય ટીમમાં ઝડપભેર સ્થાન મળી ગયું એમ કહીએ તો પણ ખોટું નથી. પંજાબના છ ફૂટ પાંચ ઇંચ ઊંચા ગુર્નુર બ્રારને ચીફ સિલેક્ટર અજિત આગરકરે 'ભવિષ્યની સંભાવના' તરીકે ઓળખાવ્યો છે. તે બૉલની ઝડપ, બાઉન્સ અને રિવર્સ સ્વિંગ માટે ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્રખ્યાત છે.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ ક્રિકેટની રમત ગુર્નુરની પ્રથમ પસંદગી હતી જ નહીં. તે ફૂટબૉલ અને ટેનિસ વધુ રમતો હતો. તે ટાઇમપાસ માટે જ ક્રિકેટ રમતો હતો, પરંતુ એક મિત્રની સલાહે તેની જિંદગી બદલી નાખી હતી. મિત્રએ તેને કહ્યું કે તારી હાઇટ બહુ સારી છે એટલે તું સારો ફાસ્ટ બોલર બની શકે. એ સલાહ માનીને બ્રારે બૉલ હાથમાં ઉપાડ્યો અને પછી પાછળ વળીને જોયું જ નહોતું.

બ્રાર ગુજરાત ટાઇટન્સની ટીમમાં છે, પણ તેને હજી સુધી એકેય મૅચ નથી રમવા મળી. તે નાનપણથી ડેલ સ્ટેનનો ફૅન છે. તે રસ્તો ક્રૉસ કરતી વખતે સ્ટેન તથા બ્રેટ લી અને શોએબ અખ્તરની બોલિંગની ઍક્શન કરતો હતો. બ્રારનું માનવું છે કે ડેલ સ્ટેન બૉલની ગતિ ઉપરાંત તેની કુશળતા તેને અન્ય બોલરથી અલગ પાડે છે. બ્રારે આ જ કારણસર પણ ફાસ્ટ બોલર બનવાનું નક્કી કર્યું હતું.


માત્ર બે વર્ષ ડોમેસ્ટિક ક્રિકેટમાં રમનાર બ્રારની મુલાકાત થોડાં વર્ષો પહેલાં શુભમન ગિલ સાથે થઈ ગિલ અન્ડર-૧૯ ટીમનો ખેલાડી હતો. ત્યારે ગિલ પંજાબની કટૉચ લીગ ટૂર્નામેન્ટમાં બ્રારની બોલિંગથી ખૂબ પ્રભાવિત થયો હતો. ગિલની ભલામણથી જ બ્રારને જિલ્લા સ્તરની, મોહાલીની અને પંજાબ રાજ્યની ટીમમાં સ્થાન મળ્યું હતું. ગુજરાત ટાઇટન્સની ટીમમાં બ્રારને કૅપ્ટન ગિલ ઉપરાંત હેડ-કોચ આશિષ નહેરા અને સાઉથ આફ્રિકન ફાસ્ટ બોલર કૅગિસો રબાડા પાસેથી ઘણું શીખવા મળ્યું છે. બ્રાર ૧૮ ફર્સ્ટ ક્લાસ મૅચોમાં કુલ બાવન વિકેટ લઈ ચૂક્યો છે. ■

# શકિરાએ લૉન્ચ કર્યું ફિફા વર્લ્ડ કપનું રોમાંચક ટીઝર!

ન્યૂ યૉર્ક: ૨૦૨૬ના ક્રિકેટમય મે મહિનાનો અંત નજીક આવી રહ્યો છે અને પછી જે જૂન મહિનો શરૂ થશે એ ફૂટબૉલના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે, કારણકે એ મહિનામાં એવો ફિફા વર્લ્ડ કપ શરૂ થશે જેમાં વિશ્વની આ સૌથી લોકપ્રિય રમતના બે લેજન્ડ લગભગ છેલ્લી વખત રમતા જોવા મળશે અને એ આ વર્લ્ડ કપ માટેના સત્તાવાર સૉન્ગ 'ડાય ડાય...'નું ટીઝર તાજેતરમાં પૉપ સુપરસ્ટાર શકિરા દ્વારા લૉન્ચ થયું હતું.

વર્લ્ડ કપ ૧૧મી જૂને શરૂ થશે. શકિરાએ પોતાના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર આ હાઇ-એનર્જી રીલ શૅર કરી છે જેમાં અમુક સ્ટાર-સુપરસ્ટાર ખેલાડીઓની રોમાંચક મૅચોની ઝલક 'કમિન્ગ સૂન'ની કૅપ્શન સાથે બતાવાઈ છે. આ સૉન્ગમાં શકિરાને બર્ના બૉય નામનો સિંગર સાથ આપી રહ્યો છે.

૨૦૨૬નો ફિફા વર્લ્ડ કપ સંયુક્ત રીતે અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં રમાશે. એનું સત્તાવાર ઍન્થેમ ફિફા ગ્લોબલ સિટિઝન એજ્યૂકેશન ફંડ સાથે પણ સંલગ્ન છે. એ સંસ્થા વિશ્વભરમાં બાળકોને ગુણવત્તાવાળું શિક્ષણ તેમ જ ફૂટબૉલની તાલીમ અપાવવા પર કેન્દ્રિત કરનારું અભિયાન છે. ૧૯મી જુલાઈએ ન્યૂ જર્સીમાં ફિફા વર્લ્ડ કપની ફાઇનલ રમાશે અને પહેલી વખત ફાઇનલના હાફ-ટાઇમ વખતે મ્યુઝિક શૉ યોજાશે જેમાં શકિરા પર્ફોર્મ કરશે. આ શૉમાં શકિરાની સાથે મડોના પણ પર્ફોર્મ કરશે. ■



---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી – ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAISE | સરઘસ |
| RAISIN | ઉછેરવું |
| RAKE | મેંઢો |
| RALLY | ઓજાર |
| RAM | કિસમિસ |

### માતૃભાષાની મહેક

રણનો એક અર્થ યુદ્ધ, લડાઈ, સંગ્રામ, જંગ એવો પણ થાય છે. રણ ખેડવું એટલે દેશપરદેશ ફરવું, યુદ્ધ કરવાં. રણ જગાડવું એટલે ઉધમ મચાવવો, કજિયો ઊભો કરવો. રણે ચડવું એટલે લડાઈમાં ઊતરવું, લડવા જવું, લડાઇ કરવી. રણે રાખવું એટલે લડાઈમાં રક્ષણ કરવું, સંકટ વેળા અણીને વખતે રક્ષણ કરવું કે બચાવી લેવું.

### ગુજરાત મોરી મોરી રે

'ઉત્તમ કાર્યમાં વિલંબ ન કરવો' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

સારી ધરમના ઢીલ નહીં કામમાં

### ઈર્શાદ

*ભલે જળ ન સીંચો તમે તે છતાંયે,*
*અમે ભીંત ફાડીને ઊગી જવાના.*
*-- હર્ષ બ્રહ્મભટ્ટ*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | | | ■ | ■ | ■ |
| | ■ | ■ | ■ | | ■ | ■ | ૩ | ૪ | |
| ૫ | ૬ | ૭ | ■ | | ■ | ૮ | | | ■ |
| ■ | ૯ | | | ■ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ |
| ૧૩ | | | ■ | ૧૪ | | | ■ | ■ | |
| | ■ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | ૨૦ | ■ | | ■ | ૨૧ | | | ■ |
| ■ | ૨૨ | | | ■ | ૨૩ | ■ | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | | ■ | ■ | | ■ | ■ | ■ | |
| ■ | ■ | ■ | ૨૭ | | | ■ | ૨૮ | | |

(બધા ઉકેલ ત્રણ અક્ષરના છે.)

**આડી ચાવી**

૧. મૂર્તિ
૨. આશ્ચર્ય
૩. રાહબર
૫. --- માતા ચ પિતા ---
૮. તજ, લવિંગ વગેરે ગરમ મસાલા
૯. પાલવ
૧૧. હેતુ, ઉદ્દેશ
૧૩. અગ્નિ
૧૪. ઠીંગણું
૧૫. નસીબ, ભાગ્ય
૧૬. તાજાપણું, સ્ફૂર્તિ
૧૮. છલાંગ
૨૧. ઉજ્જડ
૨૨. આફ્રિકાનું એક જંગલી પ્રાણી
૨૪. પકડ, સકંજો
૨૬. અખતરો
૨૭. --- બળે પણ વળ ન મૂકે
૨૮. ઉપાધિ, જંજાળ

**ઊભી ચાવી**


૧. કાબૂ, માલિકી
૨. નવવધૂ
૩. ભાભી
૪. પ્રખ્યાત ઝૂલતા --- ગુજરાતમાં આવેલા છે.
૬. પાદર
૭. વહેતા પાણીમાં થતું કૂંડાળું
૧૦. દુર્બુદ્ધિ
૧૨. દુનિયા --- છે
૧૩. અપાર
૧૪. પવન
૧૬. ફના, ખેદાનમેદાન
૧૭. પિતા
૧૯. મરસિયો
૨૦. પુંકેસર
૨૩. કરી કરીને ---
૨૫. બેગણું, બેવડું

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભૂ | ખ | ■ | ૨ ઊં | ૩ ધ | ■ | ૪ જ | ૫ ગ | ૬ મા | ન્ય |
| લ | ■ | ■ | ■ | ૭ સ | ૮ ઈ | ■ | ૯ લી | ન | ■ |
| ■ | ૧૦ ભ | ■ | ૧૧ અ | ર | મા | ન | ■ | ૧૨ હા | થે |
| ■ | ૧૩ ભ | ગ્ન | ■ | ૧૪ કો | મ | ■ | ૧૫ હા | નિ | ■ |
| ૧૬ શો | ક | ■ | ૧૭ અં | ■ | ■ | ૧૮ ઋ | ણ | ■ | ■ |
| ■ | ■ | ૧૯ ખં | ધું | ■ | ■ | જુ | ■ | ૨૦ સ | ત્ય |
| ■ | ૨૧ બુ | ત | ■ | ૨૨ ના | ૨૩ મુ | ■ | ૨૪ વ્યો | મ | ■ |
| ૨૫ ધ | નિ | ■ | ૨૬ રા | મ | બા | ણ | ■ | સ્ત | ■ |
| ■ | ૨૭ યા | દી | ■ | ૨૮ ના | ર | ■ | ■ | ■ | ૨૯અ મે |
| ૨૯ બ | દ | ન | ક્ષી | ■ | ૩૦ ક | ળી | ■ | ૩૧ વ | શ |

### ઓળખાણ પડી?

છોડવાઓમાં પણ જીવ હોય છે તેમજ કેસ્કોગ્રાફ જેવા સંવેદનશીલ યંત્રની ખોજ કરનારા ભારતીય વૈજ્ઞાનિકની ઓળખાણ પડે છે?



અ) સી. વી. રમણ બ) કે. વિશ્વેસ્વરૈયા ક) હોમી ભાભા ડ) જગદીશચંદ્ર બોઝ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ટ્રેનને સ્ટેશન પર આવવામાં વિલંબ થયો' વાક્યમાં વિલંબ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) વિચિત્ર બ) મોડું ક) વિરામ ડ) ઝડપ

### માઈન્ડ ગેમ

યુએસના આક્રમણ દરમિયાન ઈરાનના રાજકીય સૂત્રો સંભાળનારા રાજકારણી અને શિયા ધર્મગુરુ તરીકે જાણીતી હસ્તીનું નામ જાણો છો?

અ) આયાતોલ્લા ખામેનેઈ બ) મસૂદ પેઝીશ્કિયાં
ક) મોજતબા ખામેનેઈ ડ) ઈબ્રાહિમ રઈસી

### સુડોકુ – ૯૨૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | ૬ | | | ૮ | ૩ | |
| | ૯ | | | | | | | |
| ૭ | | | | ૫ | ૨ | | | |
| ૪ | ૫ | | | | | ૭ | ૧ | ૩ |
| ૧ | | | | | | | | ૯ |
| ૮ | ૭ | ૨ | | | | | ૫ | ૪ |
| | | | ૮ | ૯ | | | | ૧ |
| | | | | | | | ૬ | |
| | ૧ | ૫ | | | ૩ | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ – ૯૨૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૬ | ૧ | ૯ |
| ૯ | ૪ | ૨ | ૧ | ૭ | ૬ | ૩ | ૫ | ૮ |
| ૬ | ૧ | ૮ | ૫ | ૯ | ૩ | ૪ | ૭ | ૨ |
| ૪ | ૬ | ૭ | ૮ | ૧ | ૯ | ૨ | ૩ | ૫ |
| ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૯ | ૬ | ૭ |
| ૩ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૯ | ૩ |
| ૭ | ૮ | ૯ | ૬ | ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૩ | ૪ | ૯ | ૫ | ૨ | ૭ | ૮ | ૬ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RAID | છાપો |
| RAIL | કઠેડો |
| RAIN | વૃષ્ટિ |
| RAISE | ઉછેરવું |
| RAINBOW | મેઘધનુષ |

**ગુજરાત મોરી મોરી રે:**
ગાંડાને ગામ અને ડાહ્યાને ડામ

**ઓળખાણ પડી?**
સેફ્ટી લેમ્પ

**માઈન્ડ ગેમ :**
બાલેન શાહ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
ફાંસી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) હર્ષા મહેતા (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મહેશ સંઘવી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) કમલ માતલિયા (૧૪) ભરત કજરિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જયવંત પદમશી ચિખલ (૧૯) ભાવના કર્વે (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અરવિંદ કામદાર (૨૩) અંજુ ટોલિયા (૨૪) નિતીન જયંતીલાલ બજરિયા (૨૫) પુષ્પા ખોના (૨૬) અલકા વાણી (૨૭) ડાયના સંતોકે (૨૮) ડો. પ્રકાશ કટકિયા (૨૯) સુભાષ મોમાયા (૩૦) નીતા દેસાઈ (૩૧) લજિતા ખોના (૩૨) તાહેર ઔરંગાબાદવાલા (૩૩) શીરીન ઔરંગાબાદવાલા (૩૪) પુષ્પા પટેલ (૩૫) પ્રતિમા પમાણી (૩૬) ધીરેન ઉદેશી (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) મહેશ દોશી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ

# ઓનલાઈન ફાર્મસી વિરુદ્ધ ગુજરાતના ૩૫ હજાર કેમિસ્ટ આજે એક દિવસની હડતાળ પર

અમદાવાદઃ ગુજરાત સહિત દેશભરના કેમિસ્ટો ગેરકાયદે ચાલતી ઇ-ફાર્મસી, ઓનલાઈન દવા વેચાણ અને માર્જિનથી વધુ ડિસ્કાઉન્ટના વિરોધમાં આવતીકાલે એક દિવસની હડતાળ પર ઊતરશે. આ દેશવ્યાપી હડતાળમાં અમદાવાદના ત્રણ હજાર, ગુજરાતના ૩૫ હજાર અને દેશભરના ૧૨.૪૦ લાખ કેમિસ્ટો જોડાશે. કેમિસ્ટ એસોસિયેશન દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા ઓનલાઈન વ્યાપાર કરનાર કેમિસ્ટોને બંધ કરવામાં ન આવતા અંતે તેમને હડતાળનું હથિયાર ઉગામવાની ફરજ પડી છે. જોકે ઇમરજન્સી કેસમાં દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે તેવી ખાતરી કેમિસ્ટ એસોસિયેશન દ્વારા આપવામાં આવી છે. ધ ફેડરેશન ઑફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ ઍન્ડ ડ્રગિસ્ટ એસોસિયેશનના આગેવાનોના જણાવ્યા મુજબ ગેરકાયદે ઇ-ફાર્મસી અને મોટી કોર્પોરેટ કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતી ઓનલાઈન ફાર્મસીઓ બજારમાં અતિશય ડિસ્કાઉન્ટ આપી રહી છે, જેના કારણે નાના કેમિસ્ટોના ધંધા પર સીધી અસર પડી રહી છે.

એસોસિયેશનનું કહેવું છે કે નેશનલ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈસિંગ ઑથોરિટી દ્વારા ડ્રગ પ્રાઈઝ કંટ્રોલ ઓર્ડર હેઠળ નક્કી કરાયેલા માર્જિન કરતાં પણ વધારે ડિસ્કાઉન્ટ ઓનલાઈન કંપનીઓ આપી રહી છે, જે નિયમો વિરુદ્ધ છે.કેમિસ્ટ આગેવાનોના મતે ભારે ડિસ્કાઉન્ટના નામે બજારમાં ડુપ્લિકેટ અને સ્પુરિયસ દવાઓ પણ ઘૂસી રહી છે. ખાસ કરીને ગુજરાત બહાર બનતી શંકાસ્પદ ગુણવત્તાની દવાઓ હવે ગુજરાતના બજારમાં પણ વેચાઈ રહી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે, જેના કારણે માત્ર નાના વેપારીઓ નહીં પરંતુ દર્દીઓના આરોગ્ય સામે પણ ગંભીર જોખમ ઊભું થઈ રહ્યું છે.

# સુમૂલ ડેરીએ દૂધ અને છાશનો ભાવ વધાર્યો

અમદાવાદઃ સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, જે સુમૂલ ડેરી તરીકે જાણીતી છે, તેણે દૂધ અને છાશના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે, જેનું કારણ ઓપરેશનલ અને વિતરણ ખર્ચમાં તીવ્ર વધારો છે. સુધારેલા દર ૧૯ મેથી અમલમાં આવ્યા છે. સુધારેલા ભાવ માળખા હેઠળ, ગાયના દૂધના ભાવમાં પ્રતિ લિટર ₹૨નો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ભેંસના દૂધના ભાવમાં પ્રતિ લિટર ₹૩નો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ, ગોલ્ડ મિલ્ક (૫૦૦ મિલી) હવે ₹૩૫ થી વધારીને ₹૩૬ થશે, જ્યારે તાજા (૫૦૦ મિલી) હવે ₹૨૮ ને બદલે ₹૨૯ થશે. તેવી જ રીતે, શક્તિ (૫૦૦ મિલી) હવે ₹૩૩ થશે. ૫૦૦ મિલી પેકેજિંગમાં ગાયનું દૂધ હવે ₹૨૯ ને બદલે ₹૩૦ માં વેચાશે. ૫૦૦ મિલી છાશની કિંમત પણ ₹૧૬ થી વધારીને ₹૧૭ કરવામાં આવી છે. સુમૂલ ડેરીએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે તાજેતરનાં વર્ષોમાં દૂધ પ્રક્રિયા અને વિતરણ સંબંધિત કાર્યકારી ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. ડેરીએ આ નિર્ણય પાછળનાં મુખ્ય કારણો તરીકે વધતા પરિવહન ખર્ચ, પેકેજિંગ સામગ્રીના ઊંચા ખર્ચ, દૂધ ખરીદી માટે વધતા ઇનપુટ ખર્ચ અને ઇંધણના ભાવ, ખાસ કરીને ડીઝલના ભાવમાં વધારો ગણાવ્યો હતો. ડેરીના જણાવ્યા અનુસાર, વધારાના નાણાકીય બોજને સરભર કરવા અને તેના સહકારી નેટવર્ક સાથે સંકળાયેલા પશુપાલકોના હિતોનું રક્ષણ કરવા માટે ભાવમાં સુધારો જરૂરી હતો.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનો વડોદરા-ગોધરા પટ્ટો આજથી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ઘણી પ્રતીક્ષા બાદ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના વડોદરા-ગોધરા સેક્શનનું ૨૦ મેના રોજ સત્તાવાર ઉદ્ઘાટન થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

દેશના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વેના વડોદરા-વિરાર સેક્શનના પેકેજ ૨૯, ૩૦ અને ૩૧નો સમાવેશ કરતો આ પટ્ટો ૧૩ એપ્રિલથી ટ્રાયલ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બુધવારે સત્તાવાર ઉદ્ઘાટન સાથે ઔપચારિક કામગીરીની સંપૂર્ણ શરૂઆત થશે. એક્સપ્રેસ-વેએ મધ્ય ગુજરાતના બે શહેરો વચ્ચે મુસાફરીનો સમય લગભગ ૪૫ મિનિટ સુધી ઘટાડી દીધો છે, જે હજારો દૈનિક મુસાફરો માટે હાઇ-સ્પીડ લિંકનો વિકલ્પ પૂરો પાડે છે.

ટ્રાયલ તબક્કા દરમિયાન, ક્રેન સેવાઓ અને એમ્બ્યુલન્સ સપોર્ટ જેવી આવશ્યક કટોકટી સુવિધાઓ સંપૂર્ણપણે ઉપલબ્ધ નહોતી. હવે સત્તાવાર લોન્ચની સાથે આ સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ૧,૩૮૬ કિલોમીટરનો એક્સપ્રેસ-વે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રને જોડશે.

# ઈંધણ બચાવવા માટે તમામ કચેરીઓને ગુજરાત સરકારના ૧૧ કડક આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે દુનિયાભરમાં મોટી ઈંધણ કટોકટી સર્જાઈ છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની અછત તથા તેની કિંમતો વધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ઈંધણ બચાવવા અપીલ કરી હતી. પીએમ મોદીની આ અપીલના પગલે ગુજરાત સરકારે સરકારી કચેરીઓને ઈંધણ બચાવવા આદેશ કરતો એક પરિપત્ર જાહેર કર્યો હતો. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારી કચેરીઓ માટે જાહેર કરવામાં આવેલા આ પરિપત્રમાં નવા નિયમો અંતર્ગત સરકારી અધિકારીઓ માટે અનિવાર્ય સંજોગો સિવાય વિદેશ પ્રવાસ અને જિલ્લા બહારની મુસાફરી કરવા પર પ્રતિબંધ મુકાયો છે તેમજ બેઠકો માટે વીડિયો કોન્ફરન્સિંગ અને ઓનલાઈન માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. ઈંધણની બચત માટે એકથી વધુ ચાર્જ સંભાળતા અધિકારીઓએ વધારાનાં વાહનો 'સરકારી વાહન પુલ'માં જમા કરાવવા પડશે અને ઉપલબ્ધ હોય ત્યાં ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) કે જાહેર પરિવહનનો જ આગ્રહ રાખવો તેવો આગ્રહ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, તમામ સરકારી કેન્ટીનોમાં આગામી છ મહિનામાં પીએનજી કનેક્ટિવિટી ફરજિયાત કરવા અને ખરીદીમાં સ્વદેશી તેમજ સ્થાનિક એમએસએમઈ ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા માટે આદેશ કરવામાં આવ્યો છે. આ પરિપત્રમાં આપેલી સૂચના મુજબ સરકારી કર્મચારીઓએ મહત્ત્વના સરકારી કામકાજ માટે પ્રવાસો ટાળી ટેલિફોન, મોબાઈલ, ઈ-મેઈલ અને વીડિયો કોન્ફરન્સિંગ જેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવો. ક્ષેત્રીય અધિકારીઓને મીટિંગ માટે બોલાવવાને બદલે 'ઓનલાઈન માધ્યમ'ને પ્રાધાન્ય આપવું.

તે ઉપરાંત ઉચ્ચ અધિકારીઓએ અનિવાર્ય સંજોગો સિવાય વિદેશ પ્રવાસ ટાળવો અને વિદેશમાં યોજાતી તાલીમ, પરિસંવાદો, અભ્યાસ પ્રવાસો કે પરિષદોમાં ભાગ લેવાનું મુલતવી રાખવાની હિદાયત આપવામાં આવી છે.

તે જ રીતે દેશના અન્ય રાજ્યો કે કેન્દ્રમાં યોજાતી બેઠકોમાં ઓનલાઈન માધ્યમથી જોડાવા પ્રયત્ન કરવો. જો પ્રવાસ અનિવાર્ય હોય, તો ઉચ્ચ અધિકારીઓએ અત્યંત જરૂરી હોય તે સિવાય હાથ નીચેના સ્ટાફને સાથે ન રાખવાની પણ કડક સૂચના આપવામાં આવી છે. રાજ્યના વિવિધ જિલ્લા બહારની મુસાફરી ટાળવા અને જો જરૂરી હોય તો મુસાફરી કરતા પહેલાં નિયંત્રણ અધિકારીની મંજૂરી મેળવવી ફરજિયાત કરવામાં આવ્યું છે.

ઉચ્ચ અધિકારીઓએ તેમની સેવામાં ઉપલબ્ધ સરકારી વાહનોની સમીક્ષા કરી વધારાના વાહનો બિનવપરાશમાં મૂકવાના રહેશે. તે જ રીતે જે અધિકારી એકથી વધુ વધારાનો હવાલો સંભાળતા હોય, તેમણે એક મુખ્ય વાહન સિવાયના અન્ય તમામ સરકારી વાહનો તાત્કાલિક ધોરણે 'સરકારી વાહન પુલ' માં જમા કરાવવાના રહેશે. વળી જે અધિકારીઓ પાસે પેટ્રોલ/ડીઝલના વિકલ્પ તરીકે ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) કે હાઈબ્રિડ મૉડેલ ઉપલબ્ધ હોય, તેમણે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે.

પર્યાવરણ અને ઈંધણની બચત માટે અધિકારીઓ/કર્મચારીઓએ વ્યક્તિગત ખાનગી વાહનો ટાળીને મેટ્રો, એસ.ટી. બસ, રેલવે વગેરે જેવી જાહેર પરિવહન સેવાઓનો મહત્તમ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો. તમામ સરકારી કેન્ટીનોમાં આગામી છ મહિનામાં પાઇપ્ડ નેચરલ ગેસ (પીએનજી) કનેક્ટિવિટી ફરજિયાતપણે મેળવવાની રહેશે.

તે જ રીતે ખરીદ નીતિઓ મજબૂત બનાવી તમામ સરકારી સંસ્થાઓમાં સ્વદેશી ચીજવસ્તુઓ, સ્થાનિક ઉત્પાદન, એમએસએમઈ અને ભારતીય મૂળની સેવાઓને અગ્રતા આપવી પડશે.

વૈશ્વિક પરિસ્થિતિના કારણે લોકો ગભરાટમાં આવીને બિનજરૂરી ખરીદી કે સંગ્રહખોરી ન કરે તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવવાનું રહેશે.

# કચ્છમાં ઈંધણ સંકટ ઘેરુંઃ ડીઝલની અછતથી ત્રસ્ત પરિવહનકારો પહેલી જૂનથી ચક્કાજામ કરશે

ભુજઃ અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પ્રવર્તી રહેલી વૈશ્વિક પરિસ્થિતિઓની અસરો વચ્ચે સીમાવર્તી કચ્છ જિલ્લામાં ડીઝલની અછતનું સંકટ વધુ ઘેરું બન્યું છે. સૂરજબારીથી લઈને લખપત સુધીના મોટાભાગના પેટ્રોલ પંપો પર ડીઝલનો જથ્થો ખૂટી જતાં માલપરિવહન ખોરવાયું છે. આ વિકટ પરિસ્થિતિ અંગે ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે ચેમ્બર પ્રમુખ તેજા કાનગડની અધ્યક્ષતામાં પરિવહન, ટિમ્બર, શિપિંગ ઉદ્યોગ અને પંપ સંચાલકોની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ટ્રાન્સપોર્ટરોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે કલેક્ટરના પરિપત્ર મુજબ કન્ઝ્યુમર પંપ ધરાવતા એકમોને રિટેલ પંપ પરથી સસ્તું ડીઝલ લેવાની મનાઈ ફરમાવી રૂ.૧૩૭ વાળું મોંઘું ડીઝલ વાપરવા મજબૂર કરાતાં બેવડો આર્થિક માર પડી રહ્યો છે. આ ઉપરાંત નવી વી.એલ.ટી.ડી. સિસ્ટમની કનગતડથી પણ તેઓ ત્રસ્ત છે. ડીઝલના અભાવે કંડલા-મુંદરા બંદર અને અંજાર પંથકમાં માઇનિંગ પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ ગઈ છે અને ડ્રાઇવરો વતન ભણી રવાના થઈ રહ્યા છે. ચેમ્બરની મધ્યસ્થતા સાથે સર્વાનુમતે નિર્ણય લેવાયો છે કે જો ૩૧મી મે સુધીમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે, તો પહેલી જૂનથી તમામ પરિવહનકારો સ્વેચ્છાએ ચક્કાજામ કરશે.

બીજી તરફ, નવનિયુક્ત જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા અને જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાજમીએ તંત્રનો પક્ષ રાખતા દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને જિલ્લાના ૩૪૬ પંપો પર હાલમાં ૪૨ લાખ લિટર ડીઝલ ઉપલબ્ધ છે.

માત્ર નખત્રાણાના એક પંપ પર જથ્થો ખૂટ્યો છે અને માધાપરના કેટલાક પંપ સંચાલકો નવો ઓર્ડર આપતા ન હોવાથી તપાસના આદેશ અપાયા છે.

# રાજકોટની સગીરા પર ગેંગ રેપઃ આઠ આરોપી સામે પોક્સો હેઠળ ગુનો

અમદાવાદઃ રાજકોટમાં એક ૧૫ વર્ષની સગીરા પર ગેંગ રેપની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરા સાથે સાત શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ઇન્સ્ટાગ્રામ મારફતે પહેલા મિત્રતા કેળવી બાદમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી સાત શખ્સોએ કુકર્મ આચર્યું હતું. ભક્તિનગર પોલીસે અન્ય એક સગીરા સહિત કુલ આઠ આરોપીઓ સામે પોક્સો અને કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આરોપીઓ દ્વારા પોતાના ઘરે, હોટલ અને ચાલતી કારમાં છરીની અણીએ ત્રાસ ગુજાર્યો હતો. પોલીસે પીડિતાના પિતાની ફરિયાદના આધારે સગીરાની બહેનપણી, ડેવિલ ઉર્ફે સાહિલ, સાહિલ ઉર્ફે ઝેરી, મિહિર કુગશીયા, રજાક ઠેબા, ધવલ, આશીફ શાહમદાર, સુલતાન સલીમભાઇ સવાણને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અમદાવાદ ફરી ૪૪ ડિગ્રીએ તપ્યું, ગુજરાતમાં ગરમીથી કોઈ રાહત નહીં

અમદાવાદઃ ઉનાળાની ઋતુ અને મે મહિનો ગરમીનો મહિનો જ હોય છે, પરંતુ ગુજરાતના મોટાભાગના શહેરોમાં અસહ્ય ગરમીને લીધે જનજીવન પર વ્યાપક અસર પડી છે. અમદાવાદ સહિતના શહેરમાં છેલ્લા એકાદ મહિનાથી ગરમીનો પારો સતત ૪૦ ડિગ્રીથી ઉપર રહ્યો છે ત્યારે મંગળવારે ગરમી વધતા અમદાવાદમાં ૪૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા એકાદ અઠવાડિયાથી ૪૨ અને ૪૩ ડિગ્રી બાદ ફરી શહેર ૪૪ ડિગ્રી તાપમાને તપ્યું હતું. સમગ્ર રાજ્યમાં અમદાવાદમાં ગરમીનું પ્રમાણ સૌથી વધારે હતું. આ ઉપરાંત અમરેલી, સુરેન્દ્રનગર, વલ્લભ વિદ્યાનગરમાં ગરમી ૪૩ ડિગ્રી, રાજકોટ અને વડોદરામાં ૪૨ ડિગ્રી તાપમાન હતો. અન્ય મોટાભાગના વિસ્તારોમાં પારો ૩૬થી ૪૦ વચ્ચે નોંધાયો હતો. અમદાવાદ, વડોદરામાં ગરમ લૂનો મારો લોકો માટે અસહ્ય સાબિત થઈ રહ્યો છે. સવારે નવેક વાગ્યાથી મોડી રાત સુધી ગરમ વાતાવરણ રહે છે. મોટાભાગે રાત્રે પણ ગરમીનું પ્રમાણ આંશિક જ ઓછું જણાય છે. આવા વાતવરણને લીધે બીમારીનું પ્રમાણ પણ વધ્યું છે. તબીબોએ લોકોને ખાસ કાળજી લેવા સલાહ આપી છે.

# રાજકોટનો લઠ્ઠાકાંડ હત્યાકાંડમાં ફેરવાયો, જૂની અદાવતમાં બે મિત્રને મારી નાખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં શંકાસ્પદ લઠ્ઠાકાંડ હત્યાકાંડમાં પરિણમ્યો હતો. નવાગામમાં રહેતા મનસુખભાઈ રણછોડભાઈ ડાભી અને તેમના મિત્ર અલ્પેશભાઈ રાઘવજીભાઈ સાબરીયા ભગીરથ સોસાયટીમાં આવેલા જૂના મકાન પાસે બેભાન હાલતમાં મળી આવ્યા હતા. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ મારફતે બંનેને સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. ઘટનાસ્થળ પરથી દેશી દારૂની કોથળીઓ મળી આવતા શરૂઆતમાં લઠ્ઠાકાંડની આશંકા સેવાઇ રહી હતી, પરંતુ પોલીસની ઊંડી તપાસમાં આ સમગ્ર મામલો ક્રૂર હત્યાનો હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવની જાણ થતાની સાથે જ બી-ડિવિઝન પોલીસ મથક અને ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ઘટનાસ્થળે અને સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે મનસુખભાઈ તેમના જૂના મકાનનું રિનોવેશન કરાવવાના હોવાથી ત્યાં રોકાયા હતા અને ઘટના સ્થળેથી દેશી દારૂની એક ખાલી અને એક અડધી ભરેલી કોથળી મળી આવી હતી.

મોતના ચોક્કસ કારણને જાણવા માટે પોલીસે બંને મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. આ દરમિયાન મૃતક મનસુખભાઈના દીકરા વિનયે પોલીસ સમક્ષ ગંભીર આક્ષેપો કર્યા હતા કે ભગીરથ સોસાયટીમાં જ રહેતાં જીણા ભગત નામના શખ્સે અગાઉના મનદુઃખના કારણે તેના પિતા અને પિતાના મિત્રને દારૂમાં કોઈ ઝેરી પદાર્થ ભેળવીને મોતને ઘાટ ઉતાર્યા છે.

# ગુજરાતની વિદ્યાર્થિનીને ૪૬ લાખના પગારની નોકરી ઓફર થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગની વિદ્યાર્થિની પૂજા રામાણીએ વૈશ્વિક સ્તરે સફળતાનો ડંકો વગાડ્યો છે. પૂજાને વિશ્વની પ્રતિષ્ઠિત ટેક્નોલોજી કંપની એમેઝોન તરફથી વાર્ષિક રૂ. ૪૬.૩૮ લાખના આકર્ષક પેકેજ સાથે ફૂલ-ટાઇમ જોબની ઓફર મળી છે.

પૂજા મૂળ સુરતની છે અને મહેશભાઈ અને ગીતાબેન રામાણી તેનાં માતા-પિતા છે. યુનિવર્સિટીએ આપેલી માહિતી અનુસાર પૂજાએ તેની પ્રતિભાના જોરે કોલેજના બીજા વર્ષમાં જ એમેઝોન ચેન્નઈમાં બે મહિનાની પ્રતિષ્ઠિત ઇન્ટર્નશિપ મેળવી હતી.

ત્યારબાદ ઉત્કૃષ્ટ પ્રદર્શનને આધારે ત્રીજા વર્ષમાં ફરીથી છ મહિનાની રિટર્ન ઇન્ટર્નશિપ માટે તેની પસંદગી થઈ હતી. આ ઇન્ટર્નશિપ દરમિયાન એમેઝોનની કોર ટીમ સાથે ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સોલ્યુશન્સ પર સફળતાપૂર્વક કામ કર્યા બાદ કંપની દ્વારા તેને આ મેગા પ્લેસમેન્ટ ઓફર કરવામાં આવ્યું છે.

# ગંભીર અપરાધોનો તાગ મેળવવા અમદાવાદ પોલીસ હવે ઘોસ્ટ સ્ટોરીઝ સાંભળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભૂત કે કોઈ અલૌકિક ઘટનાઓની વાતો સામાન્ય રીતે આપણે હસી કાઢીએ અથવા અંધશ્રદ્ધા માનીએ છીએ, પરંતુ અમદાવાદ પોલીસ હવે આવી વાતો પર અને વાતો કરનારાઓ પર ધ્યાન આપશે. આનું કારણ એ છે કે છેલ્લા છ મહિનામાં આવી જ વાતોને આધારે પોલીસે બે હત્યાનો ભેદ ઉકેલ્યો હતો.

પોલીસના સૂત્રોએ આપેલી માહિતી અનુસાર અધિકારીઓને સતર્ક રહેવા કહ્યું છે તેમ જ તેમના ખબરીઓને પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવા કહ્યું છે. કોઈ માણસને સતત ભૂત દેખાયા કરતું હોય કે તે કોઈ જાદુટોના કે રહસ્યમય દુનિયાની વાતો કરતો હોય કે આવી કોઈની મદદ લેતો હોય, તો હોઈ શકે કે ભૂતકાળની કોઈ ભયાવહ ઘટના તેની સાથે જોડાયેલી હોય, જેમાં તે અપરાધી પણ હોઈ શકે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે આનો અર્થ એ છે કે અમે કોઈપણ પ્રકારની ભૂતપ્રેતવાળી વાતોને મામૂલી ગણી નકારી દેશું નહીં, પરંતુ જરૂર જણાય ત્યાં પૂછપરછ કે તપાસ કરીશું. જોકે પોલીસ અધિકારીઓની તપાસ વૈજ્ઞાનિક તથ્યો અને પુરાવા આધારિત રહેશે, તેમ પણ પોલીસસૂત્રોએ ઉમેર્યું હતું.

અમદાવાદની બે હત્યાઓ આ પ્રકારની ભૂતની વાતોથી ઉકેલવામાં આવી હતી. સરખેજમાં ઈમરાન વાઘેલા નામનો શખ્સ પોતાને મૃત મોહંમદ અન્સારીનું ભૂત દેખાતું હોવાની વાતો કરતો હતો. વાઘેલા અન્સારીની પત્ની રૂબી સાથે સંબંધમાં હતો અને એક મિત્રની મદદથી તેણે અન્સારીની હત્યા કરી હતી. પોલીસ તપાસ બાદ અન્સારી રસોડામાં દફનાવેલો મળ્યો હતો.

આવી જ રીતે વટવામાં એક પરિવારને ભૂત દેખાતું હતું અને ત્યારબાદ ૩૪ વર્ષ જૂનો ફરઝાના રાધનપુરીની હત્યાનો ભેદ ભૂલ્યો હતો.

# મકાનનાં ભાડાં માટે મહિલા અને તેની દીકરી સાથે દુષ્કર્મ કેસમાં રાષ્ટ્રીય મહિલા આયોગના નિર્દેશ

અમદાવાદઃ સૌરાષ્ટ્રના મોરબીમાં બનેલી અત્યંત શરમજનક અને ઘૃણાસ્પદ ઘટનાની નોંધ રાષ્ટ્રીય મહિલા આયોગે લીધી હતી અને કડક નિર્દેશો આપ્યા હતા. મોરબીમાં મજૂરીકામ માટે આવેલા એક પરિવારમાં પતિ-પત્ની અને તેમની સગીરવયની દીકરી ભાડાના મકાનમાં રહેતા હતા. ભાડું ન ચૂકવી શકવાને કારણે મકાનમાલિકે પહેલા મહિલા અને ત્યારબાદ તેની નાની દીકરીને પોતાની હવસનો શિકાર બનાવી હતી અને ધાકધમકીથી બન્નેનું વારંવાર જાતીયશોષણ કર્યુ હતું. જ્યારે પોલીસ ફરિયાદ થઈ ત્યારે વધારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ભાડું ન ભરી શકવાને કારણે પતિએ જ પત્ની અને દીકરીને મકાનમાલિક હવાલે કર્યા હતા. પરિવારના અન્ય સભ્યોને જાણ થતા તેમણે પોલીસ ફરિયાદ કરતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે મહિલા આયોગે રાજ્ય સરકાર પાસે સમગ્ર કેસની વિગતો, પોલીસ કાર્યવાહી, પીડિતાને આપવામાં આવેલી સુરક્ષા અને કાનૂની સહાય અંગેનો અહેવાલ માગ્યો છે.

# અમદાવાદમાં ફૂડ સેમ્પલોનાં રિપોર્ટ જાહેરઃ પાણીપુરી, મિલ્ક શેક, ઘીમાં ભેળસેળનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઉનાળાની સિઝન દરમિયાન રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગે જાહેરમાં વેચાતી ખાણીપીણીની ચીજોની ગુણવત્તા તપાસવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. આ ફૂડ સેફ્ટી ડ્રાઈવ દરમિયાન લેવામાં આવેલા અલગ-અલગ ખાદ્ય પદાર્થોના નમૂનાઓમાંથી ૨૨ ફૂડ સેમ્પલ લેબોરેટરી ટેસ્ટિંગમાં ફેઇલ જાહેર થયા હતા. જેમાંથી ૧૫ સેમ્પલ સબસ્ટાન્ડર્ડ એટલે કે હલકી ગુણવત્તાના હોવાનો ચોંકાનારો ખુલાસો થયો હતો. આ તપાસ દરમિયાન તંત્રએ આક્રમક વલણ અપનાવી ૯૦૫ કિલો ઘન અખાદ્ય જથ્થો અને ૧૦૨૫ લિટર પ્રવાહી અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કર્યો હતો. અમદાવાદ મનપાના હેલ્થ વિભાગે વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલા ફૂડ સેમ્પલોના રિપોર્ટ જાહેર કરતા અનેક લોકપ્રિય ખાદ્ય વસ્તુઓ અખાદ્ય હોવાનું બહાર આવ્યું હતું. પાણીપુરી, મિલ્ક શેક, ચીલી પાઉડર, ઘી અને હળદર જેવા દૈનિક ઉપયોગમાં લેવાતા ખાદ્ય પદાર્થોના નમૂનાઓમાં ગંભીર અનિયમિતતાઓ મળી આવી હતી.

હેલ્થ વિભાગ દ્વારા કુલ ૧૮૪ નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેમાંથી ૩૪ નમૂનાઓમાં ફૂડ ગ્રેડ કલરનો અતિરેક અથવા નિયમ વિરુદ્ધ ઉપયોગ જોવા મળ્યો હતો. ખાસ કરીને પાણીપુરીના ૩૦થી વધુ સેમ્પલોમાં ફૂડ ગ્રેડ કલર મળી આવ્યો હતો તે ચિંતાજનક બાબત છે. કેટલાક ખાદ્ય ચીજોના નમૂનાઓમાં ગુણવત્તાના ધોરણોનું પાલન કરવામાં આવ્યું ન હતું, જેના કારણે તે ખાદ્ય પદાર્થોને અખાદ્ય જાહેર કરવામાં આવ્યા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ અને ફૂડ વિભાગ દ્વારા મે મહિનામાં શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાં કરતાં તત્વો સામે એક સઘન ફૂડ સેફ્ટી ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત માત્ર ૧૮ દિવસના ટૂંકા ગાળામાં જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૮૬૫ ફૂડ યુનિટ્સ (ખાણી-પીણીના એકમો) પર ત્રાટકીને વ્યાપક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. નિયમોનું ઉલ્લંઘન કરનારા અને અસ્વચ્છતા રાખનારા ૫૨૨ એકમોને તંત્ર દ્વારા કડક નોટિસ ફટકારીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ક્રૂડ ઑઈલના ભાવ વધતા પેટ્રોલ વાહનોનાં વેચાણમાં ૫૭ ટકાનો ઘટાડોઃ ઈવીનો ક્રેઝ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય-પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે તંગદીલી વધતા ઈરાને હોર્મુઝ ખાડીની નાકાબંધી કરતા ઓઇલના પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે. જેથી ક્રૂડ ઓઇલના ભાવ આસમાને પહોંચ્યો છે. ક્રૂડ ઓઇલમાં ઉછાળાના કારણે ભારત જેવા મોટા ઓઇલ આયાતકાર દેશો પર ગંભીર અસર થઈ છે. ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધતા વાહનોના વેચાણ પર વિપરીત અસર થઈ છે. ગુજરાતમાં ઈ વ્હિકલના વેચાણમાં મોટો ઉછાળો નોંધાયો છે. ટ્રાન્સપોર્ટ વિભાગના ચાલુ વર્ષ ૨૦૨૬ના અને ગત વર્ષ ૨૦૨૫ના ૧૨થી ૧૭ મે સુધીના આંકડાઓની સરખામણી કરીએ વાહન ખરીદીના ટ્રેન્ડમાં મોટો ઉલટફેર જોવા મળે છે. ગત વર્ષે ૨૦૨૫માં ૧૨થી ૧૭ મે દરમિયાન સમગ્ર રાજયમાં ૧૭,૬૬૩ પ્યોર પેટ્રોલ વાહનોનું વેચાણ થયું હતું. ચાલુ વર્ષે ૨૦૨૬માં આ જ સમયગાળા દરમિયાન ઘટીને માત્ર ૭,૬૩૩ થઈ ગયું છે. આમ, પેટ્રોલ વાહનોના વેચાણમાં ૧૦,૦૩૦નો મોટો થટાડો થયો છે. બીજી તરફ, લોકો ઇલેક્ટ્રિક વાહનો તરફ ઝડપથી વળ્યા છે. ગત વર્ષે ૬ દિવસમાં માત્ર ૧,૩૮૨ વાહનો વેચાયાં હતાં, જે ચાલુ વર્ષના મે મહિનાની તા. ૧૨થી ૧૭ વચ્ચે વધીને ૩,૨૭૦ પર પહોંચી ગયા છે. ગ્રાહકો હવે સીએનજી, પેટ્રોલ/હાયબ્રીડ અને ડીઝલ હાયબ્રિડ વાહનોને પણ પ્રાધાન્ય આપી રહ્યા છે.

# આણંદની જનરલ હૉસ્પિટલમાંથી લાંચ લેતા ઑર્થોપેડિક સર્જનને એસીબીએ પકડી પાડ્યો

અમદાવાદઃ ગુજરાત ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરો (એસીબી) એ મંગળવારે જનરલ હોસ્પિટલ આણંદમાં કાર્યરત એક ઓર્થોપેડિક સર્જનને સરકારી નિયમો હેઠળ મફતમાં આપવામાં આવનારી આંગળીની સર્જરી માટે ૩,૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

એસીબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફરિયાદીએ એજન્સીનો સંપર્ક કરીને આરોપ લગાવ્યો હતો કે આરોપી ડો. ચિંતન સ્નેહલભાઈ શાહે તેમના મિત્રની આંગળી પર સર્જરી કરવા માટે પૈસા માગ્યા હતા. જોકે, સરકારી જોગવાઈઓ મુજબ, આ સર્જરી મફતમાં આપવામાં આવતી સારવાર હેઠળ આવે છે. ડોક્ટર આ હોસ્પિટલ સાથે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી જોડાયેલો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. મળતી વિગતો અનુસાર આરોપીએ કથિત રીતે પહેલા ૬,૫૦૦ રૂપિયા લાંચ તરીકે માગ્યા હતા. વાટાઘાટો પછી રકમ ઘટાડીને ૪,૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીએ ફરિયાદી પાસેથી પહેલાથી જ ૧,૦૦૦ રૂપિયા લઈ લીધા હતા અને બાદમાં બાકીના ૩,૦૦૦ રૂપિયાની માગણી કરી હતી. લાંચ આપવાની તૈયારી ન હોવાથી, ફરિયાદીએ આણંદ એસીબી ઓફિસનો સંપર્ક કર્યો અને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે, એસીબીએ મંગળવારે છટકું ગોઠવ્યું હતું અને આરોપીને પકડી પાડ્યો હતો. એસીબી અધિકારીઓએ ઘટનાસ્થળે આરોપી પાસેથી આખી રકમ વસૂલ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસમાં વધુ તપાસ ચાલુ છે.

## ૬. પરચુરણ

■ લોનાવાલામાં માતા-પિતા માટે બીજું ઘર જ્યાં તેમને પ્રેમ, સંભાળ અને આદર મળે છે. બિલકુલ ઘર જેવું, ઘર જેવું શુદ્ધ અને શાકાહારી ભોજન. વિશાળ એસી નોન-એસી રૂમ, ટીવી, આરામદાયક પલંગ. પ્રવેશ દૈનિક, સાપ્તાહિક અને માસિક ધોરણે ખુલ્લો રહેશે. સંપર્ક મોહનઃ 9822604804. આશિષઃ 9769870340. (૧૦૬૪-એ)

## ૯. લગ્ન સંબંધી

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

**લાઈફ પાર્ટનર**
મીટ (પરિચય મેળાવડો) કુંવારા લગ્નોત્સુક દિકરાઓ અને દિકરીઓ માટે, રવિવારે, 24/05/2026, સંપર્કઃ- શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશનઃ 9082825482. (દહેજ નહીં). (૧૦૩૦-એ)

■ સાઉથ મુંબઈની CA, CPA, કન્યા. 1992 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૫૭૯)

■ **શ્રી મધુ- પુષ્પ ફાઉન્ડેશન, અંજળ અને અવસર (સોઢા પરીવાર) DIVORCEE INDIA (અશોકભાઈ ખંધેડીયા), ગોળધાણા દીવ્યાંગ (કીરીટભાઈ વીઠલાણી), સમદર્શન સેવા પરીવાર (શાંતાક્રુઝ), મીનાબેન પ્રકાશભાઈ ઠક્કર આયોજીત ૧૯૮૦ પછીના છૂટાછેડા, વિધવા- વિધુર માટે પુનઃલગ્ન તથા Physically Handicapt (શારીરિક ખોડ) માટેનો અનેરો મેળાવડો તા. ૩૧/૫/૨૦૨૬ના રવિવારના રોજ બપોરે ૩ કલાકથી, રાજપુરીયા હોલ, વિલેપાર્લે (પૂર્વ) ખાતે યોજેલ છે, જેમાં ભાગ લેનાર ઉમેદવારે વેબસાઈટ www.anjalavsar.com પર નોંધણી કરાવવી તથા તેમની પ્રત્યક્ષ ઉપસ્થિતિ ફરજીયાત છે. નોંધણી માટે ઉમેદવારે રૂા. ૬૦૦/- (નોન રીફંડેબલ) ભરવાના રહેશે. ઉમેદવાર સાથે બે વાલીઓને પ્રવેશ આપવામાં આવશે તેના વ્યક્તિ દીઠ રૂા. ૬૦૦/- ભરવાના રહેશે. ઉમેદવાર તથા વાલીઓ માટે હાઈટી તથા રાત્રીભોજનની વ્યવસ્થા છે. પેમેન્ટ G Pay- કીરીટભાઈ વીઠલાણી ૯૮૩૩૧૪૩૬૮ G Pay- જયેન્દ્રભાઈ સોઢા ૯૮૬૯૦૦૯૬૩ પેમેન્ટનો નામ સાથેનો સ્ક્રીનશોટ ઉપરના નંબર પર મોકલવો જરૂરી. તેમજ વેબસાઈટમાં ઈવેન્ટમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત. રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૫ મે ૨૦૨૬ની છે. વધુ વિગત માટે સંપર્ક સવારે ૧૧ થી ૮. કીરીટભાઈ- ૯૮૩૩૩૧૪૩૬૮ અશોકભાઈ- ૯૮૨૦૯૪૩૦૩૪ જયેન્દ્રભાઈ- ૯૧૩૭૩૯૫૨૯૮ આશાબેન- ૯૯૨૦૭૦૩૩૨૭ સુરેશભાઈ- ૯૩૨૪૨૫૦૮૫૦. (દહેજ નહીં). (બી-૧૭૫૪૬)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૪૨૮)

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર - બંગલો**
ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગપૂલ. Cham House - 9820065681. (૫૪૩/એ)

**Datta Trimurti Tours**
DADAR www.dattatrimurtitours.com
9821756942
9702056942
BHUTAN
PARO-THIMPU-PUNAKHA
24th May (7 days)
LEH-LADAKH
KASHMIR 15/31 July (8 days)
AYODHYA-KASHI-PRAYAGRAJ 09 July (7 days)
CHARDHAM
GANGOTRI-YAMUNOTRI-KEDARNATH-BADRINATH-HARIDWAR-RISHIKESH
4/15 June (14 days)
FAMILY - COUPLES TOURS
•DARJEELING-SIKKIM •SHIMLA-MANALI
•ASSAM-MEGHALAYA •NAINITAL-MUSSOORIE
•MYSORE OOTY •MAHABALESHWAR-PANCHGANI
(B-17566)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**BUSINESS/CAREER OPPOrtunity Program at Andheri (West). Contact: MayMoll: 9167673056. (SDB-3252)**

**ACCOUNTS CLERK**
Required by a Firm at Fort, should know Hindi, English. Knowledge of Accounts, Computer, email is must. Email: mdesaico3@gmail.com (B-17580)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
**લીવલાયસંસથી**
**એલ.ટી. રોડ, 2 બેડરૂમ નવું બીલ્ડીંગ (55000/- ભાડું 2,00,000) આશર એસ્ટેટઃ 9820010600. (૧૦૭૪-ડી)**

■ કાંદીવલી (વેસ્ટ) 1 બેડરૂમ વેચાણથી, 99 લાખ સંપર્ક જીગર- 8169358143. (જેપી/૪૫૬૩-સી)

**અંધેરી વેસ્ટ**
લલ્લુભાઈ પાર્ક 3 બેડ ગાર્ડન ફેસિંગ ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી અમિત- 7045622403. (બી-૧૭૫૭૭)

**સાન્તાક્રુઝ વેસ્ટ**
3 બેડ અર્જન્ટ વેચાણથી સ્ટેશન નજીક ગુજરાતી લોકાલીટી અમિત- 7045622403. (બી-૧૭૫૭૮)

**સાઉથ મુંબઇ - વર્લી**
અલુરા - લોઢા પાર્ક , B વિંગ, એમીનીટીસ વ્યુ 2 બેડરુમ 893' મીડલ ફ્લોર, રેડી પઝેશન 5.5 cr, key with us.
કિયારા લોઢા પાર્ક 2 બેડરુમ 933' હાયર ફ્લોર 6.25 કરોડ.
અન્ય પ્રપોઝલ
મારકિસ, પાર્કસાઇડ, ટ્રમ્પટાવર, અડરીના.
SFRC
9821036552/9920655056
(૧૦૭૭-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 - બેડરૂમ- 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન ''નવકાર એસ્ટેટ'' : 9082631731. (જેપી/૪૫૬૨-ડી)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૦૯૨-ડી)**

**ORCHID SUBURBIA**
**કાંદિવલી (વેસ્ટ): ફુલ્લી ફર્નીશ્ડ, ૨ બેડરૂમ, 750' યુઝેબલ કારપેટ હાયર ફ્લોર (2.40 CR.) 7666644727. (૧૦૯૨-જી)**

**અંધેરી (વેસ્ટ)**
2 BHK ગ્રીનકોર્ટ (2.50 કરોડ), 3 BHK (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ), અંધેરી-ઈર્લા 3 BHK ભાડેથી (1.75 લાખ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433 - 9821069632. (૧૦૮૯-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
મેફેર ગ્રીન્સ, ટાવરમાં ૨ બેડરૂમ, ૮૧૭ કારપેટ, ૨ પોડિયમ પાર્કિંગ - ૨.૨૫ કરોડ વેચવાનો છે. સંપર્કઃ ઓનર - ૯૮૯૨૮૭૨૩૯૧. (બી-૧૭૬૦૬)

**ભાડેથી**
**જવાહર નગર ગોરેગામમાં હવા ઊજાસવાળો સ્પેશિયસ 3 બેડરૂમ 1,00,000/- "9222124066". (જેપી/૪૫૬૩-ડી)**

**વિલેપારલા (વેસ્ટ)**
બજાજ રોડ, ૨ બેડરૂમ, ૮૧૦ કારપેટ, ૧ ઓપન પાર્કિંગ - ૩.૨૪ કરોડ વેચવાનો છે. સંપર્કઃ ઓનર - ૯૮૯૨૮૭૨૩૯૧. (બી-૧૭૬૦૭)

**ગામદેવી**
2 બેડરૂમ - 780' + 70' બાલકની 4,0000000/= નેગોશીયેબલ શાહ - 9820068382. (૫૪૪/બી)

**ગામદેવી**
3 બેડરૂમ- 1200' - પાર્કીંગ- કાર્પેટ- 6,25,00000/- નેગોશીએબલ શાહ- 9820068382. (૫૪૪/એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરીયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ નવું બિલ્ડિંગ, વેચવાનો ફોનઃ- 9820156133. (બી-૧૭૫૫૫)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરીયા, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનરઃ- 9820156133. (બી-૧૭૫૫૬)

**મલાડ (વેસ્ટમાં)**
એસ. વી. રોડ - જૈન દેરાસરની સામેઃ 1 બેડ વીથ માસ્ટર બેડરૂમ - 1.18 કરોડમાં, 2 બેડ - 1.65 કરોડમાં વેંચાણથી (પઝેશનઃ May 2026) - 9821291100, 7506953114. (બી-૧૭૫૨૧)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (ઈસ્ટ)**
**પારસી પંચાયત રોડ, (આર. કે. સિંગ રોડ) આંબાવાડી હરિધામ- 2, બિલ્ડિંગમાં 1 બેડરૂમ 604' કારપેટ, હાયર ફ્લોર, રોડ ફેસિંગ (ઓનર) પ્રવિણભાઈઃ 9930189656. (૧૦૬૮-સી)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૦૫૮-ડી)

**કાંદિવલીમાં - બોરીવલીમાં**
''વન બેડ 91,00,000/-'' ''ટુ બેડ 1,65,00,000/-'' ''થ્રિ બેડ 2,95,00,000/-'' ''શ્રીજી'' 9653185938/ 9820045571. (જેપી-૪૫૬૨-ડી)

**દેવલાલી**
**વેચાણથી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમનાં જૂજ ફ્લેટ બાકી, કબજો ફક્ત ૩ મહિનામાં, મહારેરા રજિસ્ટર પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર. સોલ એજન્ટઃ પરેશ રાયચંદ ધરમશી- 9930803959, 9930106054. (૧૦૮૪-ડી)**

**HEAVY DEPOSIT- NALLASOPARA (EAST)**
**તુલીંજ રોડ, રાધે ક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લીફ્ટ નથી) 12000/= ભાડેથી અથવા 10 લાખ હેવી ડીપોઝીટથી આપવાનો (ઓનર): 7666644727. (૧૦૬૮-ઈ)**

**જુહુ**
3 બેડરૂમ, 1100' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે, ભાડેથી, અને 3 બેડરૂમ 1225', 1257', 1458' કાર્પેટ વેચાણથી. એજન્ટ- 8850666935. (બી-૧૭૬૧૯)

**અંધેરી**
2.5 બેડરૂમ, 1250' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ભાડેથી. એજન્ટઃ- 8850666935. (બી-૧૭૬૨૧)

**પાર્લા**
2 બેડરૂમ, 666' કાર્પેટ, અને 660' કાર્પેટ વેચાણથી, અને 3 બેડરૂમ 1215' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે, વેચાણથી. એજન્ટઃ- 8850666935. (બી-૧૭૬૨૦)

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ નવા ટાવરમાં 1.12 crમાં પાર્કિંગ સાથે, 1.18 crમાં ફર્નિચર અને પાર્કિંગ સાથે, અને 1.24 crમાં ફર્નિશ્ડ ફુલ પેકેજમાં મળશે. સંજીવ- 9821925693. (૧૦૯૪-બી)

**બોરીવલી વેસ્ટમાં**
હરિદાસ નગરમાં હવે મેળવો પ્રીમિયમ લક્ઝરી લિવિંગનો અનુભવ! ''ગૌતમ પ્રભુ''- H Rishabraj આકર્ષક પ્રોજેક્ટ 15 માળનું સ્ટેન્ડઅલોન ટાવર. પ્રીમિય એમેનિટીઝઃ Gym/ Walking/ Meditation Zone/ Tripal Height Elegant Lobby. 3 BHK- 2.95 Cr / 3.27 Cr. 4 BHK- 4.75 Cr (All Inclusive). પઝેશનઃ ઓગસ્ટ 2026. સાઈટ વિઝિટ માટે સંપર્કઃ 7977421341/ 9324168422. (૧૦૯૭-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
બાલાસિનોર સોસાયટીમાં ફક્ત 2 બંગલા- વહેલો તે પહેલો. REDEVLOPMENT by TDR possible- વ્યાજબી ભાવ. સંપર્ક જલારામ- ઈન્દ્રપ્રસ્થ બોરીવલી. 9820441711. (૧૦૯૭-સી)

**બોરીવલી (ઈસ્ટ)**
**OBEROI SKY CITY સામે, દત્તપાડા, 3 બેડરૂમ 1050' ફ્લેટ વેચવાનો. 9820177738. (૧૦૯૫-એ)**

**માટુંગા-વડાલા**
2/3/4 બેડરૂમ, વેચાણથી અથવા ભાડેથી જોઈએ છે. ઓનર અને બિલ્ડર સીધો સંપર્ક કરે. પ્રોપર્ટી કન્સલ્ટન્ટઃ રાજેશ શાહ. 9892387267/ 9892495974. (૧૦૯૮-એ)

**મલાડ વેસ્ટ**
વેચવાનું છે એસ વી રોડ નજીક, દેરાસરની સામે, ૨ બેડરૂમ ફુલ્લી ફર્નીશ રેરા કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ cr નિગોસિબલ ઓનર ૯૮૩૩૭૦૧૬૬૫. (એસડીબી-૩૨૮૭)

**અંધેરી ઈસ્ટ**
1, 2, 3, 4 બેડરૂમો, જૈન દેરાસર- પઝેશન ડિસેમ્બરમાં- 9867222020. (૧૦૯૯-એ)

**અંધેરી વેસ્ટ**
3 બેડરૂમ- શાસ્ત્રીનગર, 2 પાર્કિંગ- 5,00,00,000/- (લેવા-વેચવા) નિતીન- 9867222020. (૧૦૯૯-બી)

**લોઅર પરેલ**
ફુલ્લી ફર્નિસ્ડ, 3bhk, હાયર ફ્લોર, જીમ, પુલ, બે પાર્કિંગ, જૈન દેરાસર નજીક. સંપર્કઃ રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૬૨૪)

**તારદેવ**
સ્લેટર રોડ, ફર્નિશ્ડ, ૩ બેડરૂમ, ૧૩૦૦' કાર્પેટ તથા ગ્રાઉન્ડ ફ્લોર દુકાન ૫૦૦' જુના ભાડે, વેચાણથી 9820034317. (બી-૧૭૬૨૩)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. ૩ બેડરૂમ, હોલ, કિચન, ૯૫૦' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ. ''બ્રોકર'' 9323030141, 8169019857. (૧૧૦૦-એ)

**VILEPARLE EAST**
Premium Residence for Sale 3 BHK - 1800' sqft, Italian Marble, New Building 2 Car Parking - Garden View Contact: 9820079204. (JP/4560-E)

## ૧૭. જગ્યા આપવી છે

**TANNA HEIGHTS**
**Parekh Gally, Kandivali (West) 2 Bedroom, 725' Carpet Sale. Higher Floor, South - West Open. OC Received. Owner: 9821049249. (1068-A)**

**"PRITHVI"**
**Offers on Outright a Large 3 BHK only for Vegeterians in Santacruz West Nr Podar School, Jain Derasar & Thakurji's Haveli wd 3 sides open views, bright & well ventilated Flat wd a Clear Title for only 5.50 Crs, 9820149838 / 9869070183. (JP/4653-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**મુલુંડ વેસ્ટમાં**
રુનવાલ સેંચ્યૂરી એલ. બી. એસ. રોડ પર ૨ બીએચકેની જોડી ફ્લેટ તાત્કાલિક ખરીદવા જોઈએ છે. સંપર્ક કરો મોબાઈલઃ- ૯૭૦૨૪૩૪૩૪૩ / ૯૭૬૮૩૩૬૬૬૧. (એસડીબી-૩૧૬૧)

**સાઉથ મુંબઈ**
પ્રતિષ્ઠિત વિસ્તારમાં 3 BHK, જૈન દેરાસર નજીક, બે પાર્કિંગ સાથેનો ફ્લેટ જોઈએ છે. સંપર્કઃ રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૫૮૪)

**PALGHAR**
**We are Interested in Purchasing Distress / Auction Flat at Palghar, Immediate Payment, 09029456280. (1082-A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૨૬૫)

## ૨૦. ધંધાદારી જગ્યા

**મરીનલાઈન્સ**
સ્ટેશન નજીક, ઓફિસ ૧૮૬૦' કાર્પેટ, ઓનરશીપથી વેચવાની છે, રેડી પઝેશન, 'અમર રૂપાણી' 9820372950/ 9619775855. (એજન્ટ) (બી-૧૭૫૭૦)

■ તારદેવ ભાટિયા હૉસ્પિટલ પાસે, ૨૨૫' કાર્પેટ, ૧૪ ફીટ હાઈટ, સેલ્ફ કન્ટેન્ડ સંપર્કઃ રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૫૮૩)

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૦૯૨/સી)**

**વેચાણ માટે ઉપલબ્ધ**
ફોર્ટ ખાતે પ્રોસ્પેક્ટ ચેમ્બર્સમાં પહેલા માળે કોમર્શિયલ ઓફિસ સ્પેસ
૩૫૫ ચો. ફુટ. કારપેટ
વધુ વિગતો માટે સંપર્ક કરોઃ
8108558550
(બી-૧૭૬૧૭)

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા/ ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૦૫૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**બોરીવલી (વેસ્ટ)**
**યોગીનગર અને એકસર રોડના જંકશને જૂના ભાડામાં 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 70,00,000/-) 76666 44727. (૧૦૬૮-જી)**

**મઝગાંવ લાલબાગ**
જોઈએ 600-800' જગ્યા ભાડે ઈન્ડક્શન ક્લાઉડ કિચન માટે. 9819569698. (૧૦૯૭-ઈ)

**લાલબાગ પરેલ**
દાદર તારદેવ - જોઈએ છે 200'-250' દુકાન વેચાણથી. 2 કરોડમાં. 9819569698. (૧૦૯૭-ઈ)

**નરીમન પોઈન્ટ**
જોઈએ 1800' - 2000' ઓફિસ ભાડે/ વેચાણથી. 9819569698. (૧૦૯૭-ઈ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી - મલાડ**
**કોમર્શિયલ ઓફિસ 1166', 2000', 740' ફર્નિશ્ડ વેસ્ટર્નએજ, માર્વે રોડ, માઈન્ડસ્પેસ ભાડેથી - વેચાણથી લેવાઃ દિનેશ - 9324402779. (એસડીબી-૩૨૮૪)**

**ઓફિસ ભાડેથી**
કાંદિવલી (વેસ્ટ) મયુર સિનેમાની સામેની ગલી, 225' કાર્પેટ, Rent 17000/- owner 9820413408. (જેપી-૪૫૬૪-સી)

■ દાદર (પૂર્વ) / પરેલ (પૂર્વ)માં વેચાણથી લગભગ 500 ચોરસ ફૂટ ઓફિસ જગ્યાની જરૂર છે. સંપર્ક કરો - 8169062119. (એસડીબી-૩૨૮૨)

**કાંદિવલી (વેસ્ટ)**
SV રોડ, 400' કોર્નર શોપ વેચાણથી/ ભાડેથી. 9324614243. (૧૦૯૪-એ)

**KALINA**
PREMISES AVAILABLE ON LEAVE & LICENCE
• Area 1000 sqft to 15000 sqft
• Rate charged on carpet area
Contact : 7400026775
(1076-A)

**CHURCHGATE**
One Offices For Sale Carpet 230, Rate 1.23 Cr Fully Furnished Jolly Bhavan No.1 New Marine Lines Whatsup 70218 31500. (B-17604)

## ૨૩. મનોરંજન

**નાટક પીક્ચર**
મ્યુઝિકલ- સોશ્યલ 16 ગ્રુપોઃ મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાંઃ ફ્રીમાં મેમ્બરશીપ- 7021276622. (૧૦૭૯-એ)

**પ્રાર્થનાસભા 3500/- થી 7000/-**
કાંદિવલીમાં (બીજે ટ્રાન્સપોર્ટના અલગ). લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, ANNIVERSARY બજેટથી. ભક્તિ સંગીત ક્લાસ (ગુજરાતી - હિન્દી ભજનો). મનસુખભાઈઃ 9326801860, 8169552801. (૧૦૯૨-એ)

**''રણજીત ભરત ડોસા''**
**''પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ'', ''જૈન'', ''અગ્રવાલ'', ''મહેશ્વરી'' - ગુજરાતી, હિંદી પ્રાર્થના માટે - 9821172223. (૯૫૬/એ)**

**અધિક માસ ભજન 5000/-માં**
કાંદિવલી (ઘરમાં) બીજે ટ્રાન્સપોર્ટના અલગથી, સિંગર્સ, વાદ્યવૃંદ, સાઉન્ડ સાથે. મનસુખભાઈ 9326801860, 8169552801. (૧૦૯૬-સી)

## ૩૧. નાણાંકીય

**GREAT OPPORTUNITY**
મ્યુચલફંડમાં પૈસા રોકવાની ઉત્તમ તક, આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૭૩૫૮)

## ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં પ્લોટ જોઈએ**
**કેશ પેમેન્ટથી, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી- વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, છાપરા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ. કીર્તિભાઈ કંસારા 9825160974, 7046710111. (બી-૧૭૬૧૪)**

**જમીન વેચવાની છે**
હાલોલ,જી.પંચમહાલ,ગુજરાત
બહુ હેતુ NA ટાઇટલ કલીયર
63,000 સ્કે.ફુટ
રોડ ટચ (પાછળ પણ રસ્તો)
MG મોટર્સ પાસે, નેક્સા શો-રૂમની સામે, વડોદરા-ગોધરા બાયપાસ રોડ ઉપર
M.98250 36821
(બી-૧૭૬૨૨)

**AGRICULTURAL LANDS**
At Dahanu Taluka, In between Highway and Railway Line, Approx. 100 to 150 Acres Land for Sale on as is where is basis. Please Contact. Rajesh : 9320656987. (SDB-3283)

## ૩૩. ધંધાદારી

**અધિક માસ**
તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગીફટ આઈટમો ફેક્ટરી ભાવે- 9930310057. (બી-૧૭૫૭૬)

**WATER PROOFING**
**ટેરેસ, આઉટસાઈટ વોલ, છજ્જા, બિલ્ડિંગ - ક્રેક ફીલીંગ, ફુલ કોટિંગ- પેઈન્ટિંગ. 9987687944, 7977141377. (૧૦૭૪-એ)**

**લીકેજ સોલ્યુશન**
**બિલ્ડિંગ, ટેરેસ, પેરાપેટ વોલ, વોટરટેંક, પેઈન્ટિંગ, DR. FIXIT, ASIAN PAINT AUTHORISED APPLICATOR. 9987651755, 7021765031. (૯૯૫-એ)**

## ૩૩. ધંધાદારી

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપ્ટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૪૯૯)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યારે - કયા મહિનામાં - સાલમાં થશે? તેનું માર્ગદર્શન. (ફી લેવામાં નથી આવતી). વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૦૯૬-એ)**

**મહાલક્ષ્મી જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન. લવ પ્રોબ્લેમ પતિથી દુઃખી સાસ બહુનો ઝગડો સંતાન કેવામાં નથી કામ ધંધોમાં રુકાવટ એકતરફી પ્રેમ (ફિસ કામ પછી) 9321554879. (બી-૧૭૫૬૭)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૯૫૯/ડી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**
**લીકેજ, બિલ્ડિંગ, ટેરેસ, બંગલો, ક્રેક ફિલિંગ, વોટર ટેંક. ખાત્રી પૂર્વક લીકેજ બંધઃ 8879844887. (૧૦૯૨-ઈ)**

**WATERPROOFING SPECIALIST**
Terrace, Chajja, Bathroom, Building Repairing, Tar. 7 Years Warranty. - 9004827175. (B-17616)

**KRISHNA WATERPROOFING**
Terrace, Society, House, Slab, Roof Repair and Waterproofing. - 7900063270. (B-17538)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૪૪૫)

# સેન ડિએગોમાં મસ્જિદની બહાર ગોળીબાર, ત્રણ જણનાં મોત

## બંને શૂટરે પણ પછી આત્મહત્યા કરી લીધી

સેન ડિએગો : અમેરિકામાં કેલિફોર્નિયાના સેન ડિએગો કાઉન્ટીમાં આવેલા સૌથી મોટી મસ્જિદની બહાર બે સગીર બંદૂકધારીઓએ આડેધડ ફાયરિંગ કર્યું હતું.

આ ભયાનક હુમલામાં એક સિક્યોરિટી ગાર્ડ સહિત ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ ઘટનાને અંજામ આપ્યા બાદ બંને હુમલાખોરોએ પણ નજીકની એક ગલીમાં પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. અમેરિકાની ગુપ્તચર એજન્સી એફબીઆઇ અને સ્થાનિક પોલીસ આ ઘટનાને મુસ્લિમ સમુદાયને નિશાન બનાવીને કરવામાં આવેલો 'શંકાસ્પદ હેટ ક્રાઇમ' માનીને તપાસ કરી રહી છે.

એક રિપોર્ટ અનુસાર, આ ઘટના બપોરે આશરે ૧૨ વાગ્યાની થોડી જ વાર પહેલાં બની હતી, જ્યારે લોકો મસ્જિદ પરિસરમાં હાજર હતા. અચાનક ગોળીઓનો અવાજ આવતા નમાઝીઓ અને પરિસરની અંદર ચાલતી શાળાના બાળકોમાં ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ હતી.

સેન ડિએગોના પોલીસ વડા સ્કોટ વાહલે જણાવ્યું કે હુમલો થયા બાદ મોટી સંખ્યામાં પોલીસ કાફલાએ મોરચો સંભાળી લીધો હતો અને મસ્જિદ પરિસરની અંદર ડે-સ્કૂલમાં ભણતા તમામ બાળકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા, કોઈ પણ બાળકને ઈજા થઈ નથી.

પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે તેને મસ્જિદની ઇમારત બહાર ત્રણ પુરુષોના મૃતદેહ મળ્યા, જેમને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યા હતા.

મૃતકોમાંના એક મસ્જિદના સિક્યોરિટી ગાર્ડ (સુરક્ષા કર્મચારી) હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ બહાદુર સુરક્ષા કર્મચારીએ પોતાના જીવનું જોખમ ખેડીને હુમલાખોરોને મુખ્ય ઇમારતની અંદર ઘૂસતા રોક્યા હતા, જેના કારણે એક બહુ મોટો નરસંહાર થતા રહી ગયો.

હુમલાના થોડા જ સમય બાદ, સુરક્ષા એજન્સીઓએ નજીકના એક રોડ પર પાર્ક કરેલી શંકાસ્પદ કારની અંદર બે કિશોરો (ઉંમર ૧૭ અને ૧૯ વર્ષ) ના મૃતદેહ મળ્યા. પોલીસનું માનવું છે કે આ બંને જ મસ્જિદ પર હુમલો કરનારા મુખ્ય શૂટર (બંદૂકધારી) હતા, જેમણે આ ઘટનાને અંજામ આપ્યા બાદ પોતાને ગોળી મારી દીધી હતી. ■

# સપ્ટેમ્બરમાં ભારતમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં પુતિન આવશે

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ૧૨-૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટમાં હાજરી આપશે, એમ ક્રેમલિનના સહાયકે જણાવ્યું હતું. આ વર્ષે બ્રિક્સ અધ્યક્ષતા ધરાવતું ભારત સપ્ટેમ્બરમાં વાર્ષિક સમિટનું આયોજન કરવા માટે તૈયાર છે. રશિયાની સરકારી ટાસ ન્યૂઝ એજન્સી અનુસાર, પ્રમુખ પુતિન ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટમાં ભાગ લેશે, તેવું ક્રેમલિનના આંતરરાષ્ટ્રીય બાબતોના સહાયક યુરી ઉષાકોવે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટની બાજુમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

પુતિન છેલ્લે ૨૩મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે ડિસેમ્બર ૨૦૨૫માં ભારતની મુલાકાતે આવ્યા હતા. આ મહિનાની શરૂઆતમાં, રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લાવરોવે નવી દિલ્હીમાં બ્રિક્સ સભ્ય દેશોના બે દિવસીય સંમેલનમાં હાજરી આપી હતી. મૂળ બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાથી બનેલું, બ્રિક્સ ૨૦૨૪માં ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતને સમાવિષ્ટ કરવા માટે વિસ્તર્યું, જ્યારે ૨૦૨૫માં ઇન્ડોનેશિયા આ જૂથમાં જોડાયું હતું. ■

# કોન્ગોમાં ઈબોલાના કેસમાં ઉછાળોઃ હૂ પણ છે ચિંતિત

કિન્શસા (કોન્ગો) : પૂર્વ કોન્ગોમાં જે 'પ્રમાણ અને ઝડપે ' ઇબોલાનો રોગચાળો પ્રસરી રહ્યો છે એ અંગે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (હૂ)ના ડિરેક્ટરેટે ચિંતા વ્યક્ત કરી હતી. સત્તાવાળાઓએ ઇબોલાના શંકાસ્પદ મૃત્યુના આંકડામાં ઓછામાં ઓછા ૧૩૧નો અને શંકાસ્પદ કેસમાં ૫૦૦થી વધારેનો ઉછાળો બતાડ્યો હતો. ઇબોલા વાઈરસને લીધે પ્રથમ મરણ થયા બાદ આ વાઇરસ પ્રસરતો રહ્યો હતો. સત્તાવાળાઓ પાસે ઇબોલા વાઇરસની માન્ય ટેસ્ટ નથી. આ દર્દીઓમાં વાઇરસના સામાન્ય જાતની ટેસ્ટ કરવામાં આવે તો એ નકારાત્મક આવે છે. આ વાઇરસની કોઈ દવા કે રસી નથી. કોન્ગોના આરોગ્ય પ્રધાન સેમ્યુઅલ રોજર ખંબાએ કહ્યું હતું કે ૧૩૧ મરણ અને ૫૧૩ શંકાસ્પદ કેસ ખરેખર ઇબોલા વાઇરસ સાથે સંકળાયેલા છે કે નહીં એની તપાસ થઈ રહી છે. હૂના ડિરેક્ટરેટ ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસયસે કહ્યું હતું કે આ મહામારીના ફેલાવાના પ્રમાણ અને ઝડપથી હું ચિંતિત છું. ■

# પાછોતરાં સત્રમાં બ્લ્યૂચીપ શૅરોમાં વેચવાલી વધતાં સેન્સેક્સમાં ૧૧૪ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૩૨ પૉઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કતાર, સઉદી અરેબિયા અને યુએઈ તહેરાન સાથે ચર્ચા કરી રહ્યું છે અને તેઓ એક સ્વીકૃત ડીલ સુધી પહોંચી શકે તેમ હોવાથી આ ત્રણે દેશોની અરજને ધ્યાનમાં લેતાં અમે ઈરાન પર હુમલા અટકાવ્યા હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આજે જણાવતાં એકંદરે સત્ર દરમિયાન બજારમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. તેમ છતાં ખાસ કરીને પાછોતરા સત્રમાં એચડીએફસી બૅન્ક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવાં બ્લ્યુચીપ શૅરોમાં વેચવાલીનું દબાણ વધવાની સાથે ડૉલર સામે રૂપિયો વધુ ૫૦ પૈસાના કડાકા સાથે ૯૬.૭૦ની નવી નીચી સપાટી સુધી ગબડ્યો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતાં સત્ર દરમિયાન બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં જોવા મળેલો અનુક્રમે ૪૩૧.૨૩ પૉઈન્ટનો અને ૧૩૨.૩૫ પૉઈન્ટનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે સેન્સેક્સ ૧૧૪.૧૯ પૉઈન્ટના અને નિફ્ટી ૩૧.૯૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો.

વધુમાં વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેતાં બજાર વધુ દબાણ હેઠળ આવી હતી. જોકે, આજે આઈટી શૅરોમાં સુધારાતરફી વલણ રહેતાં બૅન્ચમાર્કમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે લેવાલી જોવા મળ્યા બાદ આજે રૂ. ૧૭,૯૦૭.૫૫ કરોડની ખરીદી સામે રૂ. ૨૦,૩૬૫.૦૪ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૫૪૭.૪૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૯૫૧.૯૫ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૧૫૦.૨૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૮૦૧.૬૮ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૫,૩૧૫.૦૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૫,૪૪૧.૨૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૧૧૫.૯૯ અને ઉપરમાં ૭૫,૭૪૬.૨૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૧૪.૧૯ પૉઈન્ટ અથવા તો ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૭૫,૨૦૦.૮૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૬૪૯.૯૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૩,૬૭૫.૩૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૫૮૭.૨૦થી ૨૩,૭૮૨.૩૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૧.૯૫ પૉઈન્ટ અથવા તો ૦.૧૪ ટકાના ઘટાડા સાથે ૨૩,૬૧૮ના મથાળે બંધ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે કુલ ૪૩૫ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૫૪૪ શૅરના ભાવ વધીને, ૧૬૪૫ શૅરના ભાવ ઘટીને અને ૧૬૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૯૧ શૅરના ભાવ બાવન સપ્તાહના ટોચે અને ૩૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે રહ્યા હતા અને આઠ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી.

અમેરિકા દ્વારા ઈરાન પર લશ્કરી કાર્યવાહી તાત્પૂરતી સ્થગિત રાખવામાં આ હોવાના નિર્દેશો સાથે બજારમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ પાછોતરા સત્રમાં વેચવાલીનું દબાણ વધતાં સુધારો ધોવાઈ ગયો હતો. આજે ડૉલર સામે રૂપિયામાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં ખાસ કરીને આઈટી શૅરોમાં નોંધપાત્ર સુધારો રહેતાં બૅન્ચમાર્ક ઈન્ડેક્સમાં ઘટાડો સિમિત રહ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મધ્યસત્ર દરમિયાન આઈટી શૅરોમાં તેજીનું વલણ રહેતાં બજારને ટેકો મળ્યો હતો, પરંતુ ક્રૂડતેલના ભાવમાં વધારાથી ફુગાવામાં વધારો થવાની અને રૂપિયામાં ધોવાણની ચિંતા સપાટી પર આવતા સુધારો ધોવાઈ ગયો હોવાનું લાઈવ લૉન્ગ વૅલ્થનાં સ્થાપક અને રિસર્ચ એનાલિસ્ટ હરિપ્રસાદ કેએ જણાવ્યું હતું. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૩ શૅરના ભાવ વધીને ૧૭ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યાં હતાં. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં ઈન્ફોસિસમાં સૌથી વધુ ૪.૭૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચસીએલ ટૅક્નોલૉજીસમાં ૨.૮૨ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૨.૫૫ ટકાનો, ઈટર્નલમાં ૨.૪૦ ટકાનો, ટીસીએસમાં ૧.૯૦ ટકાનો અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૯૦ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય અન્ય મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૫૧ ટકાનો ઘટાડો કોટક મહિન્દ્રા બૅન્કમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટાઈટનમાં ૧.૬૩ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૫૭ ટકાનો, અદાણી પોર્ટસમાં ૧.૩૭ ટકાનો, ભારતી એરટેલમાં ૧.૨૬ ટકાનો અને સન ફાર્મામાં ૦.૧૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૩૯ ટકા અને મિડકેપ ઈન્ડેક્સ ૦.૯૩ ટકા વધીને બંધ રહ્યો હતો. તેમ જ નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૯ શૅર વધીને, ૩૦ શૅર ઘટીને અને એક શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા.

આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં ટોપ ટેન બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો, ખાનગી બૅન્કના ઈન્ડેક્સમાં ૦.૫૪ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૩૦ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૦.૨૬ ટકાનો અને ટેલિકોમ ઈન્ડેક્સમાં ૦.૨૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૩.૨૫ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૩.૨૨ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૩૫ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૬૭ ટકાનો અને કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૦.૬૦ ટકાનો સુધારો આવ્યો હતો.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાનો બૅન્ચમાર્ક કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યો હતો. તેમ જ મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી ૧.૮૦ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ઈક્રાએ નાણાકીય વર્ષ ૨૦૨૭ની આર્થિક વૃદ્ધિનો અંદાજ ઘટાડ્યો

નવી દિલ્હી: પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હોવાથી વર્તમાન નાણાકીય વર્ષમાં દેશનો જીડીપી વૃદ્ધિદરનો અંદાજ જે અગાઉ ૬.૫ ટકાનો મૂકવામાં આવ્યો હતો તે હવે ઘટાડીને ૬.૨ ટકા કરવામાં આવ્યો હોવાનું અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ એક યાદીમાં જણાવ્યું છે. નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસએ ગત નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે મુકેલા ૭.૬ ટકાના દ્વીતિય આગોતરા અંદાજની સરખામણીમાં રેટિંગ એજન્સી ઈક્રાએ સાધારણ ઓછો ૭.૫ ટકા વૃદ્ધિદરનો અંદાજ મૂક્યો છે. પશ્ચિમ એશિયાની ભૂરાજકીય મડાગાંઠને ધ્યાનમાં લેતાં વર્ષ દરમિયાન ક્રૂડતેલના સરેરાશ ભાવનો અંદાજ જે અગાઉ બેરલદીઠ ૮૫ ડૉલરનો મૂક્યો હતો તે હવે વધારીને ૯૫ ડૉલર કર્યો હોવાથી અમે નાણાકીય વર્ષ ૨૦૨૭માં જીડીપી વૃદ્ધિદરનો અંદાજ જે અગાઉ ૬.૫ ટકા મૂક્યો હતો તે હવે ઘટાડીને ૬.૨ ટકા કર્યો છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**રેલની અલ્ટ્રા સોનીક ટેસ્ટિંગ માટે સ્પેસિફિકેશન**

Sr. Den (સાઉથ) MMCT ટેન્ડર નોટીસ નં.: BCT/૨૬-૨૭/૩૮ તા. ૧૫.૦૫.૨૦૨૬ મંગાવે છે. કામ અને સ્થળ: ચર્ચગેટ-વિરાર સેક્શન - પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ટર્મિનસ ડિવિઝનના ચર્ચગેટ-વિરાર સેક્શનમાં RDSO દ્વારા અપાયેલ તરીકે ૨૦૨૨ રિસિવેડ રેલ/વેલ્ડસ (પ્રોવિઝનલ)ની અલ્ટ્રા સોનિકા ટેસ્ટિંગ માટે ઈન્ડીઅન રેલવેસ સ્ટાન્ડર્સ સ્પેસિફિકેશન મુજબ વેલ્ડસની ટેસ્ટિંગ. કામની અંદાજિત કિંમત: ₹ ૯,૮૦,૭૫૯.૭૦/-. બારડી: ₹ ૧૯,૬૦૦.૦૦. સુપ્રતિની તારીખ અને સમય: ૧૨.૦૬.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમય: ૧૨.૦૬.૨૦૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.inની મુલાકાત લો. 0120

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**OHE મોડિફિકેશન વર્ક**

Sr. DEE(TRD)NS/BCT ઈ-ટેન્ડર નોટીસ: EL-TRD-W-૧૧૮-૨૬-૨૭-૯ તા. ૧૪.૦૫.૨૦૨૬ મંગાવે છે. **કામનું નામ:** મુંબઈ ડિવિઝનના વિરાર-સૂરત સેક્શનમાં વલસાડ સ્ટેશન ખાતે કીમી ૧૯૮/૧૬-૧૮ ખાતે PF ૨/૩, PF ૪/૫થી પશ્ચિમ બાજુને જોડતા નોર્થના અંતે ન્યૂ FOBની જોગવાઈ અને મધ્યમ FOB (૭૫ Mx૬.૧M)થી પશ્ચિમ બાજુના લંબાવવા સાથેના સંબંધમાં OHE મોડિફિકેશન કામ. **જાહેરાત મૂલ્ય:** ₹૮૨,૫૧,૨૯૫/-. **બાનારકમ:** ₹૧,૬૫,૦૦૦/-. **સુપ્રતિની તારીખ & સમય:** ૧૦.૦૬.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. **ખોલવાની તારીખ & સમય:** ૧૦.૦૬.૨૦૨૬ના ૧૫.૩૦ ક. કૃપા કરીને www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0116

અમને અહીં લાઈક facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝન રેલવે મેનેજર, કોમર્શિઅલ વિભાગ, પાર્કિંગ સેક્શન, મુંબઈ-સેન્ટ્રલ-મુંબઈ-૪૦૦ ૦૦૮.

કામ - મુંબઈ ડિવિઝનમાં ઈલેક્ટ્રિક ''ટુ વ્હિલર/બાઈક/સ્કૂટર આધારે ઍપ માટે ઈ-બાઈક-પાર્કિંગ સ્ટેન્ડ કમ ચાર્જિંગ સ્ટેશન''ની ઓપરેશન.

| ઓક્શન કેટલોગ નં. - BCT-PKG-૨૬૨૭-૦૩ | બારડી બીડ મૂલ્યના ૧૦% |
|---|---|
| ઈ-ઓક્શનની તારીખ: ૨૯-૦૫-૨૦૨૬ | ઈ-ઓક્શનનો સમય: ૧૨.૦૦ ક. |

| ક્ર. નં. | સ્ટેશન | સ્થળ | વિસ્તાર (ચો.મી.) | ઈ-ઓક્શનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | અંધેરી | પૂર્વ | ૧૨૦ | ૨૯.૦૫.૨૦૨૬ |

કામ - મુંબઈ ડિવિઝનમાં ''ઓલ વેવ્હિકલ્સ પે એન્ડ પાર્કનું'' સંચાલન

| ઓક્શન કેટલોગ નં. - BCT-PKG-૨૬૨૭-૦૩ | બારડી બીડ મૂલ્યના ૧૦% |
|---|---|
| ઈ-ઓક્શનની તારીખ: ૨૯-૦૫-૨૦૨૬ | ઈ-ઓક્શનનો સમય: ૧૨.૦૦ ક. |

| ક્ર. નં. | સ્ટેશન | સ્થળ | વિસ્તાર (ચો.મી.) | ઈ-ઓક્શનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | દહાણુ રોડ | નોર્થ ઈસ્ટ | ૮૬૨.૨ | ૨૯.૦૫.૨૦૨૬ |
| ૨ | અમલસાડ | વેસ્ટ | ૫૮૭.૬૭ | ૨૯.૦૫.૨૦૨૬ |

કામ - મુંબઈ ડિવિઝનમાં ''ઓલ વેવ્હિકલ્સ પે એન્ડ પાર્કનું'' સંચાલન

| ઓક્શન કેટલોગ નં. - BCT-PKG-૨૬૨૭-૦૪ | બારડી બીડ મૂલ્યના ૧૦% |
|---|---|
| ઈ-ઓક્શનની તારીખ: ૦૧-૦૬-૨૦૨૬ | ઈ-ઓક્શનનો સમય: ૧૨.૦૦ ક. |

| ક્ર. નં. | સ્ટેશન | સ્થળ | વિસ્તાર (ચો.મી.) | ઈ-ઓક્શનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પાલઘર | સાઉથ વેસ્ટ | ૨૦૦.૫૩ | ૦૧.૦૬.૨૦૨૬ |

**નોંધ:** વધુ વિગતો, સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી છે. સાઈટ્સ સંબંધિત માહિતી ઉપરોક્ત ઉલ્લેખેલ કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0123

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# ડૉલર સામે રૂપિયો વધુ ૫૦ પૈસાના ધોવાણ સાથે ૯૬.૭૦ની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ અને વિદેશી રોકાણકારોનો મૂડીગત્ બાહ્ય પ્રવાહ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૫૦ પૈસાના ધોવાણ સાથે ૯૬.૭૦ની સત્રની અને ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં રૂપિયામાં સાત ટકાનો અને આ મહિનામાં અત્યાર સુધીમાં ૧.૫૦ ટકાનો કડાકો બોલાઈ જવાની સાથે એશિયાનાં તમામ ચલણોમાં રૂપિયામાં સૌથી વધુ નબળી કામગીરી જોવા મળી છે.

ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ વિક્ષેપિત થવાથી ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલી તેજીની ભારત સહિત અન્ય ઊભરતાં અર્થતંત્રોનાં ચલણ પર અત્યંત માઠી અસર પડી છે. જોકે, ભારતમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં નોંધપાત્ર માત્રામાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી અન્ય ઊભરતાં રાષ્ટ્રોનાં ચલણોની સરખામણીમાં રૂપિયા પર વધુ માઠી અસર પડી છે. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૨૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૩૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૭૦ અને ઉપરમાં ૯૬.૨૭ની રેન્જમાં અથડાઈને અંતે ૫૦ પૈસાના કડાકા સાથે ૯૬.૭૦ની સત્રની નીચી વિક્રમ સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૩૯ પૈસાનો ઘટાડો નોંધાયો હતો. હાલમાં પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ઊંચા ભાવને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે. તેમ છતાં રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અને સરકારે સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ પર આયાત જકાતમાં વધારો કર્યો હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળતાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૬થી ૯૬.૬૦ આસપાસની રહી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકાના સુધારા સાથે ૯૯.૨૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૯.૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૪.૧૯ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૧.૯૫ પૉઈન્ટનો ઘટાડો થયો હતો.

## મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ અને ભાવનગર ડિવિઝનના કર્મચારીઓએ GMનો સેફ્ટી એવોર્ડ પ્રાપ્ત કર્યો



મુંબઈ: પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પડિએ પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે વરિષ્ઠ અધિકારીઓ સાથે જનરલ મેનેજરના ''મેન ઓફ ધ મન્થ'' સેફ્ટી એવોર્ડ્ઝ મેળવનારાઓનું સન્માન કર્યું હતું. ■

# નિકલની આગેવાની હેઠળ ધાતુમાં બાઉન્સબૅક

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર ટીનના ભાવમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ૧૯ના ઘટાડા અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં નિકલની આગેવાની હેઠળ અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૩૩નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૩૩ વધીને રૂ. ૧૮૪૩, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૮૭૦ અને રૂ. ૭૨૦ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાતના સુધારા સાથે રૂ. ૧૨૮૦ના મથાળે રહ્યા હતા.

આજે અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૨૫૦, રૂ. ૧૧૫૯ અને રૂ. ૧૩૯૨, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૨૯૭, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૩૧૨ અને રૂ. ૩૭૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૯૦ના મથાળે રહ્યા હતા.

# રિટેલ માગને ટેકે ખાંડમાં ₹ ૬થી ૨૦નો સુધારો

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નીકળેલી નવેસરથી લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે વેપાર રૂ. ૩૯૪૨થી ૩૯૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૪૦૫૨થી ૪૧૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# રૂપિયો નબળો પડતાં સ્થાનિકમાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૧૩૩૮ અને ચાંદીમાં ₹ ૬૭૩ વધ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ક્રૂડતેલના ભાવમાં વધારો થવાની સાથે ફુગાવામાં વધારો થતાં અમેરિકી ફેડરલ રિઝર્વ ફુગાવાને અંકુશમાં રાખવા વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સોનાના ભાવ એક તબક્કે ઘટીને દોઢ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યા હતા અને ચાંદીના ભાવમાં પણ વધુ ૨.૩ ટકાનો ઘટાડો થયો હતો. આમ વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલે છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૪૩ પૈસાનું ધોવાણ થયું હોવાથી આયાત પડતરોમાં વધારો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૩૩થી ૧૩૩૮નો ચમકારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૭૩ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં વધુ ૪૦ પૈસાનો કડાકો બોલાઈ જતાં આયાત પડતરો વધવાને કારણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૩૩ વધીને રૂ. ૧,૫૮,૪૪૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૩૩૮ વધીને રૂ. ૧,૫૯,૦૭૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૭૩ના સુધારા સાથે રૂ. ૨,૬૮,૭૧૩ના મથાળે રહ્યા હતા, તેમ જ ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઘટીને ગત ૩૦મી માર્ચ પછીની નીચી ઔંસદીઠ ૪૪૭૯.૫૪ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકાના ઘટાડા સાથે ૪૫૩૯.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૪૫૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૩ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૫.૮૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. પશ્ચિમ એશિયાની ભૂરાજકીય મડાગાંઠને કારણે ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ પ્રવર્તી રહ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની આવતીકાલે જાહેર થનારી મિનિટ્સમાં ફુગાવાલક્ષી ચિંતા વ્યક્ત કરવામાં આવે અને વ્યાજદરમાં વધારાની શક્યતા વ્યક્ત કરવામાં આવે તેવી ભીતિ હેઠળ આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે રોકાણકારોની નજર અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારની પ્રગતિ પર મંડાયેલી છે. વધુમાં આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં સાધારણ ઘટાડો આવ્યો હોવા છતાં બેરલદીઠ ૧૧૦ ડૉલર આસપાસની ઊંચી સપાટીએ પ્રવર્તી રહ્યાં હોવાથી અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ એક વર્ષની ઊંચી સપાટી આસપાસ જળવાયેલી હોવાથી વ્યાજની ઊપજ ન આપતી સોના અને ચાંદી જેવી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી નિરસ રહેતી હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર સુધીમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૩૮ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે.

દરમિયાન આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તહેરાને મોકલેલા શાંતિ પ્રસ્તાવને ધ્યાનમાં લેતા ઈરાન પરના હુમલા બેથી ત્રણ દિવસ મુલતવી રાખવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું અને આ પ્રસ્તાવથી ડીલ થઈ જવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# પાંખાં કામકાજો વચ્ચે દેશી - આયાતી ખાદ્યતેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૭૫ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૩ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં દેશી તથા આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે ઈન્ડોનેશિયા ખાતે સરકાર મૂડીગત્ પ્રવાહને નિયંત્રણમાં રાખવા માટે નિકાસ કેન્દ્રવર્તી (સેન્ટ્રલાઈઝ્ડ) કરશે તેવી વાતો વહેતી થતાં જાકાર્તા બૅન્ચમાર્ક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૪.૨ ટકાનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, ગોકુલ એગ્રોનાં સોયા રિફાઈન્ડના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૯૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, પતંજલિ ફૂડ્સના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૫ અને મે ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૨૫ અને જૂન ડિલિવરી શરતે રૂ. ૧૫૩૫ અને જી-વનના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર છૂટાછવાયા હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૧૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૧૫૦થી ૭૪૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૫૦૦થી ૭૫૭૫માં થયા હતા. વધુમાં રાજકોટનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે મગફળીની ૮૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે મગફળીની પાંચ હજાર ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલ ખાતે ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૬૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૦૦થી ૧૫૦૫ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૫૫૦ના મથાળે રહ્યા હતાં.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૫ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ચી.એ./B.M./૨૧૧૩/II ૧૮.૦૫.૨૦૨૬ના**

**ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ) |
| પેટા - વિભાગ | ડે. ચી. એન્જિ. (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ) શહેર |
| વિષય: | ''બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી બિલ્ડિંગોનું રિપેર/ રિહેબિલિટેશન રિકન્સ્ટ્રકશન, કન્સ્ટ્રકશન માટે માળખાકીય સલાહકારોની નિમણૂક માટે હિતની અભિવ્યક્તિ માટે આમંત્રણ માટે ઈ-નોટીસ'' |
| ટેન્ડર - વેચાણ | ૨૦.૦૫.૨૦૨૬ ૧૧.૦૦ ક.થી<br>૦૯.૦૬.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | લિંક= https://portal.mcgm.gov.in/irj/portal/anonymous/qletenders_new<br>path= http://portal.mcgm.gov.in-for Partners-explore - tender view |
| સંપર્ક વ્યક્તિ: | શ્રી સાંગવેકર (A. E. (B.M.) શહેર)<br>(૮૩૬૯૮૮૬૮૩૦) |
| ઈમેલ-id: | ae01civil.bm@mcgm.gov.in |

સહી/-

E.E. (B.M.) શહેર I

PRO/383/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

હિંદુહ્રદય બાળાસાહેબ ઠાકરે મેડિકલ કોલેજ અને ડૉ. R.N. કૂપર હોસ્ટિપલ, જુહુ-૫૬

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર ID | Bid Invitation No: 2026_MCGM_1303461_1<br>Bid Invitation No: 2026_MCGM_1303464_1<br>Bid Invitation No: 2026_MCGM_1268716_1 |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | તારીખ: ૨૦.૦૫.૨૦૨૬ સમય: ૧૫.૦૦ ક. |
| ટેન્ડરના વેચાણ માટે છેલ્લી તારીખ & સમય | તારીખ: ૨૭.૦૫.૨૦૨૬ સમય: ૧૫.૦૦ ક. |
| પૅકેટ A, B & પૅકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) & બીડ સુક્રુટીની ડિપોઝિટની પ્રાપ્તિ | તારીખ: ૦૧.૦૬.૨૦૨૬ સમય: ૧૫.૦૦ ક. |
| સંચાર માટેનું સરનામું | ડીન (HBTMC & RNCH)ની ઓફિસ, ગ્રાઉન્ડ ફ્લોર, ન્યૂ કોલેજ બિલ્ડીંગ, વિલે પાર્લા (પશ્ચિમ), જુહુ, મુંબઈ- ૪૦૦૦૫૬<br>ટેલિ નં. ૦૨૨-૨૬૨૦૭૨૫૪/૫૬<br>ઈમેલ:- dean.hbt@mcgm.gov.in<br>Deancooper2015@gmail.com |
| બીડ ખોલવા માટેનું સ્થળ | જનરલ સ્ટોર, ડૉ. R.N. કૂપર હોસ્પિટલ, જુહુ વિલે પાર્લા, પશ્ચિમ, મુંબઈ- ૪૦૦૦૫૬ ખાતે ઓનલાઈન |

ડીન

હિંદુહ્રદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મેડિકલ કોલેજ & ડૉ. R.N. કૂપર હૉસ્પિટલ,

PRO/384/ADV./2026-27


પાણી બચાવો, પાણીનો દુર્વ્યર્ય ટાળો.



# કોર્ટના આદેશ બાદ બાન્દ્રા પૂર્વમાં બુલડોઝર એક્શન

## ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે અતિક્રમણો હટાવાયાં

(અમય ખરાડે)



મુંબઇઃ મુંબઈ હાઈ કોર્ટે પશ્ચિમ રેલવેને બાન્દ્રા પૂર્વ વિસ્તારમાં અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપ્યા બાદ મંગળવારે, મુંબઈમાં બાન્દ્રા ટર્મિનસ નજીક ગરીબ નગરમાં એક મોટી ડિમોલિશન ઝુંબેશ હાથ ધરાઇ હતી.

આ ઝુંબેશ પાંચ દિવસ ચાલશે. અહેવાલ અનુસાર પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું કે સમગ્ર કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે નાગરિક વહીવટ, મુંબઈ પોલીસ, રેલવે સુરક્ષા દળ (આરપીએફ) અને સરકારી રેલવે પોલીસ (જીઆરપી) સાથે સંકલનમાં અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અભિયાન માટે ગરીબ નગર અને તેની આસપાસ લગભગ ૪૦૦ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા. ભીડ એકઠી થવાની અથવા અશાંતિ થવાની આશંકા વચ્ચે વ્યૂહાત્મક સ્થળોએ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ ટીમો અને બેરિકેડિંગ યુનિટ સહિતની કટોકટી પ્રતિભાવ પ્રણાલીઓ પણ તૈનાત કરવામાં આવી હતી. બોમ્બે હાઈ કોર્ટના ૨૯ એપ્રિલના આદેશને અનુસરીને આ તોડકામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, કોર્ટે ઓગસ્ટ ૨૦૨૧ માં હાથ ધરાયેલા સર્વેક્ષણો હેઠળ પુનર્વસન માટે લાયક જાહેર કરાયેલા ઝૂંપડપટ્ટીવાસીઓના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો.

આ કામગીરી પછી પશ્ચિમ રેલવેના સાંતાક્રુઝ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે પાંચમી અને છઠ્ઠી રેલ્વે લાઇનના વિસ્તરણના માર્ગ મોકળો થશે. હાઈ કોર્ટે અવલોકન કર્યું હતું કે રેલવે ટ્રેક નજીક અતિક્રમણ અને કચરાના ઢગલા રેલવેની માળખાગત સુવિધાઓ અને મુસાફરોની સલામતી માટે ગંભીર ખતરો છે. આ મુદ્દો છેલ્લા ઘણા મહિનાઓથી વિવાદાસ્પદ રહ્યો

આગામી થોડા દિવસો સુધી આ કામગીરી ચાલુ રહેશે, તેથી પૂર્વમાં સુરક્ષા એજન્સીઓ હાઇ એલર્ટ પર છે અને અધિકારીઓ આ સંવેદનશીલ વિસ્તારમાં કોઈપણ પ્રકારની અરાજકતા ન ફેલાય તે માટે પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ■

# મુંબઈ બહારની બસોને દહીંસર સુધી જ એન્ટ્રી

## દહીંસર ઓક્ટ્રોય નાકા પર ૧,૪૮૧ કરોડના ખર્ચે ટ્રાન્સપ્રોર્ટેશન અને કમર્શિયલ હબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની બહારથી આવતી આંતરરાજ્ય બસોના પ્રવેશ પર બહુ જલદી પ્રતિબંધ આવવાનો છે. મુંબઈના છેવાડે બંધ પડી ગયેલા દહિસર ઓક્ટ્રોય નાકાની જમીન પર ૧,૪૮૧ કરોડ રૂપિયાના ખર્ચે ટ્રાન્સપોર્ટેશન અને કમર્શિયલ હબનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય મુંબઈના એન્ટ્રી પોઈન્ટ પર જ ઈન્ટરસિટી અને ઈન્ટરસ્ટેટ બસને રોકી દેવાનો છે, જેનાથી શહેરમાં ટ્રાફિકની ભીડ ઘટાડવામાં મદદ મળશે. હબનું કામ આગામી બે વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તો માનખુર્દના ઓક્ટ્રોય નાકાના પુનર્વિકાસ માટે જાહેર-ખાનગી ભાગીદાર (પીપીપી) મોડેલની શોધ કરવામાં આવી રહી છે.

દહિસર ખાતે ૧૮,૬૦૪ ચોરસ મીટરના પ્લોટ પર બની રહેલું આ હબ મુંબઈ માટે એક મહત્ત્વનું

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં નીટ જેવું કૌભાંડ?

## ટોચના રેન્કરોના બોર્ડ માર્ક્સ અને એમએચ-સીઈટી સ્કોર્સમાં વિસંગતિઃ તપાસની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોંગ્રેસે મંગળવારે મહારાષ્ટ્ર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (એમએચ-સીઈટી)માં ગંભીર ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓમાં ખૂબ ઓછા ગુણ મેળવનારા વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગ અને અન્ય ટેકનિકલ અભ્યાસક્રમો માટે લેવામાં આવેલી સીઈટીની પરીક્ષામાં લગભગ સંપૂર્ણ ગુણ મેળવ્યા હતા.

કોંગ્રેસના નેતા સચિન સાવંતે જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષાઓમાં ઓછા ગુણ મેળવનારા ઓછામાં ઓછા ૨૨ વિદ્યાર્થીઓ એમએચ-સીઈટી ૨૦૨૫-૨૬માં ટોચના પ્રદર્શન કરનારાઓમાં હતા, તેમણે એવો દાવો કર્યો હતો કે ગેરરીતિઓનું પ્રમાણ નીટ-યુજી પેપર લીક કેસ જેવું જ હતું.

'ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં માંડ ૩૫થી ૪૦ ટકા મેળવનારા વિદ્યાર્થીઓએ એમએચ-સીઈટીમાં ૧૦૦ ટકા ગુણ મેળવ્યા છે. આ એક ગંભીર ગેરરીતિ છે અને તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ, એમ સાવંતે

(જુઓ પાનું ૪) ▸▸




**શૌર્ય ઝાંખી...:** મુંબઈને સુંદર બનાવવા માટે પ્રશાસન સતત પ્રયાસ કરી રહી છે ત્યારે કાંદિવલીના ફ્લાયઓવર નીચેની દીવાલ પર ભારતીય લશ્કરી દળની ઝાંખી દર્શાવતું સુંદર ચિત્ર બનાવવામાં આવ્યું છે. (અમય ખરાડે)

# શિલ્પા શેટ્ટીના પુણેના ક્લબમાં ખુલ્લેઆમ અશ્લીલ ચેનચાળા

## વીડિયો વાઈરલ થતાં કડક કાર્યવાહીની માગણી

પુણેઃ પુણેના મુંઢવા વિસ્તારમાં આવેલી 'બેસ્ટિયન' ક્લબ ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બની છે. હિન્દી ફિલ્મોની પ્રખ્યાત અભિનેત્રી શિલ્પા શેટ્ટી સાથે સંકળાયેલી આ હાઈ સોસાયટી ક્લબનો એક અશ્લીલ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં કેટલાક યુવક-યુવતીઓ જાહેર સ્થળે અશ્લીલ વર્તન કરતા જોવા મળી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાને કારણે પુણેનું પબ કલ્ચર અને નાઇટ લાઇફ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે.

વાયરલ વીડિયોમાં મોટેથી સંગીત, ડાન્સ ફ્લોર પર ભીડ અને નશામાં ધૂત લોકો એવું એકંદર વાતાવરણ જોવા મળે છે. કેટલાક યુવક-યુવતીઓ ક્લબમાં સોફા પર બેસીને બધાની સામે અશ્લીલ ચાળા કરતા દેખાય છે. રસપ્રદ વાત એ છે કે એ સમયે ક્લબમાં સેંકડો લોકોની હાજરી છે.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર મોટા પ્રમાણમાં શેર થઈ રહ્યો છે. અનેક લોકોએ તીવ્ર નારાજગી વ્યક્ત કરી છે. જાહેર સ્થળ પર આવા અશ્લીલ વર્તન અંગે નાગરિકો અને વાલીઓ રોષ વ્યક્ત કરી રહ્યા છે. આવા વાતાવરણની યુવા પેઢી પર નકારાત્મક અસર પડી શકે છે એવી ચિંતા અનેક લોકોએ વ્યક્ત કરી છે.

મુંઢવા વિસ્તારની બેસ્ટિયન ક્લબ પહેલા પણ વિવિધ કારણોસર સમાચારમાં ઝળકી છે. સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ પોલીસ અને વહીવટીતંત્રને આ બાબતની ગંભીર નોંધ લેવાની અને તેની તપાસ કરવાની અને સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.■

સુનેત્રા પવારનું મોટું પગલું!

# ત્રણ નેતાઓની અચાનક એનસીપી રાષ્ટ્રીય કારોબારીમાં એન્ટ્રી

મુંબઈઃ અજિત પવાર જૂથની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીને લઈને પાર્ટીમાં વિવાદ ચાલી રહ્યો હોવાની ચર્ચા છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી પ્રમુખ સુનેત્રા પવાર દ્વારા ચૂંટણી પંચને મોકલવામાં આવેલી કારોબારીની યાદીમાં પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરેના નામનો સમાવેશ ન થયાનું પ્રકાશમાં આવતા હોબાળો મચી ગયો હતો. હવે એનસીપી કારોબારીમાં ત્રણ નવા નામોનો સમાવેશ કરવામાં આવશે. પાર્ટીના યુવા નેતા સૂરજ ચવ્હાણે સોમવારે પાર્ટીમાં સંગઠનાત્મક ફેરફારો અંગે મોટો સંકેત આપ્યો હતો. હવે

(જુઓ પાનું ૪) ▸▸

### પટેલ અને તટકરેનું શું થશે?

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, શું આ નવી નિમણૂકોને પગલે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પ્રફુલ્લ પટેલ અને પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરેની વર્તમાન ભૂમિકાઓમાં કોઈ ફેરફાર થશે? જોકે, પાર્ટીના જણાવ્યા અનુસાર, પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરેનું સ્થાન રાષ્ટ્રીય સ્તરે કાયમ રહેશે. ૨૯ એપ્રિલે ચૂંટણી પંચને મોકલવામાં આવેલી યાદીમાં આ બંનેના નામનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. બાદમાં પાર્ટીએ સ્પષ્ટતા કરી કે આ એક ટેકનિકલ ભૂલ હતી. એવું કહેવામાં આવ્યું હતું કે પટેલ અને તટકરેના નામનો સમાવેશ કરવા અંગેનો પત્ર ચૂંટણી પંચને મોકલવામાં આવશે. હવે બધાનું ધ્યાન એ વાત પર છે કે શું પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરેના નામ ત્રણ નવા નામો સાથે સામેલ કરવામાં આવશે. ■

# એનસીપીનો ગુલાબી રંગ ભુંસાઈ ગયો? સુનેત્રા પવારે રોક્યા નવા 'ચાણક્ય'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપી હવે નવી રાજકીય રણનીતિ માટે મોટું પગલું ભરવાની તૈયારી કરી રહી હોવાનું જાણવા મળ્યું છે. હવે 'ડિઝાઇન બોક્સ' પછી, પાર્ટી આઈ-પેક નામની સંસ્થાની નિમણૂક કરશે. અજિત પવારને ગુલાબી રંગ સાથે લોકપ્રિય બનાવનારા નરેશ અરોરાને પડતા મૂકીને તમિળનાડુમાં વિજય થલપતિ માટે ચમત્કાર કરનારા પ્રશાંત કિશોરને હવે સુનેત્રા પવારના નેતૃત્વ હેઠળની એનસીપીને રાજ્યમાં આસમાન પર લઈ જવાની જવાબદારી સોંપવામાં આવી છે એવું કહેવાઈ રહ્યું છે. આ માટે પ્રશાંત કિશોર સાથે પાર્થ પવાર અને સુનેત્રા પવારની સોમવારે સવારે લગભગ બે કલાકની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ બેઠક પછી જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરી લેવામાં આવી હતી અને એવું જાણવા મળી રહ્યું છે કે આગામી બે દિવસમાં કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ, એવું કહેવામાં આવી રહ્યું છે કે આઈ-પેક એનસીપી માટે સત્તાવાર રીતે કામ કરવાનું શરૂ કરશે. ■

### પાર્થ પવારે દાવાનું ખંડન કર્યું

રાજ્યસભાના સાંસદ અને એનસીપીના નેતા પાર્થ પવારે પ્રશાંત કિશોરના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે કામ કરવાના દાવાને નકારી કાઢતા કહ્યું કે તેમણે તેમને ઘરે રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું હતું. પાર્થ પવારે સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં એવી પણ સ્પષ્ટતા કરી હતી કે પ્રશાંત કિશોરને રાજકીય સલાહકાર ક્ષેત્રમાંથી નિવૃત્ત થયાને થોડા વર્ષો થઈ ગયા છે. અમે હંમેશા એકબીજા માટે અડગ રહ્યા છીએ અને ભવિષ્યમાં જ્યાં પણ જરૂર પડશે ત્યાં એકબીજા માટે તૈયાર રહીશું.

'પ્રશાંત કિશોર અમારા મિત્ર છે અને મારા ભાઈ જેવા છે. દાદા (અજિત પવાર)ના સમયથી જ અમારા તેમની સાથે

(જુઓ પાનું ૪) ▸▸

# વિક્રોલી-જોગેશ્વરી લિંક રોડથી નવા પ્રસ્તાવિત મિસિંગ લિંકની આડે આવતાં ૮૭ બાંધકામનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડથી નવા લિંક રોડ પર પ્રસ્તાવિત મિસિંગ લિંક પ્રોજેક્ટમાં અનેક બાંધકામ અડચણરૂપ બની રહ્યા છે. તેથી મિસિંગ લિંકનું કામ અટવાઈ પડયું હતું.

છેવટે પાલિકાના કે-પશ્ચિમ વોર્ડ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મંગળવારે ૮૭ બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા. આ બાંધકામને દૂર કરવાની સાથે જ બહુ જલદી મિસિંગ લિંક રોડનું કામ શરૂ કરવામાં આવશે એવુ પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડથી નવો લિંક રોડ (ફેઝ-વન) પ્રસ્તાવિત મિસિંગ લિંક માટે કામ શરૂ કરવમાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં ફેઝ-વન ને ફેઝ-ટૂ પૂરો થયા બાદ બેહરામ બાગ પરિસરમાં ઉત્તર-દક્ષિણ દિશાના ટ્રાફિકમાં મોટા સુધારો થવાની અપેક્ષા છે. તેમ જ અંધેરી વીરા દેસાઈ એક્ટેન્શન રોડની સાથે જ બેહરામ બાગ રોડનો ટ્રાફિક ઘટવામાં મદદ મળશે. પ્રસ્તાવિત રોડના બાંધકામમાં ઓશિવરા પરિસરના બાંધકામને કારણે અડચણ નિર્માણ થઈ હતી. તેથી ૮૭ બાંધકામને મંગળવારે તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં ૮૬ રહેણાંક અને એક કમર્શિયલ બાંધકામનો સમાવેશ થાય છે. તેમાંથી ૨૯ બાંધકામ પાત્રતા ધરાવતા બાંધકામ અને ૫૮ અપાત્ર બાંધકામ હતા.

પાલિકાના કે-પશ્ચિમ વોર્ડ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ બાંધકામ સામે કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં બે પોકલેન, ત્રણ જેસીબી અને અન્ય વાહનોનો સમાવેશ થાય છે. ■

# મુંબઈને ડૂબતી બચાવશે ૧૬ નાના-મોટા પપિંગ અને ૫૫૦ ડી-વોટરિંગ પંપ

## નાગરિકોને મળશે ૪૮ કલાક પહેલા ભારે વરસાદનું અલર્ટ

મુંબઈઃ ચોમાસાની તૈયારીરૂપે ૧૫ મેથી જ મુંબઈમાં છ મોટા અને ૧૦ નાના પપિંગ સ્ટેશન શરૂ કરી દેવામાં આવ્યા છે. તો ૫૫૦થી વધુ ડી-વૉટરિંગ પંપ તહેનાત કરવામાં આવવાના હોવાની જાહેરાત પાલિકા પ્રશાસને કરી છે. આ દરમ્યાન આ વર્ષથી નાગરિકોને ૪૮ કલાક પહેલા જ ભારે વરસાદ માટેની

(જુઓ પાનું ૪) ▸▸

ચારધામ યાત્રા
ઉત્તર પ્રદેશ યાત્રા
•••• મહારાજ સાથે ••••
Heena Tours & Travels
9930092741 / 9137890531

# ગુરુવારે થાણેમાં ૨૪ કલાક પાણી પુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશનના પાણીપુરવઠા યોજના અંતર્ગત જાંભૂળ વોટરફિલ્ટરેન કેન્દ્રના જળાશય અને બારવી બંધમાંમાં તરફથી કરવામાં આવતા પાણીપુરવઠામાં શટડાઉન કરવામાં આવવાનું હોવાથી થાણેના અમુક વિસ્તારમાં પાણી બંધ રહેશે. ગુરવાર બપોરના ૧૨ વાગ્યાથી શુક્રવાર બપોરના ૧૨ વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રહેશે.

સંભવિત 'સુપર અલ નિનો'ની અસર હેઠળ ચોમાસું નબળું જવાની શકયતા વચ્ચે પીવાના પાણીનું સંકટ નિર્માણ થઈ શકે છે. તેથી થાણે પાલિકા દ્વારા શહેરમાં તબક્કાવાર અઠવાડિયામાં ૨૪ કલાક માટે પાણીકાપથી લઈને વાહનો ધોવા સહિતના અનેક પ્રતિબંધો મૂકી દેવામાં આવ્યા છે. તેમ જ નાગરિકોને પણ પાણીનો જતનપૂર્વક વાપરવાની અપીલ કરવામાં આવી છે.

ચોમાસું નબળું જવાની શકયતાથી પાણીની અછત, ગરમીના વધતા પ્રમાણ જેવી આપાતકાલીન પરિસ્થિતિનો સામનો કરવા માટે થાણે પાલિકા પ્રશાસન દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે, જેમાં મંગળવારે થાણે પાલિકા કમિશનરે પાણીપુરવઠા વિભાગ સહિતના સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠક યોજીને બંધમાં ઉપલબ્ધ રહેલા પાણીના જથ્થા, વધતા તાપમાન અને ઓછા વરસાદને કારણે શહેરમાં પાણીપુરવઠાને થનારી અસર જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પાણીની અછતને ધ્યાનમાં રાખીને પાણીનું ગળતર અને પાણીની ચોરી અટકાવવાથી લઈને પાણીકાપ વગેરે ઉપાયોને અમલમાં મૂકવાનો નિર્દેશ

(જુઓ પાનું ૪) ▸▸

મહારાષ્ટ્ર સરકારની પરમાણુ ઊર્જા ઉત્પાદનની યોજના

# ૬,૫૦,૦૦૦ કરોડ રૂપિયાના કરાર, ૧.૨૫ લાખ નોકરીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને ઉર્જા સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા અને દેશમાં શૂન્ય કાર્બન ઉત્સર્જન પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. મહારાષ્ટ્ર આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે સ્વચ્છ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રમાં રાજ્યમાં આવનારાં રોકાણ ચોક્કસપણે દેશને ઉર્જા સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવાની શક્તિ આપશે. તેમણે એવી પણ ખાતરી પણ આપી હતી કે રાજ્યમાં પરમાણુ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રમાં રોકાણ કરવામાં રસ ધરાવતી કંપનીઓને સરકાર સંપૂર્ણ સહયોગ આપશે.

મંત્રાલય ખાતે યોજાયેલી બેઠકમાં ચાર કંપનીઓએ પરમાણુ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રમાં રાજ્ય સરકાર સાથે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આમાં એનટીપીસીએલ (નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ), અદાણી પાવર કંપની, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, લલિતપુર પાવર જનરેશન કંપની લિમિટેડ (બજાજ ઇન્ડસ્ટ્રીઝ ગ્રુપ)નો સમાવેશ થાય છે. આ બેઠકમાં પરંપરાગત ઉર્જા મંત્રી અતુલ સાવે, ઉર્જા વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી આભા શુક્લા, એનટીપીસી લિમિટેડના ચીફ જનરલ મેનેજર એ.પી. સામલ, અદાણી પાવર કંપનીના બિઝનેસ હેડ વિવેક શર્મા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ન્યુક્લિયર એનર્જી બિઝનેસના પ્રમુખ રંજય શરણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્યમાં સ્વચ્છ

(જુઓ પાનું ૪) ▸▸

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડવા ગ્રીન બોન્ડથી પાલિકા મૂડી ઊભી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ તેના લાંબાગાળાની પર્યાવરણીય અને શહેરી વ્યૂહરચનાના ભાગરૂપે ગંદા પાણીના શુદ્ધિકરણ સહિતના અન્ય માળખાગત પ્રોજેક્ટને ભંડોળ પૂરું પાડવા માટે ગ્રીન બોન્ડ દ્વારા કેપિટલ બજારનો ઉપયોગ કરવામાં આવવાનો છે. પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ જણાવ્યું હતું કે પાલિકાએ ડિસેમ્બર અંત સુધીમાં પોતાના ગ્રીન બોન્ડ બહાર પાડવાની તૈયારી કરી લીધી છે. પાલિકાના ૨૦૨૬-૨૭ના બજેટમાં આવક ઊભી કરવાના વૈકલ્પિક સ્રોત તરીકે ગ્રીન બોન્ડ બહાર પાડવાની જાહેરાત કરી હતી, તે મુજબ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**